# સંશોધન સારસંગ્રહ

(જાન્યુઆરી ૨૦૦૨ થી માર્ચ ૨૦૦૩ સુધી)

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૦૨-૨૦૦૩

| ક્રમ | સંશોધન અભ્યાસનું નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | આદિવાસીઓમાં જમીન ફેરબદલીની સમસ્યા | ૧ |
| ૨. | પંચાયતનો નવો ધારો અને તેનું અમલીકરણ (ભુરિયા સમિતિની ભલામણોને અનુલક્ષીને) | ૧૪ |
| ૩. | નાયક-નાયકા જાતિ તપાસ (છોટાઉદેપુર તાલુકાના તુરખેડા અને નસવાડી તાલુકાના કડદા અને ફેરકડા ગામને ધ્યાનમાં રાખીને) | ૧૯ |
| ૪. | ગોધરા કાંડ પછી ગુજરાતમાં ભડકેલ કોમી તોફાનોમાં આદિવાસી વિસ્તારના જિલ્લાઓમાં થયેલ કોમી તોફાનોની તપાસ | ૨૪ |
| ૫. | માથે મેલુ ઉપાડવામાંથી મુક્તિ અને પુનઃવસવાટ (પોરબંદરના સફાઈ કામદારોના સંદર્ભમાં) | ૨૭ |
| ૬. | ગુજરાતની એક અજાણી જાતિ :બોરપી (સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ) | ૩૩ |
| ૭. | આદિવાસીઓની ભૂકંપ પછીની સ્થિતિ (કચ્છ) | ૪૩ |
| ૮. | આદિમજૂથ વસતિ ગણતરી અભ્યાસ (અંગ્રેજી) | ૫૧ |
| ૯. | સાત ફેરા સમૂહ લગ્ન યોજના મૂલ્યાંકન અભ્યાસ | ૬૧ |
| ૧૦. | આદિવાસી વિસ્તારમાં નિરાધાર વિધવા સહાય તથા વૃદ્ધ પેન્સન યોજનાનો યથાસ્થિતિ અભ્યાસ | ૬૭ |
| ૧૧. | બરોડીયા જાતિ તપાસ (અમદાવાદના સંદર્ભમાં) | ૭૫ |
| ૧૨. | આદર્શ નિવાસી શાળા મૂલ્યાંકન અભ્યાસ (અંગ્રેજી) | ૭૮ |
| ૧૩. | આદિવાસી વિસ્તારમાં એકસાઈઝ પોલીસી | ૮૫ |
| ૧૪. | ઓડ જાતિ તપાસ | ૮૯ |

# આદિવાસીઓમાં જમીન ફેરબદલીની સમસ્યા

અરૂણભાઈ ભા. પટેલ

આપણે ત્યાં સ્વતંત્રતા હાંસલ કર્યા પછીના સમયગાળામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના સમાજજીવન અને સમસ્યાઓના વિષયોમાં સારું એવું ખેડાણ થયાની પ્રક્રિયા ચાલુ રહી છે. રાજ્યની અનુસૂચિત જનજાતિઓ એટલે કે આદિવાસીઓની વિવિધ જાતિઓના સંદર્ભમાં ઊંડાણથી સંશોધન કરવાનું કાર્ય ચાલુ છે. આદિવાસીઓ અને તેની અર્થવ્યવસ્થાને જળ, જમીન, જંગલના હક્કો સાથે ગાઢ સંબંધ છે. અને આમાં દિનપ્રતિદિન કેટલીક સમસ્યાઓ વધતી ઓછી દેખાય છે. તેમાંથી જમીન વિષયકમાં આદિવાસી ખાતેદારો પાસેથી જમીન ઘટતી જાય છે. જમીન ઘટવાના મુખ્ય બે કારણો છે. (૧) વારસાઈની રીતે જમીનના ભાગલા પડવાથી જમીનના બટવારા થાય છે. (૨) જમીન વેચવાથી અથવા બીજાને ગમે તે રીતે આપવાથી જમીન ઓછી થાય છે. આમ આદિવાસી વિસ્તારની જમીન આદિવાસીઓ પાસેથી ઓછી ન થાય તે માટે સરકારે ૧૯૮૧થી ૭૩ એએની કલમ પ્રમાણે પ્રતિબંધ મુક્યો છે. છતાં એક યા બીજા પ્રકારે જમીન તબદીલ થયાના કિસ્સાઓ નોંધાયા છે. તો તે કેવી રીતે બને છે, કેવા સંજોગોમાં થાય છે, આવી જમીન કોણ લે છે વગેરે બાબતોને તપાસમાં આવરી લીધી છે.

આ તપાસ માટે આદિવાસી વિસ્તારના તમામ જિલ્લાઓના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ પાસેથી જમીન ફેરબદલીના કિસ્સાઓ સંદર્ભે પત્ર વ્યવહાર દ્વારા ત્રણ વખત પ્રયત્ન કર્યો હતો. જેમાંથી માત્ર બે જિલ્લાઓની પ્રાથમિક માહિતી મળી શકી હતી. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના વાપીની આસપાસના ગામોમાં ઔદ્યોગિક વિકાસના કારણે જમીનોની મોટી માંગ છે, તે રીતે ત્યાં જમીન ફેરબદલીના કિસ્સાઓ વધારે જોવા મળશે તથા દાંતા તાલુકામાં અંબાજી તિર્થધામ હોવાને કારણે અને મારબલ ઉદ્યોગ હોવાના પરિણામે આદિવાસીઓની જમીનો ઘણી ગઈ છે. તેવી માહિતીના આધારે આ બંને વિસ્તારો પસંદ કરાયા હતા અને તે રીતે જમીન ફેરબદલીના જુદા જુદા પ્રકારના કિસ્સાઓના વૈયક્તિક અભ્યાસના આધારે અહીં તેની ફલશ્રુતિ રજુ કરી છે.

આર્થિક વિકાસની પ્રક્રિયાને લીધે આદિવાસીઓના જમીન અને જંગલો પરના રૂઢિગત હક્કો ધીમે ધીમે નાબૂદ થયા છે. જયારે એક બાજુએથી પરાપૂર્વથી એમના સાંસ્કૃતિક જીવનના મોટા ભાગના વ્યવહારો જમીનની આસપાસ રચાયેલા છે. ત્યારે બીજી બાજુએ કાયદાની છટકબારીએ અને ધારાઓના ખામીયુક્ત અમલને લીધે તેમજ વેપારીઓ અને શાહુકારોના શોષણને લીધે આદિવાસીઓ જમીન પરનો પોતાનો ભોગવટા હક્ક ગુમાવી રહ્યા છે. પરાપૂર્વથી ચાલી

આવતી તેમની માન્યતા મુજબ ધરતીમાતા જ તેમનું પોષણ કરે છે, જમીન તેમને સલામતીની ભાવના આપે છે, અને સાથોસાથ આજીવિકાનું સાધન પણ પુરૂ પાડે છે. ઘણી આદિમ જાતિઓ આજે પણ જમીનને માત્ર એક આજીવિકાનું સાધન ગણતી નથી પરંતુ પોતાના જીવનનું એક અગત્યનું અંગ માને છે. આમ આદિવાસી વિસ્તારોમાં સૌથી વધારે અગત્યનો પ્રશ્ન તેમની જમીન પરની માલિકી એટલે કે જમીન પરના હક્ક અને ભોગવટાનો છે. આ સમસ્યા માત્ર આર્થિક કે રાજકીય નથી પરંતુ ઘણી પાયાની છે કે જયાં આર્થિક, સામાજિક, રાજકીય તેમજ નૈતિક પાસાંઓને પણ ધ્યાનમાં લેવા ઘટે. સદ્દભાગ્યે કેન્દ્ર અને રાજય કક્ષાએ આ ગંભીર સમસ્યાને રોકવા અને આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓના હાથમાં જતી રોકવા માટે કાયદાઓ ઘડવામાં આવ્યા છે. જુદા જુદા રાજ્યોમાં આદિવાસીઓની જમીનના હક્કોની જાળવણી માટે બે પ્રકારના ધારાઓ ઘડવામાં આવ્યા છે. (૧) આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓના હાથમાં જતી રોકવા માટેના ધારાઓ અને (૨) આદિવાસીઓને જમીન માલિકી હક્ક આપવા માટે અને જાળવવા અંગેના ધારાઓ.

ગુજરાત રાજયમાં પણ આદિવાસીઓની જમીન હક્કની જાળવણી અંગે વખતોવખત જુદા જુદા ધારાઓ ઘડવામાં આવ્યા છે. ૧લી એપ્રિલ ૧૯૫૭થી "ખેડે તેની જમીન"નો કાયદો થયા પછી અનુસૂચિત જનજાતિઓના ઘણા લોકો જમીન માલિક બન્યા છે. પરંતુ વાસ્તવમાં જમીન બિનઆદિવાસી લોકોના હાથમાં એક યા બીજી રીતે જતી રહી હોય તેવું પણ બન્યું છે અને બનતું રહે છે. જમીન ધારાઓમાં રહેલી છટકબારીઓ અને તેના અમલની નબળાઈઓને લીધે આમ બનવા પામ્યું હોય એવો સંભવ છે.

ગુજરાત રાજયના દરેક વિસ્તારમાં કે જયાં મુંબઈ રાજયનો ગણોતધારો અને ખેતી વિષયક ધારો લાગુ પડે છે તેવા વિસ્તારમાં કોઈ પણ પ્રકારની ખેતીવિષયક જમીન બિનખેડૂતને નામે ફેરબદલી કરી શકાય નહી. રાજયના ૧૯૬૧ના કાયદા હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને આપવામાં આવેલ પડતર સરકારી જમીન કલેકટરની પૂર્વમંજૂરી સિવાય બીજાના નામે ફેરબદલી કરી શકાય નહીં. મુંબઈ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ હેઠળ રાજય સરકારે ૧૯૬૧માં અનુસૂચિત વિસ્તાર માટે એક જુદી નિવેદિકા (Notification) બહાર પાડેલ, આ નિવેદિકા મુજબ અનુસૂચિત વિસ્તારનાં ગામોમાં અનુસૂચિત જનજાતિના લોકો તેમની ખેતીવિષ્યક જમીન બિનઆદિવાસી લોકોને વેચાણ, ગીરો કે બક્ષીસ આપી શકતા નથી. વેચાણ, ગીરો કે બક્ષીસ આપતા પહેલાં કલેકટરની પૂર્વમંજૂરી મેળવવાની શરત છે. કેટલાક સંજોગોમાં આવી મંજૂરી આપવામાં આવે છે.

In all the areas of Gujarat where the Bombay Tenancy and Agricultural Lands Act was applicable, transfer of agricultural land to non agriculturist has been prohibited under the relevant rules framed by the State Government in1961, Government Lands alloted to the Scheduled Castes and Scheduled Tribes cannot be transferred without the previous permission of the competent authority. A separate notification for Scheduled Areas was also issued by the State Government in 1961, under the Bombay Land Revenue Code, 1879 and has now become applicable to the Scheduled Tribes in all these villages in the Scheduled Areas of the state in which survey settlement under the said code has not been introduced. According to this notification, transfer of land from tribals to non-tribals has been improhibited, without the permission of the Collector'

Notification No. LNO-3961/41509-G Agriculture and Lands Department, Sachivalaya, Ahmedabad dated the 4th April, 1961.

**પ્રવર્તમાન પડકારો :**

બજાર આધારિત ખેતીના વિકાસે કૃષિ ક્ષેત્રે શેરડી, કપાસ, તમાકુ જેવા રોકડીયા પાકોના વાવેતરને પ્રોત્સાહન પુરૂં પાડ્યું અને આ કારણે જમીનની માંગ અને કિંમતમાં વધારો થયો. રાજ્યના ઔદ્યોગિક વિકાસને ૧૯૯૧ની નવી આર્થિક નીતિએ વેગ આપ્યો અને આદિવાસી વિસ્તારોની જમીનો અને કુદરતી સ્ત્રોતોની માંગ વધારી. ભારત સરકાર ઉદ્યોગોનું વિસ્તૃતિકરણ પ્રક્રિયાનું અનુશાસન કરવા પ્રયત્ન કરી રહી છે. જેથી દેશના પછાત વિસ્તારોને પ્રોત્સાહન આપી શકાય. આમ નવી આર્થિક નીતિના અમલીકરણ માટે ગુજરાત સરકારે પણ સાહસિકોને પ્રોત્સાહન આપવા આદિવાસી વિસ્તારોમાં નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા પ્રોત્સાહક પ્રયત્નો કર્યા છે. ઔદ્યોગિક સંસ્થાપન માટે ૩૧મી માર્ચ ૧૯૮૩થી આદિવાસી વિસ્તારોમાં સહાય ઉપરાંત રાહતના દરે રાષ્ટ્ર તરફથી મળતી નાણાંકીય સહાય મેળવવા પાત્ર છે. આમ આદિવાસી વિસ્તારની ખેતીની જમીનમાં ઉદ્યોગો તથા વ્યાપારીકરણને પરિણામે અને સિંચાઈ યોજનાઓના હેતુઓ સિદ્ધ કરવામાં આદિવાસીઓ પોતાની જમીન પરના હક્કો ગુમાવતા ગયા છે. જમીન અને જંગલો એ બંને આદિવાસીઓ માટે આજીવિકાના અગત્યના સ્ત્રોતો અથવા સાધનો છે. સ્વાતંત્ર્ય પછી

આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓના હાથમાં મોટા પાયે સરકતી રહી છે. જે વસતિ ગણતરીના અહેવાલો જોવાથી ખ્યાલ આવશે. આદિવાસીઓની જમીન ફેરબદલી અથવા તબદીલી માટે કેટલાંક જવાબદાર પરિબળો છે જેમાં,

(૧) દેવાની સરભર કરવાના હેતુથી નાણાં ધીરનાર અને શ્રીમંત આદિવાસીઓ ગરીબોની જમીન પર માલિકી હક્ક પ્રાપ્ત કરી લે છે.

(૨) જમીન આધારિત યોજનાકીય લાભ મેળવવા ખેતી વિષયક ધીરાણ મંડળીઓ અને બેંકો દ્વારા જે દેવાં કરવાં પડતાં હતાં અને તેના સરભર પેટે આદિવાસીઓની જમીનનું જાહેર લીલામ થતું હોય છે.

(૩) ખાનગી લોકોને નામે જમીન તબદીલ કરવા ઉપરાંત કેટલીક યોજનાઓના વિકાસ માટે સરકારે વધારાની આદિવાસીઓની જમીનનો ઉપયોગ કરવાનો વિચાર કર્યો છે.

આદિવાસીઓની જમીન બિનઆદિવાસી કે શાહુકારો પાસે ન જાય તે માટે તા.૧-૨-૧૯૮૧થી નવો જમીન મહેસુલ ધારો ૭૩એએ, ૭૩એબી, ૭૩એસી અને ૭૩ એડી અમલમાં આવ્યો અને આવી જમીન તબદીલીના કિસ્સાઓને જે તે જિલ્લા કલેકટરની પરવાનગી વગર વેચી શકાય નહીં. આવા નિયંત્રણથી મોટાભાગના કેસોમાં જમીન જતી અટકી શકી છે. પણ આવી કલમ કે ધારો હોવા છતાં કેટલીક છટકબારીઓ દ્વારા જે જમીન તબદીલ થાય છે તે અવગણ્ય છે. જેમ કે નવી શરતની જમીન હોય તો તેને જમીન મહેસુલ ધારાની કલમ ૪૩ અને ૬૩ની પરવાનગી મેળવવા માટે ૬૦ પટ પ્રિમીયમ ભરીને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવે છે. ત્યારબાદ એન.એ. કરાવવામાં આવે છે અને તે રીતે જૂની શરતવાળી જમીન તબદીલી થઈ શકે છે.

કેટલીક જગ્યાએ આદિવાસીઓની જમીનો બિનઆદિવાસીઓએ નજીવી રોકડ રકમ આપી ખાનગી દસ્તાવેજ પર લઈ લીધેલ હોય છે. રેકર્ડમાં આદિવાસીના નામે જમીન હોય અને ભોગવટો બિનઆદિવાસી ભોગવતો હોય તેવા ઘણા કિસ્સાઓ છે. જમીન પાછી જોઈતી હોય તો પણ તેઓને મળતી નથી. તેમાં ધાક, ધમકી, પોલીસ કેસ, મારામારી વગેરે થાય છે. આ ગરીબ, અભણ આદિવાસી પાસે જમીન પાછી મેળવવા માટે કાનૂની કે પોલીસ કેસથી બચવા માટે પૈસા નથી, તેથી દશકાઓના દશકાઓ સુધી પોતાની જમીનનો ભોગવટો મળતો નથી. આ રીતે જમીન પચાવી પાડનારને જેલ/ દંડ થવો જોઈએ. તથા પોલીસ ખાતા તરફથી પણ આદિવાસીને પૂરતું રક્ષણ મળે તેવું ગોઠવવું જાઈએ. અત્યારે ઉલટું ચાલે છે. પૈસાના જોરે બિનઆદિવાસી ફરીયાદ કરે તો આદિવાસીની ધરપકડ કરી પૂરી દેવામાં આવે છે.

દાંતા તાલુકાના અંબાજીની આસપાસ ચીખલા, જેતવાસ, કુંભારીયા, પાનછા વગેરે ગામોની જમીનમાં જમીન ફેરબદલીના ઘણા કિસ્સાઓ બન્યા કરે છે. ત્યાંના આદિવાસીઓ જમીન પર થોડીઘણી નાની રકમ મેળવતા. આમ જમીન ગીરો તરીકે મૂકી જમીનનો ખેડહક્ક સોંપતા. બહારથી આવી વસેલા રાજસ્થાની કે અન્ય ગુજરાતીઓ પોતાના ધંધા માટે આવીને જમીન પર નજક રાખતા અને તે રીતે મારબલના ઉદ્યોગ કે અન્ય ધંધા માટે તથા ખેતી માટે પણ આવી જમીન હડપ કરવાની પેરવીમાં રહેતા. ભોળા આદિવાસીઓની જમીન ગીરો રાખ્યા પછી તે ખેડ્યા જ કરે અથવા પોતાનો ધંધો કર્યા કરે. જયારે આદિવાસી જે તે રકમ પાછી આપવા જાય ત્યારે તે પરત રકમ લેવાનો આગ્રહ રાખતા નથી. અને જમીન મને મળી ગઈ છે તેમ કરી ગમે તેવું બોલીને કે મારવાની ધમકી આપી પૈસાના જોરે ખોટા પોલીસ કેસ કરી ચેપ્ટર કેસ તૈયાર કરી તેઓની ધરપકડ કરાવવામાં આવે છે. આ ધરપકડ થવાથી તેને જામીન પર છુટવાનો વારો આવે છે. અને ફરી તે જમીનમાં જાય તો જામીનને પકડી કસ્ટડીમાં લેવાથી કોઈ જામીન ફરી બને નહીં તે બીકથી જમીન બાજુ જવાતું નથી. આવા ખોટા કેસમાં લુંટફાટનો કેસ તૈયાર કરવામાં આવે છે. જેમ કે કૂવા પરનું એન્જીન તોડી નાંખ્યું, પાક નુકશાન કે કોઈ વસ્તુની ચોરીનો આરોપ મુકવામાં આવે છે. આમ નજીવી રકમની ગીરો જમીન લીધેલ હોય તો બાપદાદા પછીની પેઢીની રાહ જોઈ પૈસાના જોરે જમીન હડપ કરવાની તરકીબો અજમાવાય છે. કેટલાક કિસ્સાઓમાં જમીન તબદીલીના પુરાવા માટે મામલતદાર કચેરી દ્વારા જે તે ખાતેદારોને મોકલવામાં આવતી ટપાલ સમયસર મળતી નથી તેવું કેટલાક ઉત્તરદાતાઓનું કહેવું છે. તથા ક્યારેક તારીખ વગરનો પરિપત્ર હોય અથવા મુદતની તારીખ જે દર્શાવી હોય તે સુધારેલી હોય અથવા ચેકચાક કરેલી હોય વગેરે બિના બને છે. આ સંજોગોમાં જે તે ખેડૂત મુદતોમાં હાજર ન રહે અને અંતે જે તે કેસનો એક તરફી નિર્ણય લેવાય છે. આમ ખરેખર દર વખતે ટપાલો સમયસર ન મળતી હોય તો તે વિચારવા જેવી બાબતો છે. અને અંતે તેનો ભોગ આદિવાસીઓ બને છે.

આ વિસ્તારના કેટલાક કિસ્સાઓમાં જમીન વેચવાની પરવાનગી મળી છે. તેઓના દસ્તાવેજના આધારે સરકારી રેકર્ડમાં જે જમીનની કિંમત ઘણી ઊંચી જોવા મળે છે. જયારે ખરેખર જમીન વેચનાર આદિવાસી પાસેથી જાણવા મળ્યા પ્રમાણે લગભગ પાંચમા ભાગની જ રકમ મળી હોય છે. તો જમીનની કિંમત અંગે મોટી વિસંગતતા અંગે ગંભીરતાથી વિચારવું જોઈએ. અભણ આદિવાસી ખાતેદારને લાલચ આપી અંગૂઠાના નિશાન કરાવી તેને બિનઆદિવાસી લોકો છેતરે છે.

અમીરગઢ તાલુકામાં કેટલાંક ગામોમાં મુસલમાનની સારી વગ છે. તેઓ અમુક ગરીબ-ભોળી-અભણ વ્યક્તિને પારખી લઈ સારાં સંબંધો વિકસાવીને જમીનમાં પગપેસારો કરે છે. ગરીબ અભણ વ્યક્તિ ખાતર લેવા આવે ત્યારે ખાતાવહીનો ઉપયોગ થાય છે. તે વખતે આવા લોકો ખાતાવહી સાચવવાની લાલચ આપી પોતાની પાસે રાખે છે અને આ પ્રજાને થોડી ઘણી નાની મોટી રોકડ રકમની જરૂર હોય તો મદદ પણ કરે છે તે રીતે તેઓને વિશ્વાસમાં લઈ મૂળ જમીન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. સમય જતાં કે જમીન માલિક/ડોસો ગુજરી જાય ત્યાર બાદ મોકો શોધી આવી જમીન હડપ કરી લે છે. પોતાનું નામ ના હોય તો પણ જબરજસ્તીથી જમીન પચાવી પાડ્યાના થોડાક કિસ્સાઓ જોવા મળ્યા છે. પોતાની જમીનની આસપાસ આદિવાસીની જમીન હોય તો તેમાં પણ પગપેસારો કરવાની વૃત્તિ જોવા મળે છે. વખત આવ્યે પાણીપત્રક કે મામલતદારની કચેરીએ પોતાની સદ્ધરતાથી જમીન નામે કરવામાં ચાલાકી અજમાવે છે અને ડોસો અંગુઠો પાડી ગયો છે તેમ પણ કહીને જમીનનો કબજો ભોગવી લે છે. કેટલાકને તો ધાકધમકીની બીકે જમીન જતી કરી દેવી પડી છે અને વધારે જમીન બીજી લઈ લઈશું તેવી બીકથી જે ગઈ છે તે પણ પાછી લઈ શકાતી નથી. પોતાની પાસે પૈસા નથી માટે કેસ કે સ્ટે લાવી શકે તેમ પણ નથી. આમ ગરીબીમાં જીવતી આ પ્રજાની જમીનનું એક પ્રકારનું અપહરણ જોવા મળે છે. આ વિસ્તારમાં ગરીબ લોકો પાસેથી શાહુકારો તથા ખાનગી ધીરધારવાળાઓ અનેક ઘણું વ્યાજ લુંટી લે છે.

વલસાડ જિલ્લાના કેટલાક તાલુકા મામલતદારોનું કહેવું છે કે જમીન ફેરબદલી થાય તો દાદરાનગર હવેલી વિસ્તારના આદિવાસીઓની જે હાલત થઈ તે થાય. જમીનના પૈસા વધારે મળે પણ તેનો ઉપયોગ વ્યવસ્થિત ન થાય તો પાછળની પેઢી જમીન વગરની થઈ જાય. એક મત એવો પણ દર્શાવ્યો હતો કે ૭૩ એએના અમલથી એક પ્રકારનું શોષણ થઈ રહ્યું છે તેવું લાગે છે. કારણ કે જે તે આદિવાસી જમીન વેચી શકતો નથી તથા તેની ઊંચી કિંમત મેળવી શકતો નથી. જમીન લેનારના નામ પર થતી નથી. તેથી તેને પૂરતી રકમ મળતી નથી. અંદરો અંદર ખાનગી દસ્તાવેજ કદાચ થાય છે અને એકાદ બે વર્ષમાં પાછા જમીન પડાવી લેવાના કિસ્સાઓ પણ દેખાદેખીથી થાય છે. આમ જમીનની લે-વેચ પર પૂરતી કિંમત મળતી નથી. જે બિનઆદિવાસી સમાજમાં સહેલાઈથી જમીનની કિંમત મળે છે. અને પોતાના પ્રસંગો સમયસર ઉકેલી શકે છે.

વાપી વલસાડ હાઈવે રોડ પર આવેલું ગામ બલીઠા વાપીની નજીક છે. આ ગામમાં ૫૦ ટકા કરતાં વધારે આદિવાસીઓ પાસે જમીન છે. રોડની આસપાસ ઘણી જમીન બિનઆદિવાસી પાર્ટીઓ પાસે એટલે કે નાના નાના પ્લોટ, દુકાનો, ગેરેજો વગેરે માટે આદિવાસીઓની જમીન

ચાલી ગઈ છે. લગભગ ૨૨ કિસ્સાઓએ જમીન પટ્ટા પર આપી દીધેલ હોય તેવું પંચાયતનો ટેક્ષ ઉઘરાવનાર પાસેથી જાણવા મળ્યું છે. તેમણે ૧૧ નામ, સર્વે નંબર સાથે બતાવ્યા છે અને આના ખાનગી દસ્તાવેજ ૫૦ રૂ.ના કાગળ પર થતા હોય તેવું જણાવ્યું છે. જમીન આદિવાસીના નામ પર બોલતી હોય પણ તેના પર જરૂરી બાંધકામ, હોટલ, દુકાન વગેરે બાંધી જે તે પાર્ટીઓ તેનો ભોગવટો ભોગવતી હોય છે. લગભગ ૯૯ વર્ષના પટ્ટા પર જમીન લખાવી લેવાતી હોય છે. કાયદેસર કાર્યવાહી થતી નથી અને સરકારી દફતરે તેની નોંધ હોતી નથી. સરકારી મંજૂરી મેળવવા માટે ઘણી જટિલ વિધિ કરવી પડતી હોવાથી તેઓ ખાનગી વકીલ મારફત લખાણ કરાવી લે છે. અને આ રીતે જમીન ફેરબદલી થતી જોવા મળી છે.

**સુઝાવ :**

(૧) ભારત સરકારે જાહેર કરેલ અનુસૂચિત વિસ્તાર કે જ્યાં આદિવાસીઓની વસ્તીનું પ્રમાણ વધારે છે તેવા આદિવાસી વિસ્તારમાં જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩ એએ તથા નિયમ ૫૭- એલથી આદિવાસીઓ પોતાની જમીન કલેકટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પરવાનગી વગર વેચાણ, ગીરો, બક્ષીસ કે તબદીલ કરી શકતા નથી અને આ કાયદો ખેતીની જમીનને તથા બિનખેતીની જમીનને પણ લાગુ પાડવામાં આવેલો છે. શિડયુલ એરીયામાં બિનખેતીની જમીનને પણ જે કલમ લાગે છે તે ખરેખર તો બરાબર જ છે. કારણ કે બિનખેતીની જમીન પર મકાન બાંધવામાં આવે અને આવાં જમીન પરનાં ટેનામેન્ટ કે કાચાં મકાનો જયારે વેચાય ત્યારે તે મકાનની આસપાસની જમીન પણ મકાન સાથે જતી રહે છે. સાથે સાથે એ પણ વિચારવું જોઈએ કે આવા વિસ્તારમાં ઘણા સ્થળોએ ફલેટો બાંધવામાં આવેલા છે અને તે રીતે કેટલાય આદિવાસી સભ્યો આવા ફલેટોના માલિકો છે. ખરેખર ફલેટોમાં ઉપરના માળે ફલેટ ધરાવતા આદિવાસી સભ્ય હોય ત્યારે તેને જમીન સાથે કોઈ લેવા દેવા કે માલિકી હોતી નથી. આદિવાસી સમાજ છુટથી પોતપોતાની રીતે રહેવાથી ટેવાયેલા છે. પણ કેટલાંક સંજોગોના કારણે આવા ફલેટોમાં આવી ગયા પછી જયારે તેને અનુકૂળ ન હોય અથવા પોતાનું સ્થળાંતર થવાનું હોય ત્યારે આવા ફલેટો વેચવા માટે તેને પરવાનગી નડતરરૂપ છે. આદિવાસીઓ પણ ભારતના બંધારણ મુજબ સામાન્ય નાગરિકો છે. તેમનો વિકાસ બંધારણના આર્ટીકલ ૧૪, ૧૬ અને ૧૯ મુજબ અટકાવી શકાય નહીં. તો તે રીતે જે તે આદિવાસીએ પોતાનો ફલેટ કે જમીન સાથે સંકળાયેલ ન હોય તેવી મિલકત વેચવી હોય અને સામાજિક પ્રસંગો પૂરા કરવા હોય અગર તો સ્થળાંતર કરવું હોય તો પણ મુશ્કેલી પડે છે અને પરવાનગી મેળવવા

માટે ૩ થી ૪ માસનો સમય જાય છે. તે દરમ્યાન ટાઈટલ કલીયર ન હોવાને પરિણામે વેચાણ લેનારાઓ પણ હટી જાય છે. વેચાણ કિંમત ઓછી મળે છે અને આદિવાસીઓ પોતાની ઈચ્છા મુજબની નવી મિલ્કત ખરીદી શકતા નથી. આમ તેમના પોતાના વિકાસમાં રૂકાવટ આવે છે. બિનઆદિવાસી વિસ્તારની જેમ જો તેઓને વેચવાની છુટ હોય તો તેઓ મુક્તપણે મિલકત વેચીને પોતાના પ્રશ્નો હલ કરી શકે છે. જેથી શક્ય હોય તો આવા રહેવાલાયક ફ્લેટો તથા જમીન સાથે સંકળાયેલ ન હોય તેવી સ્થાવર મિલકત માટે કાયદામાં છૂટછાટ મૂકવી જોઈએ અને પરવાનગી લેવાની જોગવાઈ કાઢી નાંખવી જોઈએ.

(૨) આદિવાસીઓને હિન્દુ વારસાઈધારા ૧૯૫૬ની કલમ ૨(૨) લાગુ પાડ્યા પ્રમાણે તેઓની હિન્દુઓની જેમ વારસાઈ થતી નથી. તેમજ પુરૂષવર્ગ સાથે સ્ત્રી વર્ગના નામો દાખલ થતાં નથી. પરિણામે કોઈ સ્પેશીફીક કાયદો લાગુ પાડવામાં આવેલ નથી. તેઓના સમાજમાં ચાલી આવેલા રીત રિવાજો મુજબ મોટાભાઈનું નામ દાખલ થતુ હતું. જયારે અન્ય છોકરાઓના નામ તેમની સાથે દાખલ થતાં ન હતાં. આ બાબતે સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત થતાં હવે સરકારે લેખિતમાં એવી જોગવાઈ કરેલ છે તે રીતે મોટાભાઈની સાથે બીજા ભાઈઓના નામ દાખલ કરવા સૂચના આપેલ છે. પરંતુ હજુ સુધી છોકરીઓના નામ દાખલ કરવામાં આવતા નથી. પરિણામે જયારે છોકરીઓ પરણીને સાસરે જાય છે ત્યારે આદિવાસીઓમાં ઘણા કિસ્સાઓમાં ચાલી આવેલી ખંધાડિયા પ્રથા મુજબ તેઓ ઘર-જમાઈને લઈને પોતાના ગામમાં પરત આવે છે. અને તે વખતે પોતાના માતા-પિતાએ પોતાની હયાતીમાં આપેલી જમીન ઉપર હક્ક મેળવી ખેતી કરી જીવનનિર્વાહ ચલાવે છે. આમ બનવાને કારણે પુરૂષ વારસદારો અને સ્ત્રી વારસદારો વચ્ચે જમીનની માલિકી અને વારસાઈપણામાં મોટી તકરારો ઊભી થાય છે. આવા સંખ્યાબંધ કેસો સુલેહ શાંતિના નોંધાયેલ છે અને દિવાની દાવાઓ પણ થાય છે અને જમીનના કબજામાં પ્રવેશ અપ્રવેશ માટે મનાઈઓ મેળવવામાં આવે છે. આમ વારસાઈની ચોક્કસ નીતિ નહીં હોવાને કારણે આદિવાસીઓ મુશ્કેલીઓમાં મુકાય છે અને તેમનું આખું જીવન મિલકત સંબંધી ઝઘડાઓમાં વેડફાઈ જાય છે તથા નાણાંકીય રીતે પણ તેઓને મોટું નુકશાન થાય છે.

(૩) સરકારશ્રીએ આદિવાસી વિસ્તારની ખેતીની જમીનના નિયંત્રણો ચાલુ રાખવા જોઈએ. કારણ કે તેઓ પોતે ખેતીની જમીન જો વેચી નાખે તો જીવનનિર્વાહનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. જમીન પચાવી પાડનારને જેલ અને અથવા દંડ થવો જોઈએ. તથા પોલીસ ખાતા તરફથી પણ આદિવાસીઓને રક્ષણ મળે તેવું ગોઠવવું જોઈએ.

(૪) જમીન અપહરણના કિસ્સાઓ ઉભા થવાનાં મુખ્ય કારણો જોઈએ તો આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી દેવું કરવું પડે છે, ગરીબી, અજ્ઞાનતાનો ભોગ બનવું વગેરે છે. તો દેવા નાબૂદી માટેનાં વિવિધ પગલાં ભરવાં જોઈએ. તેઓ માટે આર્થિક વિકાસના કાર્યક્રમોમાં ગરીબી રેખા ઉપર આવી જાય તેવા કાર્યક્રમોનું આ લોકોને અગ્રિમતાના ધોરણે આવરી લેવા જોઈએ, કે જેને આધારે તે કુટુંબો નિઃસહાય સ્થિતિમાંથી બીજાના આધાર સિવાય પોતાનો વિકાસ કરી શકે એટલે કે કુટુંબોને મદદ કરવામાં આવે. તેમને લાંબાગાળાની ઉત્પાદનલક્ષી યોજનાઓ નીચે આવરી લેવા જોઈએ કે જે કુટુંબો સ્વતંત્ર રીતે જીવનનિર્વાહ કરી શકે.

(૫) દેવાના કારણે જમીન, ઘર, વૃક્ષો, ઘરેણાં વગેરે મિલ્કત બીજાના હાથમાં ન જાય તે માટે રક્ષાત્મક ધારાઓ કરવા જોઈએ, તેમજ સરકાર પોતે જ સામાજિક ખર્ચ માટે ધિરાણ કરે, અથવા તેનાં ઘરેણાં વગેરે શાહુકારો પાસે જાય તેને બદલે બેંકો જ આ મિલ્કત પર ધિરાણ કરે તો જે ઘરેણાં તથા અન્ય મિલ્કત કાયમી દેવામાં ડૂબી જાય છે તેમાંથી પણ બચી શકે.

(૬) કેટલીકવાર જમીન પોતાને નામે કરાવી લેનાર વ્યક્તિઓ, સામાન્ય માણસો કરતાં, પ્રમાણમાં વધારે ચાલાક, ખંધી અને સરકારીતંત્રમાં ચલણવાળી પણ હોવાથી, જે વ્યક્તિઓની પાસેથી જમીન લેવાની હોય તેમની વચ્ચે અંદરો અંદર ઝઘડો કે તડ પ્રમાણેમાં વધારે ઉગ્ર રીતે પડે તે પ્રકારની સમગ્ર પરિસ્થિતિ સર્જીને તેનાં લાભ લેવાય છે.

(૭) વ્યાપારી વર્ગ પોતાનાં સગાં સંબંધીઓના સહારે યા તેમના પરિચયનો ઉપયોગ કરીને આવાં ઊંડાણનાં આદવાસી ગામોમાં પ્રવેશતો હોય છે અને એક વખત ત્યાં પ્રવેશ્યા પછી, પ્રમાણમાં વધારે દુર્બળ આદિવાસીઓના, ભૂખમરાની પરિસ્થિતિમાં અનાજ-પાણી જેવી કેટલીક જીવન જરૂરિયાતોને શરૂઆતમાં પોષીને ત્યારબાદ તેનો ઉપયોગ પોતાના ધાર્યા હેતુઓ સિદ્ધ કરવામાં, અને સાચી વ્યક્તિને શરૂઆતમાં બહુ ખ્યાલ પણ ન આવે તે રીતે તેનું શોષણ થતુ હોય છે. આવું શોષણ કરવામાં કેટલીકવાર સ્થાનિક આદિવાસી નેતાગીરીને એ પોતાના હાથ પર રાખતો હોય છે. યા તો તે તેની પોતાની સમગ્ર વર્તનઢબ અને બાહ્ય વ્યવહાર સામાન્ય રીતે એવી રીતે ગોઠવતો હોય છે કે જેથી જે તે નેતાગીરીને તે પોતાનો સમર્થક લાગે.

(૮) શોષકવર્ગ પ્રમાણમાં વધારે ખમતીધર હોવાથી અને કેટલીકવાર વધારે સદ્ધર અને ચાલબાજ હોવાથી, કેટલીકવાર અમૂક નિયત ચાલ ચાલવા માટે યોગ્ય તકની રાહ જોવાતી હોય

છે. કેટલીકવાર જેની પાસેથી જમીન પડાવી લેવાની છે તે કુટુંબની નિર્ણાયક વ્યક્તિ યા પ્રમાણમાં વધારે અસરકારક વ્યક્તિ જો અમૂક સમય પછી જો વૃદ્ધ હોય તો તે અવસાન પામે ત્યાં સુધી રાહ જોવાની પણ તેની તૈયારી હોય છે. અમૂક ચાલ અમૂક હદ સુધી ચાલીને, ત્યાં અટકવાની અને ત્યાર બાદ યોગ્ય સમયે આગળ ચાલ ચાલવાની કળા-કુનેહનો તે શોષિત વર્ગને પોતાની જાળમાં ફસાવવામાં ઉપયોગી કરતો હોય છે.

(૯) જમીનના વેચાણના સોદાઓ કેટલીકવાર ગુપ્ત રખાતા હોય છે. સ્થાનિક રીતે ઉહાપોહ ન થાય તે માટે કેટલીકવાર સંબંધિત પક્ષો અને ખાસ કરીને વેચાણથી લેનાર શોષકપક્ષ તેનો શક્ય એટલા ઓછામાં ઓછી વ્યક્તિઓને તેનો અનિવાર્ય સંજોગો સિવાય ખ્યાલ ન આવે તેની સિફતભરી કાળજી લેતો હોય છે. આને માટે કેટલીકવાર તે જરૂર પડયે થોડોક આર્થિક ઘસારો વેઠીને અથવા તો વેચાણ આપનારને કોઈક રીતે ઉપકારક થતો હોવાનો અંચળો ઓઢીને તે પોતાનું હિત સાધી લેતો હોય છે.

(૧૦) મોટે ભાગે આદિવાસી ખેડૂતોને જમીનના કાયદા અંગે જરૂરી કોઈ માહિતી હોતી નથી. અભણ અથવા ઓછુ ભણેલા હોવાથી શોષીત બને છે. જમીન અંગેના કાયદાઓની માહિતી તાલીમ વર્ગો અથવા શિબિર દ્વારા આપવી જોઈએ.

(૧૧) આદિવાસી ખેડૂતોની આર્થિક સ્થિતિ વધારે સારી થાય તેવા સઘન પ્રયાસો કરવા જોઈએ અથવા જમીનમાંથી વધારે ઉપજ મળે તેવા કાર્યક્રમોને વધુ વેગ આપવો જોઈએ. જેથી તેમને પોતાની આવકનું સાધન જે જમીન છે તે વેચવી કે ગીરો મૂકવાનો અવસર ન આવે.

**આદિવાસી જમીન તબદીલ સંબંધમાં કાર્ય યોજના : જમીન તબદીલ થયાની રીતો આ પ્રમાણે છે. :**

(૧) સરકારની મંજૂરીથી જમીન વેચવાની કેટલીક છૂટછાટ.

(૨) નવી શરતોમાંથી જૂની શરતોમાં ફેરવવા માટે ૬૦ પટનું પ્રિમીયમ ભરીને.

(૩) નજીવી રકમ આપી ખાનગી દસ્તાવેજથી ગીરો મૂકીને.

(૪) જમીન ભાગે લઈ લલચાવીને.

(૫) મોકો મળતાં ગેરકાયદેસર રીતે જમીનમાં દાખલ થઈ જઈને.

(૬) ધાક, ધમકી, મારામારી, ખોટા પોલીસકેસ કરીને જમીન પચાવી પાડવી.

ઈસ્યુ :

(૧) બિનઆદિવાસીઓએ નજીવી રોકડ રકમ આપી ખાનગી દસ્તાવેજ પર જમીન લઈ લીધેલ હોય છે, જેમાં

(૨) શરત પૂરી થયે જમીન પાછી જોઈતી હોય તો પણ તેઓને મળતી નથી. વળી

(૩) ધાક, ધમકી, પોલીસ કેસ, મારામારી વગેરે થાય છે.

શું પગલાં લઈ શકાય :

(૧) જમીન પચાવી પાડનારને જેલ/દંડ થવો જોઈએ.

(૨) પોલીસ ખાતા તરફથી આદિવાસીઓને પૂરતું રક્ષણ આપવું જોઈએ.

ઈસ્યુ :

(૧) દાદાગીરીથી આદિવાસી ખાતેદારની જમીનમાં ભોગવટો ભોગવતાં હોય.

પગલાં :

(૧) આદિવાસી ખાતેદારને જમીનનો ભોગવટો પાછો અપાવવો જોઈએ.

(૨ા કાનૂની કે પોલીસ સહાયની જરૂરી મદદ આપવી જોઈએ.

ઈસ્યુ :

(૧) જમીન પાછી મેળવવા કેસ ચાલ્યા કરતા હોય અને આદિવાસી કુટુંબ સમય તથા નાણાંની રીતે પાયમાલ થઈ જાય છે.

પગલાં :

(૧) આદિવાસી ખેડૂતોને કાનૂની માર્ગદર્શન તથા સરકારી વકીલ દ્વારા સહાય.

(૨) આદિવાસીઓને આ અંગેના કેસ લડવા માટે આર્થિક સહાય કરવી જોઈએ.

ઈસ્યુ :

(૧) જે તે ખેડૂતો પર, જમીન પચાઈ પાડનાર દ્વારા ખોટા પોલીસ કેસ/ચેપ્ટર કેસ થતા હોય છે.

પગલાં :

(૧) પોલીસ ખાતા દ્વારા જેના નામની જમીન છે તે જમીન માલિકને રક્ષણ આપવું જોઈએ.

(૨) ખોટા ચેપ્ટર કેસ ન લેવા જોઈએ.

ઈસ્યુ :

(૧) આદિવાસી વિસ્તારમાં રહેણાંક માટે બાંધવામાં આવેલા ફ્લેટોમાં ઉપરના માળે ફ્લેટ ધરાવતા આદિવાસી સભ્ય હોય.

પગલાં :

(૧) શક્ય હોય તો આવા રહેવાલાયક ફ્લેટો અથવા જમીન સાથે સંકળાયેલ ન હોય તેવી મિલ્કત માટે કાયદામાં છૂટછાટ મૂકવી જોઈએ.

(૨) પરવાનગી લેવાની જોગવાઈ કાઢી નાંખવી જોઈએ.

ઈસ્યુ :

(૧) દેવાના કારણે જમીન, ઘર, વૃક્ષો, ઘરેણાં વગેરે મિલ્કત બીજાના હાથમાં જાય છે.

પગલાં :

(૧) રક્ષાત્મક ધારાઓ કરવા જોઈએ.

(૨) સરકાર પોતે જ સામાજિક ખર્ચ માટે ધિરાણ કરે.

(૩) તેઓનાં ઘરેણાં વગેરે શાહુકારો પાસે જાય છે તેને બદલે બેંકો જ આ મિલ્કત પર ધિરાણ કરે.

ઈસ્યુ :

(૧) જમીન વેચનાર આદિવાસી ખાતેદારોને પૂરી રકમ મળતી નથી.

પગલાં :

(૧) સરકારી દફતરે જે રકમ નોંધાય તે પૂરેપૂરી રકમ અપાવવી.

(૨) તાલુકા મામલતદારની હાજરીમાં સક્ષમ કમિટિ દ્વારા જમીનની પૂરી રોકડ રકમ વેચનાર ખાતેદારને રૂબરૂમાં અપાવવી જોઈએ.

ઈસ્યું :

(૧) જે તે મામલતદાર કચેરીઓ દ્વારા કેટલાક કિસ્સાઓમાં જમીન તબદીલીના પુરાવા માટે ટપાલ દ્વારા મુદત અપાય છે અને આવી ટપાલ સમયસર મળતી નથી.

(૨) ખેડૂત મુદતોમાં હાજર ન રહેવાને કારણે કેસનો એક તરફી નિર્ણય લેવાય છે.

પગલાં :

(૧) જમીનને લગતી આવી ટપાલ જે તે કચેરીના કર્મચારી મારફત હાથોહાથ મળે તેવી વ્યવસ્થા ઊભી કરવી.

(૨) જે તે નામનો સમન્સ બજાવીને, રૂબરૂ બોલાવીને, તેને સાંભળીને, પછી જ આખરી નિર્ણય લેવો જોઈએ.

ઈસ્યુ :

(૧) મોટે ભાગે આદિવાસી ખેડૂતોને જમીનના કાયદા અંગે જરૂરી કોઈ જાણકારી હોતી નથી.

(૨) અભણ અથવા ઓછુ ભણેલા ખેડૂતો હોવાથી શોષીત બને છે.

પગલાં :

(૧) જમીન અંગેના કાયદાઓની માહિતી તાલીમ વર્ગો અથવા શિબિર દ્વારા ગોઠવવી.

# પંચાયતનો નવો ધારો અને તેનું અમલીકરણ
## (ભુરિયા સમિતિની ભલામણોને અનુલક્ષીને)

- ડૉ.રેખાબહેન મહેતા

### સારસંગ્રહ

**પ્રસ્તાવના :**

તા.૨૪-૪-૯૩ના રોજ બંધારણના ૭૩મા સુધારાનો કાયદો અમલમાં આવ્યો. ૭૩મો પંચાયતીરાજ અધિનિયમ એ આદિવાસી વિસ્તારો માટે કઈ રીતે લાગુ પાડી શકાય તે વિશે વિચારણા કરવા માટે સંસદે ૧૦ જૂન, ૧૯૯૪ના રોજ શ્રી દિલીપસિંહ ભુરિયાના અધ્યક્ષપદ હેઠળ ૨૨ સભ્યોની બનેલી સમિતિની રચના કરી હતી. આ સમિતિએ તા.૧૭-૧-૧૯૯૫ના રોજ પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યો.

આ અહેવાલને અનુરૂપ કાયદો મે, ૧૯૯૫માં સંસદમાં દાખલ કરવામાં આવ્યો અને ૨૪ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ રાષ્ટ્રપતિએ અનુસૂચિ વિસ્તારો માટે પંચાયતના નવા અધિનિયમને મંજૂરી આપી તથા દરેક રાજ્ય સરકારને એક વર્ષમાં આ અંગે કાયદો ઘડવાનો આદેશ આપ્યો. આ કાયદા દ્વારા આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થાને બંધારણીય માન્યતા મળી છે. ગુજરાત રાજ્યમાં પણ ગુજરાતના અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનયમ-૧૯૯૮ ઘડવામાં આવ્યો છે. આ એક મહત્ત્વની ઘટના છે. કારણ ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૧૫ ટકા જેટલી હોવાથી આ કાયદાનું મહત્ત્વ વધી જાય છે. આઝાદીબાદ પ્રથમવાર આદિવાસીઓ વિશે એક અલગ દૃષ્ટીકોણથી વિચારવામાં આવ્યું છે. આ કાયદામાં આદિવાસીઓના પોતાના ગામનાં સામુદાયિક સંશાધનો, કાયદો, વ્યવસ્થા, વિકાસનું આયોજન અને અમલીકરણ તથા સંશાધનો ઉપર તેમના અંકુશની જોગવાઈ કરવામાં આવી છે. આ નવા કાયદાના અમલીકરણ અંગે અભ્યાસ કરવાનું આદિવાસી સંશોધન કેન્દ્રની સલાહકાર સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું. જેનો આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો અને પંચાયતના નવા ધારાના અમલીકરણ અંગે અભ્યાસ હાથ ધરવાનું નક્કી થયું.

**અભ્યાસનું મહત્ત્વ :**

આઝાદીબાદ ભારતનું નવું બંધારણ ઘડાયું. તેમાં પછાતવર્ગના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ તેમજ જોગવાઈઓ કરવામાં આવી. રાજ્ય સરકાર દ્વારા પણ નબળા વર્ગો જેવા કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તેમજ સ્ત્રીઓ વગેરેના વિકાસ માટે અનેક જુદી

જુદી યોજનાઓ અને જોગવાઈઓ કરવામાં આવી છે. આ રીતે પ્રજાસત્તાક ભારતમાં સમાજવાદી સમાજની સ્થાપના કરવાનું લક્ષ્ય રહ્યું છે. એવો સમાજ કે જેમાં દરેક વ્યક્તિ સુખી હોય, પ્રસન્ન હોય. પંચાયતીરાજના નવા ધારામાં પણ આ બાબતને મહત્વ અપાયું છે. તેમાં પણ સમાજના નબળા વર્ગોને પ્રતિનિધિત્વ આપી ક્રાંતિકારી અને ઐતિહાસિક પગલું ભર્યું છે. ભારતના રાજકીય ઇતિહાસમાં કદી ન થયું હોય તેવી અભૂતપૂર્વ ઘટના ૭૩મા બંધારણીય સુધારાને કારણે બની છે. અનામત બેઠકોને કારણે ઘણી મોટી સંખ્યામાં પછાતવર્ગના પ્રતિનિધિઓ તેમજ સ્ત્રીઓ આજે ગ્રામપંચાયતોમાં કામ કરતા થયા છે. આમ, નવાધારાને કારણે પછાતવર્ગોના વિકાસની એક નવી તક ઊભી થઈ છે. નવું વાતાવરણ સર્જાયુ છે તેથી આ અભ્યાસનું મહત્ત્વ ઘણું છે.

**અભ્યાસના હેતુઓ :**

અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

(૧) ગુજરાતના જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં પંચાયતના નવા ધારાનું અમલીકરણ થાય છે કે કેમ ?

(૨) નવાધારાનું અમલીકરણ કઈ રીતે અને કેટલે અંશે થાય છે ?

(૩) નવાધારાના અમલીકરણમાં કઈ કઈ મુશ્કેલીઓ છે ?

(૪) નવા ધારાના અમલીકરણની લોકો પર શું અસર થઈ છે તે તપાસવું.

**અભ્યાસનું ક્ષેત્ર :**

અભ્યાસ માટે દક્ષિણ ગુજરાતમાંથી ડાંગ અને સુરત જિલ્લા મધ્ય ગુજરાતમાંથી પંચમહાલ જિલ્લો, ઉત્તર ગુજરાતનો સાબરકાંઠા જિલ્લો તેમજ પશ્ચિમ ગુજરાત (સૌરાષ્ટ્ર)નો જૂનાગઢ જિલ્લો પસંદ કરવામાં આવ્યો છે.

**અભ્યાસના ઉત્તરદાતાઓ :**

દરેક જિલ્લામાંથી કુલ ૨૦ ઉત્તરદાતાઓ લેવાયા. જેમાં પંચાયતમાં કાર્ય કરતા ગ્રામપંચાયતના સભ્યો, સરપંચ, તલાટી, ડી.ડી.ઓ., ટી.ડી.આ, પ્રમુખ, મહિલા સભ્યો, દલિત સભ્યો, બક્ષીપંચના સભ્યો, તેમજ ગ્રામજનો વગેરેનો સમાવેશ થાય છે. પાંચ જિલ્લાના કુલ ૧૦૦ ઉત્તરદાતાઓ અભ્યાસમાં લીધેલા છે.

**અભ્યાસની પદ્ધતિઓ તેમજ પ્રવિધિઓ:**

અભ્યાસમાં દ્વૈતિક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરી જુદા જુદા પુસ્તકો અને સામાયિકો વગેરે વાંચી વિષય અંગે જાણકારી મેળવી.

પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિ દ્વારા પ્રશ્નો પૂછીને વિગતો એકઠી કરી તેમજ ઉત્તરદાતાઓ રૂબરૂ મુલાકાત દ્વારા અને કેટલીક માહિતી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી મેળવી છે. આ સંશોધન અભ્યાસ માટે ૧૯૯૯ થી ૨૦૦૦ વર્ષ દરમ્યાન ક્ષેત્રકાર્ય કરેલ.

ક્ષેત્રકાર્ય દરમ્યાન પાંચ જિલ્લાઓના ઉત્તરદાતાઓની મુલાકાત લેતા જાણવા મળ્યું કે મોટાભાગના વિસ્તારોમાં ખાસ કરીને આદિવાસી લોકોની આર્થિક પરિસ્થિતિ હજુ ઘણી નબળી છે. લોકો સખત મહેનત મજૂરી કરી પોતાનો નિર્વાહ ચલાવે છે. કોઈ એક જ આર્થિક પ્રવૃત્તિથી તેમનો નિર્વાહ થઈ શકતો નથી તેથી સાથે બીજો ગૌણ વ્યવસાય કરી પોતાનું જીવન ટકાવી રાખે છે. ખેતી સાથે ખેતમજૂરી, પશુપાલન, જંગલની પેદાશો એકઠી કરવી વગેરે કરતા હોય છે. જો કે સરકારી યોજનાઓને કારણે તેઓની પરિસ્થિતિ થોડી સુધારા પર છે. પરંતુ શિક્ષણનું પ્રમાણ હજુ ઘણું ઓછુ હોવાથી કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં લોકોને સરકારી યોજનાની ખબર ન હોવાથી તેઓ યોજનાનો લાભ લેતા નથી તેથી તેમની પરિસ્થિતિમાં કશો ફેર પડેલ નથી. દક્ષિણ ગુજરાતના ધોડિયા પટેલ, ચૌધરી તથા ગામીત જેવી જનજાતિઓ શિક્ષણમાં તેમજ આર્થિક દષ્ટિએ આગળ છે, જયારે પંચમહાલ અને સાબરકાંઠાના ભીલ લોકો પાછળ રહી ગયા છે. દક્ષિણ ગુજરાતમાં જમીન ફળદ્રુપ હોવાથી તેમજ વરસાદ વધારે હોવાથી હોછી મહેનતે ઘણુ ઉત્પાદન થાય છે, જયારે પંચમહાલ જેવા વિસ્તારમાં વારંવાર દુષ્કાળ પડે છે તેથી લોકો આર્થિક રીતે પાછળ છે. છતાં સરકારી યોજના તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયત્નોથી આર્થિક પરિસ્થિતિ પહેલાં કરતાં સુધારા પર છે. ખાસ કરીને સદ્ગુરૂ સેવા સંસ્થાના પ્રયત્નોથી સિંચાઈની સગવડ થવાથી સૂકાં ખેતરો હવે લીલાછમ બન્યા છે. આમ એકંદરે આદિવાસીઓ સંઘર્ષમય જીવન જીવે છે અને જાતમહેનત કરે છે છતાં પહેલાં કરતાં તેઓની પરિસ્થિતિ સુધરી છે. શિક્ષણમાં પણ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ આગળ છે અને જાગૃત પણ છે તેથી તેઓ ગ્રામસભામાં થોડુંઘણું પણ ભાગ લે છે. જયારે અન્ય જિલ્લાઓમાં શિક્ષણમાં પાછળ હોવાથી જાગૃતિ પણ ઓછી છે અને સ્થાનિક સ્વરાજની સંસ્થામાં ભાગીદારી પણ ઓછી છે.

ગુજરાતની જેમ ભારતના અન્ય રાજયો જેવાકે ઓરિસ્સા, પશ્ચિમબંગાળ તેમજ પડોશી દેશ ચીનમાં પણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનું ઘણું મહત્ત્વ જણાય છે.

૭૩મો બંધારણીય સુધારો આદિવાસી વિસ્તારો માટે કઈ રીતે લાગુ પાડી શકાય તે અંગે વિચારણા કરવા માટે સંસદે શ્રી દિલીપસિંહ ભુરિયાના અધ્યક્ષપદ હેઠળ એક સમિતિની રચના કરી. આ સમિતિના અહેવાલને અનુરૂપ કાયદો મે, ૧૯૯૫માં સંસદમાં દાખલ કરવામાં આવ્યો. ૨૪ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ રાષ્ટ્રપતિએ અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતના નવા અધિનિયમને મંજૂરી આપી, તેમજ દરેક રાજ્ય સરકારને એક વર્ષમાં આ અંગે કાયદો ઘડવાનો આદેશ આપ્યો. આઝાદીના ૫૦ વર્ષ બાદ આદિવાસીઓને સ્વશાસન મળે તેવી તક ઊભી થઈ છે. પરંતુ જ્યાં સુધી આ નવા કાયદાનું અમલીકરણ ન થાય ત્યાં સુધી તે માત્ર આશાનું કિરણ જ છે. ગુજરાત વિધાનસભાએ ગુજરાતના આદિવાસીઓ વિસ્તારો માટે જુલાઈ, ૧૯૯૮માં ગુજરાત પંચાયત ધારો, ૧૯૯૮ ઘડ્યો.

ગુજરાતમાં ૧૫ ટકા જેટલી આદિવાસીઓની વસતિ છે તેથી આ કાયદાનું મહત્ત્વ વધી જાય છે. આ કાયદા દ્વારા આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થાને બંધારણીય માન્યતા મળી છે.

રાજ્યની વિધાનસભા એવો કોઈ કાયદો નહીં બનાવી શકે કે જે આદિવાસી પરંપરાગત વ્યવસ્થાને અનુરૂપ ના હોય.

આ કાયદો બન્યા પછી, એવો કોઈપણ કાયદો જે આદિવાસી પરંપરાથી અસંગત હોય, તેને અદાલતમાં પડકારી શકાય અથવા તો લાગુ પડતા પહેલા તેને રોકી શકાય.

આ કાયદામાં ગ્રામસ્તરે પોતાની પરંપરા મુજબ કાર્યરત એવા એક વાસ્તવિકા આદિવાસી સમાજના અસ્તિત્વનો સ્વીકાર થયો છે.

આ રીતે ગુજરાતના અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનિયમ ૧૯૯૮ જુલાઈમાં ઘડાયો તે એક આનંદની વાત છે. પરંતુ તેના અમલીકરણ અંગે શંકા પ્રવર્તે છે. જો કે ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે આ અધિનિયમ ૧ ડિસેમ્બર, ૧૯૯૯થી ડાંગ જિલ્લામાં લાગુ પડ્યો હતો. પરંતુ આ વિસ્તારમાં કામ કરતી સંસ્થાઓના મત મુજબ આ જિલ્લામાં તેનાથી કોઈ દેખીતો ફેરફાર આવ્યો નથી. આ કાયદા અંગે હજુ મોટાભાગના લોકોને માહિતી નથી. આ કાયદો અમલમાં આવ્યો તે અંગે દરેક પંચાયતને જી.આર. દ્વારા જાણ કરવામાં આવી છે. પરંતુ કેટલીક પંચાયતોમાં જી.આર. પહોંચ્યા નથી તથા સરપંચો જી.આર.માં લખેલી માહિતીથી વાકેફ નથી, વ્યવહારિક દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતના આ કાયદામાં ગ્રામસભાને પૂરતી સત્તા આપવામાં આવી નથી. આ કાયદાના પાલનમાં કેટલીક મુશ્કેલીઓ રહેલી છે. આ અંગે આદિવાસી કાર્યકરો, નિષ્ણાતો, ન્યાયાધીશો, હિતચિંતકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો વગેરે સાથે મળીને

ઊંડાણપૂર્વક વિચારવિમર્શ કરી અધિનિયમને બંધારણના પાંચમા અને છઠ્ઠા પરિશિષ્ટને અનુરૂપ બનાવવા માટે કેટલાક પાયાના સુધારા સૂચવ્યા છે, આ અંગે ઘટતું કરવા વિનંતી છે. કારણ જયાં સુધી સત્તાને વધારેમાં વધારે વિકેન્દ્રિત કરી સ્થાનિક ઈકાઈ સુધી પહોંચાડવા દઢ સંકલ્પિત ન બને અને જયાં સુધી બ્યુરોકશી તંત્રનો અભિગમ ન બદલાય ત્યાં સુધી બંધારણના સુધારા કે રાજ્યના કાયદાઓ પંચાયતીરાજનું સાચું હાર્દ પ્રગટાવી શકવાના નથી.

આપણાં હાલના વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈ પણ ચોક્કસ રીતે માને છે કે આર્થિક અને સામાજિક વિકાસ વધુ સારી રીતે કરવા માટે વિકેન્દ્રીકરણ અને ડિવોલ્યુશનનો સંપર્ક થાય તે જરૂરી છે અને તે રીતે નાનામાં નાના ગામડામાં રહેતી પ્રજાની જિંદગી પલટી શકાય છે.

નવા ધારાના અમલીકરણ અંગે હજુ સરકાર તરફથી કશુ થતુ નથી, આ કાયદા ખાલી કાગળ પર જ છે. આદિવાસી સ્વશાસન માટે સરકારે અલગ કાયદો બનાવ્યો પણ આ અંગે લોકોમાં પૂરી સમજણ કે જાણકારી અથવા સ્પષ્ટતા નથી. જો કે જયાં આગળ સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરી રહી છે ત્યાં તેની અસર સારી દેખાય છે. આ કાયદાની થોડીઘણી શરૂઆત થઈ છે. કેટલીક બાબતોનો લાભ હજુ આદિવાસીઓને મળ્યો નથી. પદાધિકારી બનાવવા માટે યોગ્ય તાલીમની જરૂર છે. અજ્ઞાનતાના અંધકારમાંથી તેમને બહાર લાવવાના છે. રાજ્યના હાલના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આ અંગે ઘણા ઉત્સાહી છે. ગ્રામપંચાયત અને ગ્રામસભાનું કાર્ય વધારે પારદર્શક બને અને ઝડપી બને તે માટે પ્રયત્નો શરૂ કર્યા છે. હજુ સત્તાનું વિકેન્દ્રીકરણ થયું નથી. આયોજન નીચેના સ્તરેથી થવું જોઈએ તેના બદલે લોકજીવન ઉપરથી નિયંત્રિત છે. હજુ પંયતનોને ઘણી બાબતોમાં સ્વાયત્તતા નથી મળી. નાણાંકીય સત્તા પણ નથી મળી. ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં હજુ સત્તાનું વિકેન્દ્રીકરણ થઈ શક્યુ નથી, વારંવાર દરેક બાબતમાં મંજુરી લેવી પડે છે. પંચાયતનું ફાયનાન્સ વધારે મજબુત બનાવવાની જરૂર છે. ભુરિયા કમિશનના રિપોર્ટમાં આદિવાસી ગ્રામપંચાયતમાં ગ્રામસભાને કોન્ટ્રાકટરના બીલો મંજુર કરવાની પણ સત્તા આપવામાં આવી છે. પણ તેનો અમલ થાય છે ? આ માટે ગ્રામસભાને પણ મજબુત કરવાની છે.

ટૂંકમાં નવાધારાનું અમલીકરણ હજુ પૂર્ણ રીતે થયેલુ જણાતુ નથી. આ ધારાના અમલીકરણમાં કેટલીક મુશ્કેલીઓ પણ છે. તા.૨૮ નવેમ્બર, ૧૯૯૯ના રોજ જાણીતા ધારાશાસ્ત્રી શ્રી હરુભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ ભેગામળી એકજુથ બનાવી ચર્ચા કરી. અધિનિયમ ૧૯૯૮ના અમલીકરણમાં થનારી મુશ્કેલીની એક નોંધ તૈયાર કરેલ છે. તેને ખ્યાલમાં રાખવામાં આવે તો નવાધારાના અમલીકરણમાં સરળતા રહેશે એવો આ જૂથનો અભિપ્રાય છે. જેની નોંધ લેવી યોગ્ય ગણાશે.

# નાયક-નાયકા જાતિ તપાસ

## (છોટાઉદેપુર તાલુકાના તુરખેડા અને નસવાડી તાલુકાના કડદા અને ફેરકડા ગામને ધ્યાનમાં રાખીને)

અહેવાલ લેખન : ભીખાભાઈ પટેલ
અને ટૂંકસાર

**પ્રાસ્તાવિક :**

રાજ્યમાં નાયક-નાયકા-નાયકડા જાતિની કુલ વસતિ ૧૯૯૧ મુજબ ૩,૪૦,૬૯૪ની છે. જે કુલ આદિવાસી વસતિના ૫.૫૩ ટકા થાય છે, જ્યારે વડોદરા જિલ્લામાં નાયક, નાયકા અને નાયકડા જાતિની કુલ વસતિ ૮૪,૧૦૪ છે જે કુલ આદિવાસી વસતિના ૧.૩૬ ટકા થાય છે. જ્યારે નાયકા-નાયક જાતિની કુલ વસતિના ૨૪.૬૭ ટકા થાય છે. જિલ્લામાં કુલ આદિવાસી વસતિ ૮,૨૧,૬૯૭ની છે. જેમાં નાયક-નાયકાઓની કુલ વસતિ ૧૦.૨૪ ટકા છે.વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, નવસાડી, પાવીજેતપુર અને સંખેડા તાલુકામાં નાયકા જાતિની વસતિ વિશેષ છે. જિલ્લાના નસવાડી તાલુકાના કડદા અને ફેરકડા તથા છોટાઉદેપુર તાલુકાના હાલ ક્વાંટ તાલુકાના તુરખેડા ગામમાં પણ નાયક જાતિની વસતિ છે. જેઓ નર્મદાડેમથી અસર પામતાં વિસ્થાપીત થતાં તેમને વડોદરા જિલ્લાના ડભોઈ અને સંખેડા તાલુકાઓની જુદી જુદી વસાહતોમાં પુનઃસ્થાપિત કરેલા છે. જે લોકોએ મૂળ વતન એટલે કે ગામમાં 'નાયક' જાતિ તરીકે ઉલ્લેખ કર્યો હતો અને વસાહતોમાં આવી વસવાટ કરતાં, તેમના બાળકોને શાળામાં દાખલ કરતાં 'નાયકા' લખાવેલ જેથી કરીને બાળકોને મળવાપાત્ર શિષ્યવૃત્તિ મેળવવામાં અસલ પ્રમાણપત્રમાં જાતિફેર થતાં, જિલ્લાના તકેદારી અધિકારીશ્રીને આ જાતિ અંગે દ્વિધા થતાં ખરેખર આદિવાસી છે કે નહિ તેની ચકાસણી કરવાની જરૂરિયાત ઊભી થઈ અને શિષ્યવૃત્તિ પણ રોકી રાખી. આ જાતિ અંગેની તપાસ માટે કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર નં. આ.વિ./તા.સં./૩/૭૮૦/૨૦૦૧-૭૩૭ તા.૨૯-૭-૦૨થી તકેદારી અધિકારીશ્રી વડોદરાને જણાવ્યું હતું. તેના અનુસંધાને તકેદારી અધિકારીશ્રીની કચેરી (આદિજાતિ વિકાસ) વડોદરાના પત્ર નં.ત.અ./૩૭-૯૫-૯૬ તા.૯-૮-૦૨થી ઉપરોક્ત તપાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપી હતી.

કેન્દ્રના સંશોધક દ્વારા છોટાઉદેપુર અને નસવાડી તાલુકાની મુલાકાત લઈ, કડદા અને ફેરકડા તેમજ તુરખેડા ગામોના અસરગ્રસ્તોની પ્રત્યક્ષ મુલાકાત લઈ માહિતી એકત્રિત કરી હતી. જેમાં નાયક-નાયકાઓ મૂળવતન અને વસાહતોમાં અત્યંત કપરી પરિસ્થિતિમાં જીવન ગુજારતા હતા. સાથે સાથે તપાસના ગામોના અસરગ્રસ્તો મૂળવતનમાં રાઠવા, વસાવા, ભીલ જાતિ સાથે વસવાટ કરતા હતા. વસાહતોમાં પણ જે તે જિલ્લાના અસરગ્રસ્તોની સાથે વસવાટ કરે છે. તેઓ મૂળે 'નાયક'- નાયકા-

નાયકડા જ છે.જેમણે મૂળવતનમાં 'નાયક' શબ્દ પ્રયોગ કર્યો છે, જ્યારે વસાહતમાં વ્યક્તિગત અજ્ઞાનતા શિક્ષકોની જાતિ-જ્ઞાતિ વિશેની અજાણતાને લીધે 'નાયકા' શબ્દ પ્રયોગ કર્યો છે. જે હકીકતે તપાસ પરથી જોઈ શકાય છે કે જેઓ મૂળ અનુસૂચિત જનજાતિના જ છે.જેના માટે શાળાના દાખલાઓ, ગામનો નમૂનો નંબર-૭ અને ૧૨ તેમજ નં.૬ હક્કનું પત્રક, જાતિ પ્રમાણે પત્રો, શાળા છોડવાનું પ્રમાણપત્ર, ઉપરાંત જનજાતિના લાભો મેળવવા બાબતની અરજીપત્રકો અને લાભો આપવા બાબતે મામલતદારશ્રીની કચેરીના પત્રોને ધ્યાનમાં લઈ 'નાયક' જાતિની સ્પષ્ટતા કરતી તપાસ કરી હતી.

આ તપાસમાં નાયકા જાતિનું મૂળ વસતિ, વિસ્તાર, નાયકા શબ્દનો અર્થ અને ઈતિહાસ અંગે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી વિગતે અહેવાલ તૈયાર કરી વિભાગને મોકલેલ છે. અહેવાલની મૂળ નકલમાં તપાસના ગામો વિશેની માહિતી પણ દર્શાવી છે. તેમના સામાજિક રીત-રિવાજો, ભૌતિક સંસ્કૃતી અને આર્થિક જીવનને ચકાસી આ જાતિ ખરેખર આદિવાસી છે કે નહિ તેની પ્રત્યક્ષ મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરી આ જાતિના બાળકોને સ્કોલરશીપ આપવા માટે ભલામણ કરવામાં આવી હતી.

અહેવાલમાં 'નાયક' જાતિના ગોત્ર કુટુંબવ્યવસ્થા, લગ્ન સંબંધો, અન્ય લોકો સાથેના સંબંધોની પણ છણાવટ કરી છે. જેના કેટલાક સૂચનો પણ દર્શાવ્યા છે.

**નાયકાઓની સમસ્યાઓ અને તેના ઉકેલ માટેના સુઝાવો :**

તપાસ વિસ્તારમાં વસતા નાયકાઓ વિશે આગળના પ્રકરણોમાં તેમનું સામાજિક-આર્થિક જીવન જોયું. તેમાંથી સ્પષ્ટ ચિત્ર ઉદ્ભવે છે કે નાયકાઓ લગભગ જમીનવિહોણા ખેતમજૂરો છે અને જમીન ધારણ કરતા કુટુંબો પણ નાના કે સિમાંત ખેડૂતો છે, તેઓનું પણ ડુંગરાળ, ઢોળાવવાળી અને પથરાળ જમીન પોષણ કરી શકવાને શક્તિમાન નથી, જેને પરિણામે તેઓનો આધાર પણ ખેતમજૂરી પર છે, ખેતમજૂરી પોતાના વિસ્તારમાં મળતી નથી એટલે તેઓએ કુટુંબ સાથે અન્ય વિસ્તારોમાં ખેતમજૂરી માટે રખડવું પડે છે, તેઓએ જીવનનિર્વાહ માટે સતત સંઘર્ષમાં જીવન વિતાવવું પડે છે. લગભગ બધા જ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન જીવે છે.

નાયકાઓ વિકટ આર્થિક પરિસ્થિતિમાં જીવન વિતાવે છે. તેમજ સામાજિક રીતે પણ તેઓનું સ્થાન રાઠવા પછીનું છે. નાયકાઓની આર્થિક ઉન્નતિ નહીં થઈ શકવાનાં અનેક કારણો અને સમસ્યાઓ છે, જેને વિગતે જોવાથી નાયકાઓની સ્થિતિનું સ્પષ્ટ ચિત્ર જોવા મળશે.

**કારણો અને સમસ્યાઓ :**

(૧) આ તપાસના ગામો જેવા જ સૈદ્ધાંતિક પ્રશ્ન અગાઉ પણ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર,

પાવી-જેતપુર, નસવાડી, સંખેડા વગેરે તાલુકામાં વસતા નાયકાઓ માટે ઊભો થયેલો હતો. જેમાં નાયકાઓ પોતાને 'નાયક' તરીકે ઓળખે છે. કારણકે 'નાયક'એ પ્રતિષ્ઠાવાચક શબ્દ છે અને નાયકા-નાયકડાએ હલકાપણાની ભાવનાવાળો તુચ્છકારવાચક શબ્દ છે. અન્ય જાતિઓ અને બિનઆદિવાસીઓ નાયકા-નાયકડા તરીકે ઓળખે છે અને તે શબ્દનો પ્રયોગ કરી બોલાવે છે કે ઓળખાવે તેની પાછળનો ઉદ્દેશ્ય પણ એજનાયકા પોતાની જાતિથી ઉતરતા છે તે બતાવવાનો છે.

નાયકા જાતિની વ્યક્તિઓ પોતાને 'નાયકા' તરીકે ઓળખાવે છે. તેઓ અનુસૂચિત જનજાતિની સૂચીમાં મૂકેલ 'નાયકા-નાયકડા' જ છે. તેના પ્રામાણ્ય તરીકે તેમની સામાજિક-ધાર્મિક આર્થિક બાબતો આગળ જોતાં સ્પષ્ટ થાય છે જ.

'નાયક' તરીકે પોતાને ઓળખાવવા પાછળનો તેમનો આશય સામાજિક પ્રતિષ્ઠાનો છે. તેઓને અનુસૂચિત જનજાતિની સૂચીમાં શું છે તેની પણ ખબર નથી. જેને પરિણામે જયાં કંઈ કહેવાનું કે લખવાનું હોય ત્યાં નાયક કે નાયકા તરીકે જ લખાવતા હોવાથી સરકારી દફતરોમાં જમીન કે તાલુકા પંચાયતના રેકર્ડમાં પણ 'નાયક' જોવા મળે છે. જેને પરિણામે જયારે સરકારી લાભો મેળવવાની તક આવે તો તે સમયે તેમના સરકારી રેકર્ડમાં 'નાયક' લખાયેલ હોવાથી તેમને લાભો મળી શકે નહીં, કે મળતા નથી. કારણકે અનુસૂચિત જનજાતિની યાદીમાં 'નાયકા-નાયકડા' છે નાયક નહીં. તો આ વહિવટી ગૂંચ તેમને નડે છે. તેઓને આ બાબતમાં કંઈ ખબર પણ નથી. મોટાભાગના કુટુંબોની મુલાકાતમા જાણવા મળ્યું છે કે તેઓ લગભગ સરકારી યોજનાઓથી કે સરકારી કાર્યવાહીથી અજાણ છે. તેઓને કંઈ ખબર નથી, તેઓ માત્ર એટલું સમજે છે કે તેઓ આદિવાસી છે નાયકા-નાયકડા જ છે છતાં પોતાની જાતિ વિશેની શાબ્દિક માયાજાળ તેમને આશ્ચર્યમાં નાખી દે છે.

છોટાઉદેપુર અને નસવાડી તાલુકામાં નાયકા કુટુંબોની મુલાકાત વેળા એવું જોવા મળ્યું કે ઘણાને 'નાયક' લખવા છતાં લાભો મળેલા છે, તેમજ તેમની જમીનના ૭.૧૨ના ઉતારામાં 'નાયક' હોવા છતાં ૭૩એએની એન્ટ્રીઓ જોવા મળે છે. તે બતાવે છે કે તેઓ નાયકાઓ જ છે પણ 'નાયક' શબ્દ તો તેઓ પેઢીઓથી વાપરે છે. અનુસૂચિત જનજાતિની સૂચી તૈયાર થઈ તે પહેલાંથી જ એટલે આ વિસ્તારમાં વસતા આ જાતિના કુટુંબો આગળ 'નાયક' લખાઈ ગયેલ હોય તો પણ તેઓ 'નાયકા-નાયકડા' જ છે. જેઓ ખરેખર નાયકા જાતિના જ આદિવાસીઓ છે તે તેમની સંસ્કૃતિ અને જીવનપદ્ધતિ જ બતાવી આપે છે.

(૨) નાયકોમાં શિક્ષણનું પ્રમાણ લગભગ ૧ ટકા જેટલું જ છે, એટલે કે શૂન્ય ટકાજ ! આને

પરિણામે તેઓમાં વિકાસ તરફથી જાગૃતિ જોઈએ તો તેનો બિલકુલ અભાવ છે. તેઓ લગભગ જમીન વિહોણા ખેતમજૂરો છે, રોજી રળવા વર્ષના ૮ માસ અન્ય વિસ્તારોમાં કુટુંબ સાથે ભટકતું જીવન વિતાવે છે જેને પરિણામે બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. વિસ્તારથી દૂર રહેતા હોવાને કારણે તેઓ સ્થાનિક કચેરીઓ તરફથી શું લાભ મળે તેથી અજાણ છે. તેઓ સરકારી કચેરીથી પણ દૂર રહેવાનો જ પ્રયત્ન કરે છે. તેમની આ ભીરુતા તેમને અધિકારીઓ પાસે પણ જવા દેતી નથી, તેઓને કોઈપણ યોજના વિષે કંઈ ખ્યાલ મોટાભાગના ધરાવતા નથી.

(૩) 'નાયકા'ઓનો વિકાસ થઈ શક્યો નથી તેમાં અનેક કારણો છે. જેમાં તેમની પાસે ખેતીલાયક જમીન લગભગ મોટાભાગના વર્ગ પાસે નથી. જેઓની પાસે છે તે પણ નાના ખેડૂતો અને સીમાંત ખેડૂતો છે. તેઓએ પણ જમીન હોવા છતાં ખેતમજૂરી પરજ આધાર રાખવો પડે છે. પોતાના વિસ્તારમાં મજૂરી મળતી નથી. તેઓએ રોજીરોટી માટે અન્ય વિસ્તારો પરજ આધાર રાખવો પડે છે.

ખેતમજૂરી માટે જ્યાં જાય છે ત્યાં પણ અનેક સમસ્યાઓના ભોગ બને છે. કારણકે ગમે ત્યાં કામની શોધમાં રખડવું પડે. સ્ત્રી-બાળકો સાથે જવું પડે. ત્યાં પણ ગમે ત્યાં રહેવું પડે, વરસાદ, ટાઢ કે તડકા સામે પણ તેઓ રક્ષણ મેળવી શકતા નથી અને બીજીબાજુ સખત મજુરી કરવી પડે, ત્યાં પણ ઘણીવાર સ્ત્રી-બાળકોની સલામતી હોતી નથી.

(૪) **શિક્ષણનો અભાવ :**

નાયકાઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત છે જેના મૂળ કારણમાં તેમની આર્થિક સ્થિતિ છે, તેમની ગરીબીજ બાળકોને શિક્ષણ તરફ જવા દેતી નથી, બાળક નાનું હોય ત્યારથીજ જંગલમાંથી જંગલ પેદાશો લાવે, ઢોર ચરાવવા જાય, લાકડાં લઈ આવે માછલી પકડવા જાય જેને પરિણામે નિશાળે ન મોકલતાં તેના બદલે ઘરમાં મદદગાર બનાવી દે છે. આર્થિક રીતે ગમેત્યાં મજૂરી મળે ત્યાં પહોંચી જાય છે, એટલે કે તેના જીવનમાં સતત જીવવા માટેનો સંઘર્ષ દેખાય છે. જેને પરિણામે તેને બીજો વિચાર કરવાનું કે પોતાના હિતમાં શું છે તેનો ખ્યાલ પણ આવી શકતો નથી. માત્ર પરંપરામાંજ ચાલુચીલે ચાલ્યા કરે છે. તેમાંથી કેમ બહાર નિકળવું તેમાથી પણ અજાણ છે.

(૬) જ્યાં થોડા ઘણા લાભો મળ્યા હોય ત્યાં પણ તેનો પૂરો ઉપીયોગ કરી શક્યો નથી. કારણકે તેની પાસે પૂરતાં સાધનો નથી કે આપણી સરકારી યોજનાઓમાં પણ એકવાર અમલ

કર્યાબાદ તેની પાછળ તેની ખબર લેવાતી નથી. તે અંગેની મુશ્કેલીઓનો વિચાર થતો નથી. દા.ત. નસવાડી તાલુકામાં જ્યાં દૂધાળા ઢોર આપ્યાં છે ત્યાં આજે મોટાભાગના પાસે નથી, તેમાંથી કેટલાંક ઢોર મરી ગયાં છે. કારણકે નાયકાઓજમીન વિહોણા ખેતમજૂરો છે. તેઓ ઘાસ લેવા ક્યાં જાય. સ્થાનિક લોકો તેમને ઘાસ લેવા દેતા નથી તેમજ ગામના ગૌચરમાં પણ તેમના ઢોર આવવાથી તેઓએ ખટકે છે. અને સંઘર્ષોમાં ઉતરવું પડે છે. બીજું ખેતમજૂર તરીકે કામ કરતી વ્યક્તિને એક ઢોરપાછળ એક-બે માણસોએ રોકાઈ રહેવું પડે છે. તેમાંથી તે તેટલું વળતર પણ મેળવી શકતો નથી.

આવા અનેક પ્રશ્નોમાં નાયકાઓ ગૂંચવાય છે. તેમના વિકાસ સામે અનેક અવરોધો છે. તેના મૂળમાં તેની જાગૃતિ નથી, અને હાલની કોઈ યોજના અંગેની માહિતીથી તે અજાણ છે, તેમજ અત્યંત ગરીબીમાં જીવન વિતાવતો હોવાથી પોતે ખૂબજ પાછળ છે તેમ માની લઘુતાગ્રંથી સતત પીડાય છે, તેના વિકાસ માટે સઘનરીતે વિચારવું આવશ્યક બને છે.

**ભલામણ / સૂચન :**

(૧) તપાસનાં ગામો (૧) તુરખેડા (૨) કડદા અને ફેરકડામાં જે નાયકા કુટુંબો છે તે મૂળ નાયકા - નાયકડાનો જ એક ભાગ છે એ રીતે એટલે તેઓને નાયકા - નાયકડાને અનુ. જન જાતિના લાભો આપવા જોઈતે, અને એનો અનુ.જનજાતિની યાદીમાં જ સમાવેશ થયેલો છે.

(૨) તપાસ દરમિયાન તેઓનો ઈતિહાસ, તેઓનું મૂળ વતન, સામાજિક સંબંધો વગેરેને ઊંડાંણથી તપાસતાં તેઓના સંબંધો નાયકા - નાયકડા કુટુંબો સાથે જ છે.

(૩) એમનું સા.જીવન, ધાર્મિકજીવન, આર્થિક સંરચના વગેરેને જોતાં તેઓ નાયકા જાતિના જ છે માત્ર શબ્દ ફેરને કારણે આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે તો તેઓના પ્રશ્નના જુદા-જુદા પાસાને આધારે મનાય છે કે તેઓ નાયકા જ છે.

આમ સમગ્રત : જોતા તપાસ આધારે સ્પષ્ટ રીતે કહી શકાય કે આ નાયક એ મૂળ નાયકા - નાયકડા જ છે.

# ગોધરા કાંડ પછી ગુજરાતમાં ભડકેલ કોમીતોફાનોમાં આદિવાસી વિસ્તારનાં જિલ્લાઓમાં થયેલ કોમીતોફાનોની તપાસ

અહેવાલ લેખન : શ્રી જસવંતસિંહ રાઠોડ
સારદોહન : શ્રી દેવચંદભાઈ વહોનિયા

**પૂર્વભૂમિકા :**

તા. ૨૭-૨-૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસના ડબ્બા નં.એસ-૬ને ગોધરા સ્થળે અસામાજિક તત્વોએ બાળી દેંતા તેમાં બેઠેલા ૬૦ જેટલા કારસેવકો બળીને ખાખ થઈ ગયા આ બનાવનાં પગલે સમગ્ર ગુજરાતમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા અને બનાવના દિવસેથી જ ગુજરાતભરમાં ઠેર-ઠેર કોમી આગ ફાટી નીકળી. તેમાં માત્ર લઘુમતિ કોમ તથા બહુમતિ કોમ વચ્ચે આ આગ વધારે ગંભીર બની. રાજયના ઘણા વિસ્તારોમાં આ બનાવના પડઘા પડ્યા તેમાં આદિવાસી વિસ્તારો પણ બાકાત ન રહ્યા. આવા ઉગ્ર તોફાનોમાં જાનમાલનું નુકશાન પણ ઘણું થયું. આવા ઝનુની તોફાનો એકાએક કેમ ફાટી નીકળ્યા તથા તેની પાછળના કેવા પરીબળો હતા તેના કારણો પણ જાણવા જોઈએ તે હેતુસર ઉપરોક્ત કેન્દ્ર દ્વારા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો.

**આદિવાસી અને મુસ્લિમ સબંધો :**

આદિવાસી વિસ્તારોમાં ઘણા વર્ષો પહેલાથી મુસ્લિમ વસ્તિ ઓછા વત્તા પ્રમાણમાં રહે છે. તેમાં ખાસ કરી ને મુસ્લિમ વોરાઓની વસ્તિ ઘણા વર્ષો જુની વસવાટ કરતી આવી છે. ગામમાં આદિવાસી લોકો વોરાની દુકાનને ગામનું અગત્યનું સ્થાન ગણતા સાથે - સાથે આ મુસ્લિમ વોરા સાથે સારા સબંધો ગામનાં આદિવાસી લોકોનાં હતા ધીરે - ધીરે વોરા કોમની સાથે મુસ્લિમ ઘાંચી તથા અન્ય મુસ્લિમ કોમો ગામમાં વેપાર કરવાના આશ્રયથી ગામડામાં આવતી થઈ અને ધીરે ધીરે આદિવાસી લોકોનું શોષણ કરવાનું ચાલુ કર્યું. આ શોષણના કારણે આદિવાસીઓ અને મુસ્લિમો વચ્ચે મનદુઃખ તો થયા કરતું. તેમ છતાં તેમના વ્યવહારો ચાલ્યા કરતા, કારણકે રોજબરોજની વપરાશી ચીજો તેમની દુકાનેથી મળતી અને વ્યવહારો ચાલતા.

મુસ્લિમ લોકો અને આદિવાસી સાથે સબંધો બગડતાં નાના - મોટા સંઘર્ષો થતાં હતાં તેમાં ખુલ્લી ધમકી, દાદાગીરી વગેરે મુસ્લિમો આચરતાં હતાં પણ અસંગઠિત આદિવાસીઓ તેઓની સામે અવાજ ઉઠાવી શકતા ન હોતા.

**કોમીતોફાનોમાં આદિવાસીઓની સામે સામેલગીરીનાં કારણો :**

ગોધરા હત્યાકાંડ પછી ખુબજ વાયુવેગે ગુજરાતનાં જુદા-જુદા શહેરોમાં કોમી આગ ફાટી નીકળતા આદિવાસીલોકો પણ કોમી આગના મુખ્ય પ્રવાહમાં જોડાયા અને છોટા ઉદેપુર, ઝાલોદ,

સંજેલી, સુખસર, દાહોદ, સંતરામપુર, સાબરકાંઠા અને રાજપીપળા જેવા આદિવાસી વિસ્તારોમાં આ તોફાનોની અસરો ખુબજ થઈ.

આદિવાસી લોકો મોટાભાગે સ્થળાંતર કરીને જુદા - જુદા શહેરોમાં ગોધરાકાંડ વખતે મજુરી કરવા ગયેલા હતા અને એકાએક તોફાનો શરૂ થતાં તોફાનોમાં બહાર રહેતા આદિવાસી મજુરોને ખુબ સહન કરવાનું થયું તેથી તેઓ પોતાના વતનમાં આવી તોફાનોની ભયંકરતા અને પોતે સહન કરેલી મુશ્કેલીઓના વર્ણનો કરવા લાગ્યા. આથી લોકો ઉશ્કેરાયા અને સંગઠિત બની તોફાનોમાં જોડાયા તથા આદિવાસી વસ્તારોમાં જુદા જુદા ધર્મસંગઠનોએ હિન્દુત્વની ભાવના અને લાગણી વિશે આદિવાસી લોકોને જાગૃત કર્યા સાથે સાથે સ્થાનિક રાજકીય આગેવાનોનો ટેકો મળતાં સામાન્ય માણસો વધુ ઉશ્કેરાયા. તોફાનોમં તોડફોડ સાથે કંઈક લૂંટફાટમાં મળતું હોવાથી આદિવાસી લોકો લાલચના કારણે પણ તોફાનોમા જોડાયા. આમ પણ આદિવાસી લોકોને લઘુમતિઓ દ્વારા શોષણ થતું હતું અને શોષણનો ભોગ બનનારા આદિવાસીઓ વર્ષોથી આવું સહન કરતા આવ્યા હતા. તેથી આવા શોષણનો બદલો લેવાની આ સારી તક છે તેમ આદિવાસીઓને લાગવા માંડ્યું અને આવા મૂડના આદિવાસી લોકોનો ઉપયોગ હાથા તરીકે કરી લેવામાં સ્થાનિક હિન્દુ ઉચ્ચવર્ગના લોકોએ પણ પોતાના સ્પર્ધાત્મક ધંધા કરનારા હરીફોને પાડવા કેટલીક સરળતાઓ કરી આપી. આમ સમગ્ર કારણાસર આદિવાસીઓ મોટી સંખ્યામાં તોફાનોમાં જોડાતા કાયદો અને વ્યવસ્થાની અસર કંઈ ન થઈ જેથી આવી પરિસ્થિતિનો તોફાન કરાવનારા આંતરિક પરિબળોએ વધારે લાભ ઉઠાવ્યો હતો.

**રાહત અંગેની સહાય અને તેની અસરો :**

આદિવાસી વિસ્તારોમાં મોટાભાગે ગરીબ લઘુમતિ લોકોની વસ્તી વધારે છે, જયારે મોટા વેપારી મુસ્લિમોની વસ્તી ઓછી છે. આવા વિસ્તારોમાં તોફાનો દરમ્યાન વધુ અસરગ્રસ્ત મધ્યમ અને ગરીબ મુસ્લિમો બન્યા હતા કે તેઓને આર્થિક રીતે બહુ મોટું નુકશાન થયું ન હતું પણ ઘરવખરી અને ઘરો નાશ પામ્યા હતા. તેઓએ નુકસાનની આકારણી કરાવીને નુકસાન કરતાં વધારે સહાય મેળવીને હાલમાં પહેલાં કરતાં સારું જીવનધોરણ જીવતા થયા પણ ભયના ઓથાર નીચે જીવન જીવતા જોઈ શકાય છે. કેટલાક વિસ્તારમાં વેપારી કે ધંધાદારી વર્ગને ઘણું નુકશાન થયું છે. તેની ભરપાઈ થઈ શકે તેમ નથી.

**તોફાનો પછીની સ્થિતિ :**

કોમી તોફાનો બાદ મુસ્લિમો અને આદિવાસીઓ સાથેના સંબંધોમાં ઊંડી ખાઈ ઉભી થઈ. અન્ય હિન્દુ કરતાં તોફાનો દરમ્યાન પ્રકાશમાં આવેલ આદિવાસી અને મુસ્લિમ સંબંધોમાં કેટલાક

તફાવતો જોવા મળ્યા હતા. આદિવાસીઓ મુસ્લિમ દુકાનોમાં જતા અટક્યા હતાં તથા મુસ્લિમ વિસ્તારોમાં પણ એકલ-દોકલ નિર્ભયી રીતે જઈ શકતા હતા તે પ્રમાણે લઘુમતિ કોમો દ્વારા પોતાના ધંધાઓ દરમ્યાન કરાતો વ્યવહાર સુધાર્યો છે પણ જાણવા મળ્યું છે તે પ્રમાણે હવે ફરી ક્યારે કોમી આગ ભભૂકી ઉઠે તે કહી ન શકાય. મતલબ કોમી આગની ચિનગારી લોકમાનસમાં સંગ્રહાયેલી જોઈ શકાઈ હતી.

**યથાસ્થિતિ અહેવાલ :**

આદિવાસી વિસ્તારોમાં કોમી તોફાનો દરમ્યાન જુદા જુદા ગ્રામીણ અને શહેરી વિસ્તારોનું ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું અને આ ક્ષેત્રકાર્ય દરમ્યાન નજરે નિહાળેલ દ્રશ્યો અને આધાભૂત માહિતી અહેવાલમાં ટાંકવામાં આવી છે. તોફાનોનો પ્રકાર તથા પ્રમાણ અને તેની ગંભીરતાની નોંધ લખવામાં આવી છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં દાહોદ જિલ્લાના ઝાલોદ, સંજેલી અને દાહોદ ગ્રામીણ અને પંચમહાલ જિલ્લાના લુણાવાડા, સંતરામપુર, સુખસર, વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, પાનવડ, કવાંટ વિસ્તારોના જુદા જુદા બનાવોની નોંધ કરવામાં આવી છે. સાથે સાથે આદિવાસી, ઉચ્ચ હિન્દુ જ્ઞાતિના તથા લઘુમતિ લોકોના પ્રત્યક્ષ મુલાકાતી અહેવાલ યથાસ્થિતિ અહેવાલમાં લેવામાં આવ્યો છે.

**નિષ્કર્ષ :**

ગોધરા રેલ હત્યાકાંડથી થયેલા કોમી તોફાનોમાં મુખ્ય બાબતો જોવા મળી છે. તે જોઈએ તો જગતમાં બનતી ઘટનાઓના મૂળ સુધી જઈએ તો ધાર્મિક લાગણી, સત્તા માટેની લાલચ અને શોષણ આ ત્રણ બાબતો મુખ્ય જોવા મળે છે. ગોધરાકાંડમાં પણ તપાસ દરમ્યાન આ બાબતો જોઈ શકાય છે.

- આદિવાસી વિસ્તારોમાં જુદા જુદા ધર્મસંગઠનોએ પોતાના અંગત સ્વાર્થ ખાતર અજ્ઞાન પ્રજાને વારંવાર ધર્મની ભાવના, લાગણીને આદિવાસી લોકો આગળ જુદી જુદી રીતે રજુ કરી જેથી હિન્દુ અને મુસ્લિમ વચ્ચે વેરભાવ પ્રગટ થયો.
- સ્થાનિક રાજકીય પરિબળોએ પોતાના રાજકીયહિત ખાતર આગેવાની લઈ તોફાનોમાં લોકોને જોડ્યા અને વખત આવે અસરગ્રસ્તોની મદદે ગયા જેથી બેવડી ભૂમિકા તેઓએ પોતાના અંગત સત્તાના સ્વાર્થ ખાતર ભજવી.
- વર્ષોથી આદિવાસીઓનું શોષણ કરનારા લઘુમતિઓને આદિવાસીઓએ પાઠ ભણાવવાની ઉત્તમ તક ગોધરાકાંડને માની તોફાનોમાં આદિવાસીઓ અને મુસ્લિમો વચ્ચે સંઘર્ષો થયા.
- કોમી એકતાના ધોરણો કોમી અલગતાના ધોરણો કરતાં હલકા પડવા લાગ્યા જેથી કોમી તોફાનો શાંત પાડવામાં કોઈ ઉપાય યોગ્ય ન ઠર્યો.

# માથે મેલુ ઉપાડવામાંથી મુક્તિ અને પુનઃવસવાટ
## (પોરબંદરના સફાઈ કામદારોના સંદર્ભમાં)

અહેવાલ લેખન : શ્રી ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય
શ્રી કાન્તિલાલ ડા. મકવાણા
સારદોહન : શ્રી કાન્તિલાલ ડા.મકવાણા

માનવોના મળને હાથથી સાફ કરવાનું અને માથે ઉંચકીને સફાઈ કરવાનું કામ ઘૃણાસ્પદ અને માનવ અસ્મિતા માટે કલંક છે. મુંબઈ સરકારે (તે વખતે ગુજરાત મુંબઈ રાજ્ય હતું) ૧૯૪૯માં સફાઈ કામદારોની પરિસ્થિતિ અંગે એક તપાસ સમિતિની નિમણુંક કરી હતી. આ સમિતિએ માથે મળ ઉંચકવાની પ્રથા નાબૂદ કરવાની ભલામણ કરી હતી. ૧૯૫૬-૫૭માં પણ આ પ્રથા બંધ કરવાની અનુ.જાતિ જનજાતિના કમિશ્નરે પોતાના રિપોર્ટમાં ભલામણ કરી હતી. ત્યારપછી વારંવાર આ વાતને દોહરાવવામાં આવી છે. છેલ્લે ૧૯૯૩માં "ધી એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઈન્સ્ટ્રકશન ઓફ ડ્રાય લેટ્રીન (પ્રોહીબીશન) એક્ટ" કરવામાં આવ્યો છે કે જે દ્વારા હાથથી મળ સાફ કરવાની અને માથે મળ ઉંચકવાની પ્રથા કાયદાકીય રીતે ગુન્હાપાત્ર બને છે પણ કાયદો એક બાબત છે અને વાસ્તવિક સ્થિતિ કંઈક જુદી જ હોય છે તેવું આ બાબતમાં બન્યું છે.

ગુજરાતના કેટલાક નગરોમાં તેમાં પણ મહાત્મા ગાંધીના જન્મ સ્થળ પોરબંદર વિસ્તારમાં આ પ્રથા ક્યાંક ક્યાંક ચાલુ છે તેવું જણાતા ભારત સરકારના કલ્યાણ મંત્રાલય બોર્ડ દ્વારા આદિવાસી કેન્દ્રને "પોરબંદર વિસ્તારના માથે મેલુ ઉપાડવામાંથી મુક્તિ અને પુનઃવસવાટ યોજના મૂલ્યાંકન અભ્યાસ"નું સંશોધન કાર્ય સોંપવામાં આવ્યું હતું.

**મૂલ્યાંકનનો હેતુ:**

આ સંશોધન અભ્યાસમાં કેટલાક હેતુઓ, ધ્યેયો નક્કી કરવામાં આવ્યા હતા જેમાં,

(૧) કાયદાકીય રીતે મેલુ ઉપાડવા ઉપર પ્રતિબંધ હોવા છતાં આ પ્રથા ચાલુ છે કે કેમ ? અને છે તો ક્યા કારણો જવાબદાર છે.

(૨) કેટલા કુટુંબોએ પુનઃસ્થાપન કર્યું ? નવા વ્યવસાયથી કાયદો થયો છે ?

(૩) સફાઈકામમાં શું શું મળે છે તે જાણવું.

(૪) તેઓના સફાઈ અંગેના તેમજ રહેઠાણના પ્રશ્નો જાણવા અને તેને અટકાવવા માટે શું કરવું જોઈએ તે અંગે સૂચનો મેળવવા.

(૫) સફાઈકામદારોના ઘરોની તેમજ વિસ્તારની સ્થિતિ જાણવી.

**વિસ્તાર : તપાસ પદ્ધતિ :**

પોરબંદરના દરેક વિસ્તારો કે જયાં સફાઈ કામદારો વસવાટ કરતા હતા તેવા વિસ્તારો પસંદ કર્યા હતા જેમાં મોદી પ્લોટના ૧૧૦, કડિયા પ્લોટના ૫૬ અને રેલ્વે સ્ટેશનના ૪ મળીને પોરબંદરના કુલ ૧૭૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા ત્યારબાદ આ પ્રથા ચાલતી હોય તેવા પોરબંદર તાલુકાના બે ગામો કે જયાં સફાઈ કામદારોની વસ્તી હોય તેવા આદિત્યાણાના ૫ કુટુંબો અને રાણાવાવના ૨૫ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. કુલ ૨૦૦ કુટુંબોને અભ્યાસ એકમ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

આ તપાસ માટે જુદી જુદી સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુખ્યત્વે મુલાકાત, અવલોકન, સદભાગી નિરીક્ષણ દ્વારા અભ્યાસ કર્યો હતો. એક અનુસૂચિ વડે તેમની ઉંમર, વૈવાહિક દરજ્જો, કુટુંબની પ્રાથમિક માહિતી, માથે મેલુ ઉપાડવુ પડે છે કે નહીં, માથે મેલુ ઉપાડવાનું ક્યારથી બંધ કર્યું, બંધ કર્યાથી કેવી કેવી મુશ્કેલીઓ આવી કે ફાયદો થયો, સફાઈ કામગીરી કેટલી પેઢીથી કરવામાં આવે છે, આ વ્યવસાય સંદર્ભે અન્ય સમાજના લોકોની દ્રષ્ટિ અને વલણ, આ પ્રવૃત્તિને લીધે આરોગ્ય ઉપર થતી અસરો, પુનઃસ્થાપન અંગેની માહિતી શૈક્ષણિક તથા યોજનાઓની માહિતી વિકાસ માટેના સૂચનો વગેરે પ્રશ્નોને આવરી લઈને ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

**સમગ્ર મૂલ્યાંકન :**

ગુજરાત સરકારે સૌપ્રથમ માથે મેલુ ઉપાડવાની પ્રથા બંધ કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી કરી હતી અને આજે તેજ આ પ્રથાને અટકાવવા માટે કોઈ કાયદો અપનાવવા તૈયાર ન હોય તેવુ પોરબંદર તાલુકાના રાણાવાવ, આદિત્યાણા અને રેલ્વે સ્ટેશનના અમુક વિસ્તારોને જોતાં લાગે છે. આ વ્યવસાયમાં દેખીતી રીતે અમુક મુશ્કેલીઓ હોવા છતાં સફાઈ કામદારો આ વ્યવસાયને છોડવા તૈયાર ન હોય તેવું લાગ્યું તેનું એક કારણ એ છે કે આ કામ કરનારા લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે અને તેને કારણે અન્ય વ્યવસાય મળવાની કોઈ શક્યતા નથી. એક બાબત નોંધનીય છે કે પહેલા જે રીતે મળને હાથથી ભરી માથે ઉંચકીને દૂર નાખવા જવું પડતું હતું તેમાં કાયદાઓ થવાથી પરિવર્તનના ભાગરૂપે સેફટી ટેન્ક, પાવડા, મોજા વગેરે સાધનો આવ્યા જેથી આ કામ હાથને બદલે અપવાદ રૂપે કોઈ ગામડાને કે વિસ્તારને બાદ કરતાં હવે સાધનો દ્વારા થવા લાગ્યું.

બીજી બાબત એ કે પહેલા કહેવાતા ઉચ્ચ વર્ગો અને અધિકારીઓ દ્વારા સફાઈ કામદારો પાસેથી સફાઈનું આ કામ દબાણપૂર્વક કરાવવામાં આવતુ તેમાં પ્રતિબંધીત સરકારી કાયદો થતાં કેટલાક સફાઈ કામદારોએ આ વ્યવસાય છોડી નવા વ્યવસાયો અપનાવ્યાં હતા અને જેઓ આ કામ કરે છે તેઓ પણ

અન્ય વ્યવસાય ન મળવાથી કુટુંબનું ભરણપોષણ કરવા માટે આ વ્યવસાય કરે છે. આમ આ બંને બાબતો કાયદાની ફળશ્રુતિ જ ગણી શકાય. તેમ છતાં કાયદામાં અને તેનાં અમલીકરણમાં કેટલીક ખામીઓ/ ત્રૂટીઓ હોવાને લીધે આ પ્રથા ઉપર જેટલી થવી જોઈએ તેટલી અસર થઈ નથી અને તેથી હજુ આજે પણ ગુજરાતમાં ક્યાંક ક્યાંક આ પ્રથા અસ્તિત્વ ધરાવે છે. આ ત્રૂટીઓ ટૂંકમાં જોઈએ તો :

(૧) કાયદા મુજબ આ પ્રવૃત્તિ નાબૂદ થવી જોઈએ તેવું કહેવામાં આવ્યું છે પરંતુ આ કામ છોડી તેઓ નવો વ્યવસાય અપનાવે તેવી વૈકલ્પિક વ્યવસ્થા હજુ સુધી ઉભી કરવામાં આવી નથી.

(૨) રાજ્ય સરકાર દ્વારા વહિવટી વ્યવસ્થા કે કોઈ માળખુ ગોઠવાયુ નથી. ધારાસભામાં કાયદો પસાર થયો ન હોવાથ કાયદાકીય પગલા લઈ દંડ કે સજા નથી થતી.

(૩) માથે મેલુ ઉપાડવાની પ્રથા સંપૂર્ણ નાબૂદ થાય તે માટે સમયબદ્ધ કાર્યક્રમ ઘડવામાં આવ્યો નથી.

(૪) યોજનાનો સફાઈ કામદારોમાં પ્રચાર-પ્રસાર નથી તેનાં લાભાલાભ શું છે તે પણ તેઓ જાણતા નથી.

**પ્રશ્નો, તારણો અને સૂચનો :**

સફાઈ કામદારોને ઘણા બધા પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છે તેથી તેમના બધા જ પ્રશ્નોને આ અભ્યાસમા તપાસવામાં આવ્યા છે જેવાં કે,

(૧) સફાઈ કામદારોના સફાઈકામના સંદર્ભમાં પ્રશ્નો હોય જેવા કે પૂરતા સાધનો ન મળતા હોય, મહેનત વધુ કરવી પડતી હોય કે મહેનતાણું ઓછું મળતું હોય, લોકો સૂગથી જુએ, અધિકારીઓનું તોછડાઈ ભર્યુ વર્તન વગેરે.

(૨) સામાજિક સમસ્યામાં સમાજમાં નીચું સ્થાન અંધશ્રદ્ધા વગેરે.

(૩) આર્થિક પ્રવૃત્તિ અંગે જોઈએ તો મહેનતના પ્રમાણમાં ઓછું વળતર, સભ્ય સંખ્યા વધુ હોવાથી ભરણપોષણ ન થઈ શકે, સમયસર પગાર ન મળવો.

(૪) આરોગ્ય માટે પ્રાથમિક કે ઉચ્ચકક્ષાની સુવિધા નગરપાલિકા પાસે નથી, કામદારને મેડીકલ ખર્ચ કે કોઈપણ પ્રકારનું વળતર આપવામાં આવતુ નથી, બહેનોને વધુ પડતા કામના બોજના કારણે શારીરિક અસર થાય છે.

સફાઈ કામદારોના જે પ્રશ્નોની ચર્ચા કરી એ ઉપરાંત પણ સમગ્ર જીવન લગભગ મોટાભાગના પ્રશ્નોથી ઘેરાયેલુ પોરબંદર તાલુકાના ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યું.

(૧) મર્યાદિત જગ્યામાં ગીચોગીચ વસ્તીએ આ સમાજનો મોટો પ્રશ્ન પોરબંદરના કડિયા પ્લોટ અને મોદી પ્લોટ કે જયાં સફાઈ કામદાર વર્ગનો વાસ આવેલો છે. બંને જગ્યાએ સરખી પરિસ્થિતિ જોવા મળી.

(૨) બેરોજગારીનું સ્તર ઊંચુ એક કે બે વ્યક્તિ કમાતી હોય અને બાકીની ૮ વ્યક્તિ સંપૂર્ણપણે નિર્ભર હોય છે.

(૩) સ્થાનિક રહેવાસીઓનું કહેવું હતું કે નગરપાલિકાએ પાણીની પાઈપલાઈન નખાવી પરંતુ આગળ આડા કનેકશનો દ્વારા સવર્ણોને પાણી પુરું પાડવામાં આવતુ હોવાથી અહીં એ લોકો સુધી પાણી પહોંચી શકતુ નથી.

(૪) પોરબંદરની મુલાકાત દરમ્યાન માનવતાને માથે કલંક સમાન સ્થતિ અસ્તિત્વ ધરાવી રહી હોય તેવું જાણવા મળ્યું.

(૫) આ કાર્યમાં રોકાયેલાઓને નગણ્ય વેતન અપાય છે. તેમને કાયમી મજૂર ગણવામાં આવતા નથી. મોટા ભાગના કામદારોને હંગામી મજૂર તરીકે નોંધ્યા છે.

(૬) સફાઈ કામદારના સ્નાતકકક્ષાના મજૂરને લાયકાતના ધોરણે નગરપાલીકામાં કામ આપવામાં આવતું નથી.

આ પ્રથા હાલના સંજોગોમાં પણ પરોક્ષ યા પ્રત્યક્ષ રીતે ટકી રહેવા માટે કેટલાક સ્થળોએ સામંતશાહી પરીબળો, કેટલાક સ્થળે ધાર્મિક માન્યતા તો કેટલીક જગ્યાએ વૈકલ્પિક રોજગારીના અભાવે આ પ્રથા અસ્તિત્વ ધરાવી રહી છે. આદિત્યાણા ગામમાં લઘુમતી કોમની પડદાનશીન બહેનોને બહાર જવાનો નિષેધ હોવાથી આ પ્રથા અસ્તિત્વ ધરાવી રહી છે. ક્યાંક અત્યંત ગરીબ પરિસ્થિતિને કારણે જાજરૂની વ્યવસ્થા બદલી શકવા શક્તિમાન હોય છે. અમુક જગ્યાએ ગરીબીને કારણે આ પ્રથા ચાલુ રહી છે કારણકે તેને આજીવિકાનું મહત્વનું સાધન ગણે છે અને વૈકલ્પિક રોજગારીના અભાવે પણ ચાલુ રહેવા પામે છે.

**અભ્યાસના મુખ્ય મુખ્ય તારણો :**

(૧) સફાઈ કામદાર તરીકે સૌથીવધુ ૯૫ ટકા પુરુષો જોડાયેલા હતા.

(૨) માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવ્યા પછી આગળ શિક્ષણ મેળવવાની સંખ્યા ઘટતી જાય છે. કન્યાઓની સંખ્યા તો લગભગ નહીંવત્ છે.

(૩) સફાઈ કામદારો પોતાના કાયમી વ્યવસાય ઉપરાંત ખાનગી ધોરણે સફાઈકામ કરતા જોવા મળ્યા હતા.

(૪) સફાઈ કામદારોનું છેલ્લા ૧૫ વર્ષથી આ કામ બંધ કર્યું હોય તેવા ૩૭.૫ ટકા જોવા મળ્યા છે. કામ બંધ કરવાનું કારણ સેફટી સંડાશ થવાથી આ કામ બંધ કરેલું.

(૫) માથે મલુ ઉપાવાનું બંધ કરી નવા કામમાં જોડાવાથી ફાયદો થયો છે તેની સંખ્યા સૌથી વધારે જોવા મળે છે.

(૬) મોટાભાગનાને આ કામગીરી પસંદ નથી. આ પ્રવૃત્તિ સિવાય કડિયાકામ કરવાની તથા રીક્ષા ચલાવવાની ઈચ્છા ધરાવતા જોવા મળ્યા હતા.

(૭) અભ્યાસમાં જોવા મળ્યું હતું કે આ વ્યવસાય કરનાર પ્રત્યે ઉપેક્ષા સેવાય છે.

(૮) માથે મેલુ ઉપાડવાનું બંધ થાય તો તેની અવેજીમાં ધંધા માટે લોન અને તાલીમ આપવી જોઈએ એમ કહેનાર ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. આથી સ્પષ્ટ થાય છે કે તેઓ આ વ્યવસાય છોડવા માટે તત્પર છે. પણ અન્ય વ્યવસાય માટેની પૂરતી તકો, આર્થિક સગવડો, નીચુ શૈક્ષણિક સ્તર વગેરેનો અભાવ એમને બહાર લાવવામાં નિષ્ફળ બનાવે છે.

(૯) નવા વ્યવસાયમાં જોડાવા માટેની તાલીમ મેળવેલી અને થોડા સભ્યો નવા વ્યવસાયમાં જોડાયા છે અને તે પ્રક્રિયા ચાલુ છે.

**સફાઈ કામદારોના પ્રશ્નો હલ કરવા માટેના સૂચનો :**

(૧) સફાઈ કામદારોને પૂરતા સાધનો આપવા જોઈએ અને મહેનતના પ્રમાણમાં મહેનતાણું મળવું જોઈએ.તેમને કાયમી મજૂર તરીકે ગણીને બધા જ સરકારી લાભો આપવા જોઈએ.

(૨) નવા વ્યવસાય માટે તાલીમ આપીને યોગ્ય સબસીડી સાથે લોનની જોગવાઈ પણ કરવી જોઈએ.

(૩) વસ્તીની ગીચના અટકાવવા અમુક ચો.વારના ઘરથાળના મફત પ્લોટો ફાળવવા જોઈએ.

(૪) સફાઈ કામાદારોના બાળકો પૂરેપૂરું શિક્ષણ મેળવી શકે તે માટે બધીજ શૈક્ષણિક સવલતો આપવી જોઈએ. બહેનોના શિક્ષણમાં વધુ પ્રોત્સાહક યોજના કરવી જોઈએ.

(૫) આરોગ્ય કેન્દ્ર દ્વારા સફાઈ કામદારોની વર્ષમાં ૨ વખત તબીબી તપાસ કરવી જોઈએ. વિના મૂલ્યે સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૬) દરેક સફાઈ કામદારનો જીવનવિમો ફરજીયાત ઉતારવો જોઈએ.

(૭) કષ્ટમુક્તિ અને પુનઃવસવાટ માટે વિસ્તારને ધ્યાનમાં લઈ નવા ઉદ્યોગ-ધંધા શરૂ કરવા જોઈએ.

(૮) તેઓના વિકાસ માટે વહીવટીતંત્રે, સામાજિક સંસ્થાઓએ, કાર્યકરોએ, ભંગી સમાજના યુવાનોએ નૈતિક ફરજ સમજીને સમસ્યાઓ હલ કરવા કાર્યરત થવું જોઈએ.

(૯) સમાજકલ્યાણ ખાતા દ્વારા આ જાતિનો સર્વાંગી અભ્યાસ (Household Survey) કરાવવો જોઈએ, જેથી તેઓની વિવિધ સમસ્યાઓનો વિશદ ખ્યાલ આવે અને તેમના વિકાસ માટેની ઊંડાણપૂર્વક માહિતી મળી શકે.

# ગુજરાતની એક અજાણી જાતિ : બોરપી
## સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ

ચંદ્રકાન્ત એસ. પટેલ

૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૬૧,૬૧,૭૭૫ની છે. જે રાજ્યની કુલ વસ્તીના ૧૪.૯૨ ટકા જેટલી છે. રાજ્યમાં કુલ ૨૮ આદિવાસી જાતિઓ છે. આ આદિવાસી સમૂદાયો વધારે, ઓછી વસ્તી સાથે વસવાટ કરે છે. આ જાતિ સમૂદાયો સાથે કેટલાક ઓછી વસ્તી ધરાવતા સમૂદાયો વસતા જોવા મળે છે. 'બોરપી' એક ઓછી વસ્તી ધરાવતો આવો જ એક સમૂદાય દક્ષિણ ગુજરાતના વલસાડ.જિલ્લાના વિસ્તારોના તાલુકાના ગામોમાં વસે છે. તે અજાણ છે. તેના વિશે કોઈ આધારભૂત માહિતી નથી. તેઓ પોતાને નાયકા જાતિની પેટા જાતિ તરીકે ગણાવે છે. પરંતુ તેમની કોઈ આગવી ઓળખ હજુ થઈ નથી.

**અભ્યાસના હેતુઓઃ**

(૧) આ જાતિને તેમના કહેવા પ્રમાણે અનુસૂચિત જનજાતિમાં ગણવામાં આવી નથી તો ખરેખર શું છે ?

(૨) બોરપી હજુ અલિપ્ત, અજાણ કેમ છે ? આમ કેમ બન્યું ? તેઓ લાભોથી વંચિત કેમ છે.

(૩) તેમની લેખિત કોઈ માહિતી નથી. તેના વિશે શોધ થવી જોઈએ.

(૪) આવા નાના સમૂદાયો વિકાસ કાર્યક્રમોથી વંચિત રહી જવા પામે છે. અભ્યાસ કરી પૂર્તિ કરવા માટે.

(૫) આ જાતિનું આર્થિક જીવન માળખું શેને આધારે હતું, આજે શું પરિસ્થિતિ છે ?

(૬) બોરપી જાતિના ક્યા પ્રશ્નો છે, તેની જાણકારી મેળવવા માટે.

(૭) તેનુ વિકાસલક્ષી આયોજન બનાવી સર્વાંગી વિકાસ માટે રૂપરેખા માટે.

**વિસ્તાર અને કુટુંબ પસંદગી :**

બોરપી નાનુ જાતિ જૂથ છે. જેની વસ્તી વલસાડ જિલ્લામાં હોઈ ધરમપુરમાં (વડખંભા, ખેરડા, જીરવા, નાની વહીયાળ) ઉંમરગામમાં (ઝરોલી), વલસાડ (નવેરા) અને સેલવાસમાં (તિધરા) ગામોને સમાવી કુલ ૧૦૦ જેટલા કુટુંબો આવરી લીધા હતા.

**વસતિ :**

બોરપી જાતિની વસતિ ઉંમર ગામના ચાર, પારડીના ચાર, ધરમપુરના આઠ, ચીખલીના ચાર, વલસાડના ત્રણ અને કપરાડાના ચાર આ ઉપરાંત સેલવાસ અને દમણના પાંચ ગામોમાં કુલ આશરે ૨૦૦ જેટલા કુટુંબ હોઈ અને બીજી નહી અંદાજેલી કદાચ ૩,૦૦૦ હજારની આસપાસ વસતિ હશે.

**ભૌતિક જીવન :**

**ઘર :**

ક્ષેત્રકાર્ય દરમ્યાન ૧૦૦ કુટુંબોનો સંપર્ક સાધેલો જેમાં સાત ગામનાં કુટુંબો સમાવેલાં. બધા જ પોતાનું ઘર ધરાવે છે, માત્ર ત્રણ ઘર પાકા જોવા મળ્યા હતા. બાકીના બધા જ ૯૭ ઘરો કાચા હતા. બધા જ મકાનો એક માળના, એક, બે, ત્રણ ઓરડાના જાણવા મળ્યા હતા. મકાનો વાંસ, માટીની થાંભલી દિવાલોવાળા અને નળિયાં, ઘાસ, પાંદડાના છાજવાળા જોવા મળ્યા હતા. બોરપીઓના બધા જ ઘરો નદી કિનારે જ બાંધેલા જોવા મળ્યા હતા.

ઘરવખરીના વાસણોમાં એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ, માટી અને કાચનો સમાવેશ થતો હતો. અન્ય ઘરવખરીમાં ખાટલા, સાયકલ, ઘડિયાળ, રેડિયો, માછલાની જાળ, ફાનસ-ચીમની, ટોપલા-ટોપલી, દળવાની ઘટી, પેટી વગેરે જેવા સાધનો જોવા મળ્યા હતા.

ખેતીના સાધનોમાં હળ, કરબ, વાવણિયો, નાના ઓજારો (દાતરડા, કૂહાળી, ખૂરપી, કોદાળી, પાવળો), ગાડુ વગેરે જોવા જાણવા મળ્યા હતા.

**આહાર-પીણાં :**

બોરપીઓ ચોખાના રોટલા, માછલીનું શાક અને મળે તો જુવારના રોટલા જે શાકભાજી મળે તે ખાય છે. સ્થિતિ હોય તે દાળભાત બનાવી ખાય છે. ક્યારેક વાલ, અડદ જેવા કઠોળનો ખોરાકમાં ઉપયોગ કરે છે. મજૂરી ન મળે તેવા સમયે ગામમાંથી માગીને જે મળે તે ખાય છે. અનાજના અભાવે અર્ધભૂખ્યા દિવસો પસાર કરવા પડે છે.

બોરપીઓ નશાવાળા દારૂ-તાડી પીવે છે, સામાજિક પ્રસંગોએ ખાસ પીવે છે. અન્ય પીણાંઓમાં ચા છે. જે દૂધ વગરની ખાંડ કે ગોળવાળી હોય છે.

**પોષાક :**

તેઓ ખૂબ સાદો પોષાક પહેરે છે. પુરૂષો ધોતી, બંડી, ખમીશ માથે ટોપી કે પાગડી

બાંધે છે. કેટલાક પેન્ટ પહેરે છે. ઘરે ચડ્ડી પહેરી રાખે છે.

સ્ત્રીઓ હાથસાળનાં કાળાં લૂંગડાં કછોટો મારી પહેરે છે. ટૂંકડો માથે ઓઢે છે. કેટલીક સ્ત્રીઓ ચોળી સાથે સાડી કે કાપડુ પહેરે છે.

**શિકારના સાધન :**

માછલી પકડવાની જાળ તેમને માટે ખૂબ જ અગત્યનું સાધન છે. એ સિવાય ગિલોલ કે કુહાડી શિકારના સાધન માટે વાપરે છે.

**આર્થિક જીવન :**

બોરપી જાતિના સમગ્ર આર્થિક માળખાનો આધાર અનેકવિધ નાના વ્યવસાયો છે. જેમાં ખેતી, ખેતમજૂરી, જંગલમજૂરી, છૂટક મજૂરી, પશુપાલન, જંગલ પેદાશો, નોકરી જેવા વ્યવસાયો ઋતુ દર ઋતુ કરીને કેટલાક તો અત્યંત કફોડી એવી સ્થિતિ સાથે જીવનનિર્વાહ ગોઠવે છે. એ સિવાય માછલી પકવી, વેચવી, ગામમાં માંગવા જવું, માછલી જાળ ગૂંથવી તેને વેચવી જેવા કામો કરે છે.

**ખેતી :**

બોરપીમાં ખૂબ જ ઓછા કુટુંબો જમીન ધરાવે છે. તે પણ તદ્દન ઓછી ધરાવે છે. જેનાથી આખાય કુટુંબને ખાવા પુરતું મળતુ નથી. જમીન ખેતી લાયક નથી, પથરાળ, ખાડા ટેકરાવાળી, ફળદ્રુપ નથી. ડાંગર, નાગલી, જુવારના પાકો લે છે. શાકભાજી ઉગાડી વેચે છે.

**ખેતમજૂરી :**

જમીન ઓછી અને સારી નથી. ગામમાં જ્યાં મળે ત્યાં ખેતમજૂરી રોપવાની, નીંદવાની, ખોદવાની કરે છે. પાક પાકે ત્યારે કાપણી કે ઝૂડવાની મજૂરી હોય છે. શિયાળે ઘાસ કાપવાની સરહદના મહારાષ્ટ્રમાં ભાયંદર, પાલઘરમાં સ્થળાંતર મજૂરી કરે છે.

**છૂટકમજૂરી :**

ઉનાળે, શિયાળે જયારે ખેતી કામની મજૂરી ઓછી થઈ જાય ત્યારે અને કેટલાક આમેય સ્થળાંતરી છૂટક મજૂરી માટે અતુલ, મધુવન, વાપી, ધરમપુર અને મુંબઈ સુધી જાય છે. ત્યાં બાંધકામ અને ઔદ્યોગિક એકમોમાં જે મળે તે મજૂરી કરે છે.

**માછલી પકડવી-વેચવી :**

બોરપીઓ હંમેશા નદી કિનારે વસેલા હોય બારેમાસ માછલી પકડવી અને વેચવી તેમનો

મુખ્ય વ્યવસાય થઈ પડ્યો છે. તેઓ સવાર બપોર કે સાંજ અથવા રાત્રે પણ માછલી પકડે છે. સાથે સાથે જાળી ગૂંથવા અને તેને વેચવાની પણ તેઓ કામગીરી કરે છે.

**માંગવું :**

બોરપીઓ આગળ બતાવ્યા એ વ્યવસાયો ઉપરાંત માગવા પણ તેઓ ગામમાં કે નજીકના ગામે જાય છે. તેઓ નદીમાં એક પારેથી બીજી પારે ઉતરાઈના બદલામાં માગે છે અને તેમાંથી નિર્વાહ ગોઠવે છે, તહેવારોએ ખાસ માગે છે.

**પશુપાલન :**

ખૂબજ ઓછા કુટુંબો પશુપાલન કરતા જોવા મળે છે.

**જંગલમજૂરી-જંગલ ગૌણ પેદાશ :**

બોરપીઓ જંગલ મજૂરી જે મળે તે પણ કરે છે, સાથે સાથે જંગલ ગૌણ પેદાશો પણ વીણી વેચે છે.

**આવક :**

બોરપીઓની કુટુંબદીઠ વાર્ષિક આવક ૩,૬૦૨ રૂપિયાની માત્ર જાણવા મળી હતી. જે આવક ખેતી, ખેતમજૂરી, બાંધકામ કે છૂટકમજૂરી, નોકરી, માછલીની આવક, પશુપાલન વગેરેની જોવા મળી હતી. જે કુટુંબદીઠ માસિક આવક ૩૦૦ રૂપિયાની થતી હતી.

**ખર્ચ :**

બોરપીઓ રોજબરોજના દૈનિક ખર્ચમાં પોતાની આવક વાપરે છે. જે કુટુંબદીઠ વાર્ષિક વપરાશ જોઈએ તો ૩,૫૮૦ રૂપિયાનો થતો જાણવા મળ્યો હતો. કુટુંબદીઠ માસિક ૨૯૮ રૂપિયાનો હતો. ખેતીવાડીના ખર્ચની સાથે ખર્ચ જોઈએ તો તેઓને જે દેવું જોવા મળે છે તે જોતાં તેઓ ભારે ખર્ચ કરી શકતા નથી.

**સામાજિક સંગઠન :**

બોરપીઓમાં સામાજિક સંગઠનના ભાગરૂપે કુટુંબ વ્યવસ્થામાં પિતૃસત્તાક, પિતૃવંશીય વ્યવસ્થા છે. અભ્યાસના કુટુંબોમાંથી ૮૦ કેન્દ્રીય અને ૨૦ સંયુક્ત કુટુંબો હતા. લગ્નબાદ પુત્ર અલગ ઝૂંપડું બાંધી રહે છે. બોરપીઓમા સગોત્ર બર્હિવિવાહ પ્રથા છે. પરંતુ ગામમાં લગ્ન સંબંધો થતા જોવા મળે છે. તેઓમાં છૂટાછેડા અને પુનઃલગ્ન પ્રથાઓ પ્રચલિત છે. તેમનામાં ઘરજમાઈ

(ખંધાડિયા) લાવવાની પ્રથા પણ છે. તેઓમાં દહેજપ્રથા સ્ત્રીઓનું દહેજ અપાતું નથી. એટલે સ્ત્રીનો દરજ્જો ઉંચો છે.

**ગોત્ર વ્યવસ્થા :**

ગોત્ર વ્યવસ્થા બોરપીઓમાં જોવા મળે છે. ૧૭ જેટલા ગોત્રો જાણવા મળ્યા હતા. તેઓમાં તેમના ઝઘડાઓના નિરાકરણ માટે જાતિપંચ છે. તે લગ્ન અને ધાર્મિક કામોમાં પણ મહત્વનો ભાગ ભજવે છે.

**સામાજિક રીતરિવાજો :**

બોરપી સમાજમાં રજસ્વલા સ્ત્રી "ફાવતુની છે" તેમ કહે છે. તે ધાર્મિક પૂજાવિધિ, રસોઈ કરવી, ઘર સફાઈ વગેરે જેવાં કામો કરતી નથી. ગર્ભ ન રહે તો ભગત પાસે જઈ માનતા માને છે. પ્રસુતિ દાયણ કરાવે છે. પ્રસુતિ બાદ પાંચુરાની વિધિ કરાય છે. નામ મા-બાપ કે મોટેરાઓ પાડી દે છે. તેઓમાં 'નિમાલા ઉતારવાની' વાળ કાપવાની વિધિ કરાય છે.

બોરપીઓમાં લગ્ન પહેલાંના જાતીય સંબંધો જોવા મળે છે. જંગલમાં ખેતીકામમાં કે હાટ મેળામાં આવા સંબંધ બંધાય છે જે લગ્નમાં પણ પરિણામે છે.

**લગ્ન :**

લગ્ન નજીકમાં કરે છે. એક ગોત્રમાં કે સગામાં નજીક લગ્ન કરતા નથી. બીજા ફળિયે જ ગોઠવે તેવું વધુ જોવા મળે છે.

બોપરીઓ સગાઈને પેરામણી, ફૂલહાર, પેણ, વરાડ જેવો શબ્દોથી ઓળખે છે. લગ્ન ૧૬ થી ૨૫ વર્ષની ઉંમર વચ્ચે છોકરા કે છોકરીના થતા જોવા મળે છે. લગ્ન માગુ છોકરા તરફ કરાય છે. છોકરાવાળાને દહેજ કન્યા પક્ષે આપવું પડે છે.

**બોરપીના લગ્ન રિવાજો :**

(૧) સગાઈ માગું 'પેણ' (૨) દહેજ, (૩) પીઠી (૪) માંડવો (૫) જાન, વરવધૂના પહેરવેશ, (૬) લગ્નવિધિ (૭) કન્યા વિદાય (૮) આણું જેવી અનેક વિધિઓમાંથી પસાર થાય છે.

**છૂટાછેડા :**

છૂટાછેડા પંચ દ્વારા કરાય છે.જેની ભૂલ હોય તો દંડ કરી છૂટાછેડા અપાય છે. તેમનામાં પુનઃલગ્ન, નાતરાનો રિવાજ છે.

**મૃત્યુ સંસ્કાર :**

મૃત વ્યક્તિને તેમનામાં બાળવામાં આવે છે. રોગિષ્ટ કે બાળક હોય તો દાટવામાં આવે છે. તેનું વિહામણું તેઓ મૂકતા નથી. તેમનામાં મૃત્યું પછીના રિવાજોમાં નાનલો દિવસની વિધિ પંદર દિવસમાં બ્રાહ્મણ પાસે કરાવે છે. પાણી કાપવું (પિંડ કાપવું)ની વિધિ એ પછી તેઓમાં જોવા મળે છે. નાનલો દિવસ પછી મોટો દહાળો એકાદ વર્ષ બાદ તેઓ કરાવે છે. સ્ત્રી મૃત્યુ પછી 'વીર'ની વિધિ કરે છે- તેઓમાં ખતરુ બેસાડાય છે.

**ધાર્મિક જીવન :**

તેઓમાં ઘરના દેવ અને ખેતરવૃક્ષ નીચેના દેવ એ બે પ્રકારના દેવ દેવીઓની પૂજાવિધિઓ તેઓ કરે છે. ઘરના દેવોમાં કણહરી દેવી, જે અનાજની દેવી છે. ચેળો એટલે કે ગોવાળ દેવ. ખેતર-વૃક્ષના બણભુ, રાનભૂત, હનુમાન વગેરે છે.

**તહેવારો :**

બોરપીઆ દિવાસો, રક્ષાબંધન, અગિયારસ, દિવાળી, શિવરાત્રી અને હોળી જેવા તહેવારો ઉજવે છે.

તેઓ ભૂતપ્રેત, ડાકરણ, ભૂવાભગત વગેરેને માને છે અને વિધિઓ કરી બાધા માનતા રાખે છે.

**સૂચિત વિકાસ કાર્યક્રમ :**

ગુજરાતની જાતિઓમાં ઘણા જાતિજૂથો ઓછી વસતિ ધરાવે છે. બોરપી આવું જ એક જાતિ જૂથ છે. જે ગ્રામ્ય આદિવાસી વિસ્તારમાં વસતુ હોવાથી તેનો વિકાસ થયો નથી. મારા સંશોધન તપાસના અનુભવોને આધારે અને બોરપીઓની વાસ્તવિક જરૂરિયાતો અને તેમની લાગણી અનુસાર સૂચવાયેલા સૂચનો દ્વારા વિકાસ કાર્યક્રમો બનાવ્યો છે.

બોરપીઓની વસતિ ધરમપુર, ચીખલી, ઉંમરગામ, પારડી, કપરાડા, ગણદેવી, વલસાડ તાલુકાના નદી કિનારાના ગામોમાં વસેલી છે. તેમની વસતિ કેન્દ્રશાસિત સેલવાસ (દાદરાનગર હવેલી) અને દમણના બે ત્રણ ગામોમાં પણ વસેલી છે. તેમની વસતિ સંખ્યા અંદાજે ૩,૦૦૦ની આસપાસ હશે. આજે ચોક્કસ કેટલી હશે, એ કહેવું મુશ્કેલ છે. અહીયાં જે થોડા ગામ અને ૧૦૦ કુટુંબોને લઈને તપાસ કરીને માહિતી મેળવી છે.

આ જાતિના લગભગ ૯૦ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવતા હશે એમ ૧૦૦ કુટુંબોની તેમની આવક-ખર્ચની જાણવા મળેલી વિગતો ઉપરથી જોઈ શકાય છે. બોરપી જાતિના કેટલાય કુટુંબોના સભ્યોને વર્ષના કેટલાક દિવસો ભૂખ્યા કે અર્ધભૂખ્યા રહીને એકાદ બે માસ કાઢવા પડે છે. કારણકે તેવો તરાપાથી નદીમાં એક થી બીજા કિનારે ઉતારીને જે મળે તેનાથી ચલાવતા. તેમાં પુલો થવાથી આવક ઘટી છે. માછલા પકડીને વધારાના વેચીને કંઈ મળે તેમાંથી નિર્વાહ કરતા હતા. ખેતી માંડ થોડા કુટુંબોને છે, તે પણ ખૂબ ઓછી છે. મજૂરીના દર ખૂબ જ ઓછા છે. બહારની સ્થળાંતરી મજૂરી વર્ષના થોડા દિવસ મળે અને એ સિવાય ગામમાં માંગીને તેવો પેટ ભરે છે, એ સિવાય સ્થાયી કોઈ આવકનું સાધન નથી. એટલે હંમેશાંની આર્થિક સંકડામણ વેઠીને જીવન વ્યથિત તેઓ કરી રહ્યા છે. એટલે જ તો આ જાતિના વિકાસ માટે, તેની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવી અને આર્થિક રીતે પણ જો તેમનું આયોજન કરાય તો તેમનો વિકાસ શક્ય બને.

બોરપીઓના કહેવા પ્રમાણે તેમને સરકારી લાભો મળતા નથી. તેમનામાં આવો ખર્ચ સરકાર તરફથી થયો નથી. તો બોરપીઓની ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને હવે પછી ખર્ચ કરવો પડશે.

આ જાતિની, સમાજની અર્થરચનાને પગભર બનાવવા માટે ખર્ચ તો કરવું જ પડશે, કારણકે તેઓ તે કરી શકે તેમ નથી. એટલે જો વિકાસના કાર્યક્રમો પાછળ અંદાજેલ ખર્ચથી ઓછો ખર્ચ કરવામાં તેમની અર્થરચનાનું માળખું શક્ય ન પણ બને.

આ વિકાસ માળખાનો કાર્યક્રમ ખર્ચ પ્રથમ દ્રષ્ટિએ વધારે દેખાશે. પરંતુ પછીથી વિકાસની ગતિ પકડાતાં ખર્ચ ઓછો થશે.

આવા મોટા ખર્ચનો આંકડો એ બોરપી જાતિ માટે એક ચેલેન્જ હશે. આટલા બધા પૈસા ખર્ચાય એ ઉગ્યા ત્યારે જ ગણાશે કે મળેલા પૈસાનો ખરેખર ઉપયોગ કરી વિકાસ સાધશે. પૈસાના ખર્ચની સાથે સાથે બોરપીઓએ પરિશ્રમ કરવો પડશે, ત્યારે જતેમની અર્થરચનામાં પરિવર્તન આવશે. બોરપીઓએ ત્યાર પછી જાતે જ પોતાનું ભવિષ્ય ઘડવાનું છે.

**વિકાસ કાર્યક્રમ :**

**ઘર-રહેઠાણ : સમસ્યા :**

બોરપીઓ નદી કિનારે જ વસતા હોય અને ઘરો તદ્દન કાચા અને કદમાં નાના એક ખંડના હોય દર વર્ષ વધુ વરસાદથી નદીમાં પાણી આવતાં ઘર અને ઘરવખરીને પારાવાર નુકશાન થાય છે.

ઉપાય : તેમને નદીથી દૂર જ્યાં પાણી ન આવે અને ઘર-વખરીને નુકસાન ન પહોંચે તેવી જગ્યાએ જમીન આપી વસાવવી પાકા અને આરોગ્યપ્રદ રહેઠાણો બનાવી આપવા જોઈએ.

**જમીન : સમસ્યા :**

આ જાતિ પાસે જમીન નથી. બહુ અલ્પ કુટુંબો અત્યંત ઓછી જમીન ધરાવે છે. તે પણ કસ વિનાની, નદીના પાણીથી ધોવાય ગયેલી, તેઓ સરકારી જમીન ખેડતા હતા. વૃક્ષો વાવવાથી જમીન ગઈ.

ઉપાય : તેમને ખરાબાની ખેડી શકાય તેવી જંગલની જમીન આપવી અને પાતળી જમીન હોય તો સરખી કરી સારી ખેતી કરી શકે તેવી ગોઠવણ કરી આપવી જોઈએ.

**ખેતી : સમસ્યા :**

જે કુટુંબ પાસે થોડી જમીન છે. તેઓને જમીન સરખી કરવા મદદ કરવી જોઈએ. તેમાં સાધનો, બિયારણ, ખાતર, પશુઓ, ખેતીના વગેરે માટે સબસીડી-લોન આપી તેમને ખેતી માટે જે સાધનનો અભાવ છે, તે દૂર કરવો જોઈએ.

ઉપાય : ખેતીની જમીન બને ત્યાં વધારી આપી કુવા, નદીથી સિંચાઈની અને નાણાંકીય અછતમાં મદદ કરી, વૈજ્ઞાનિક ઢબે ખેતી પદ્ધતિથી શીખવી સમજ આપવી જોઈએ.

**દૂધાળા ઢોર : સમસ્યા :**

બોરપીઓ પાસે પૂરક વ્યવસાયો નથી. એટલે તેમને આર્થિક રીતે સદ્ધર કરવા પશુપાલન કરવા પ્રેરવા જોઈશે. દૂધાળા પશુઓ આપવા જોઈએ.

ઉપાય : દૂધાળા પશુઓમાં ભેંસ, ગાય, બકરી આપવી જોઈએ. નદી કિનારો હોવાથી ઘાસચારા મળી રહેશે. તેથી તેમણે માત્ર પશુપાલનની સુવિધા અને પદ્ધતિ શીખવી લોન-સબસીડીથી પશુપાલન કરવા વ્યવસ્થા ગોઠવી પૂરા પાડવા જોઈએ.

**મરઘા ઉછેર : સમસ્યા :**

મરઘા તેઓ પાળે છે, પણ પૂરતા નથી. પૂરક આવક થાય એ હેતુથી ૮ થી ૧૦ની સંખ્યામાં મરઘાં આપી ઉછેરવાની તાલીમ આપવી જોઈએ.

ઉપાય : તેમાં તેમને લોન, સબસીડી આપીજે ઉત્પાદન આપે તેનું માર્કેટ ઉભી કરી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**માછીમારી સમસ્યા :**

બોરપીઓ નદી કિનારે સારી માછી મારી શકે છે અને ખાવા ઉપરાંત વધે તેને વેચે છે. પરંતુ તેમાં વધુ કંઈ મેળવી શકતા નથી. તેના પૂરતા સાધન નથી.

ઉપાય : આ માટે બોરપીઓને જાળી બનાવવા સૂતર પૂરું પાડવું જોઈએ અને નદી કિનારે સારી માછલીનું બી નાખી વધુ ઉત્પાદન કરાય તેમ શીખવવું જોઈએ. તે માટે માછીમારી કર્યો પછી વેચાણ વધે તેમ ગોઠવવું જોઈએ.

**ખેતમજૂરી સમસ્યા :**

આ લોકોને બીજા વ્યવસાયોની જેમ ખેતમજૂરી ચોમાસામાં મળે તે પણ બે ત્રણ મહીના તે પણ પૂરતી નથી. એટલે આજુબાજુના ગામે પણ ખેતમજૂરીએ જાય છે.

ઉપાય : આ ખેતમજૂરીમાં તેમને પૂરતા વેતન દરો મળી રહે, તે માટે મજૂરી દર સારા મળે તેમ ગોઠવવું જોઈએ.

**જાળીવણાટ સમસ્યા :**

માછલા પકડવા જાળી વણાટ કરે છે અને જાળીનું વેચાણ પણ કરે છે. તેમાં સૂતર વપરાય છે. તેમાં સગવડ નાણાંની નથી.

ઉપાય : આ માટે સૂતર આપીને સ્થાયી બે ત્રણ કુટુંબને જાળી માટે નાના વ્યવસાય કરાવાય તો તેમાંથી તેમણે જાળી માટે સગવડ રહે અને પૂરક આવક થાય. અન્ય કુટુંબોને સસ્તા ભાવે સૂતર આપી મદદ કરવી જોઈએ.

**અંબર ચરખા-ભરતગૂંથણ :**

પૂરક આવક માટે અંબર ચરખા આપી શીખવવા જોઈએ. પ્રથમ બે ત્રણ ગામમાં થોડા કુટુંબોને આવા અંબર ચરખા આપવા જોઈએ. તેમાં સૂતર મળે તે વણાવીતેમને રોજી મળે તેમ ગોઠવાવું જેથી બીજા કુટુંબો વારાફરતી આવી પૂરક આવક કરવા પ્રેરાશે.

ભરતગૂંથણ નવરી રહેતી બહેનોને ભરત ગૂંથણના સાધનો આપી શીખવી તૈયાર કરવી જોઈએ જેથી નવરાશના સમયની રોજી ઉભી થાય.

**ટેકનીકલ ધંધાઓ - સમસ્યા :**

શિક્ષિત ન હોવાથી આવા વ્યવસ્થાથી અજાણ છે.

**ઉપાય :** નવરા રહેતા અમૂક સીઝનમાં કામ ન હોય તેવાને પણ ટેકનીકલ ધંધા માટે ફીટર, વેલ્ડર, સુથારી, કડીયાકામ વગેરેની તાલીમ આપી તૈયાર કરવા જોઈએ. જેથી જયારે તેઓ સ્થળાંતરી કામો શોધે છે. ત્યારે તેમને કામ આવે તેમાં સ્ટાઈફન્ડ આપી પ્રેરવા જોઈએ.

**શૈક્ષણિક સગવડો સમસ્યા :**

આર્થિક, સામાજિક પછાત હોઈ અશિક્ષિત રહી જાય છે. ભરણપોષણ કરવા પાછળ તેઓ અશિક્ષિત રહી જાય છે.

**ઉપાય :** શિક્ષણનું પ્રમાણ સમગ્ર જાતિમાં નહીંવત છે. એટલે મૂળથી છોકરા-છોકરીઓને નજીકમાં સગવડ કરી વધુ વસ્તી હોય ત્યાં પ્રા.શાળા ઉભી કરવી જોઈએ. શક્ય હોય તો નિવાસી આશ્રમશાળા ઉભી કરવી જોઈએ. તેને માટે શિષ્યવૃત્તિ પણ આપવાની યોજના કરવી જોઈએ.

**આરોગ્ય સમસ્યા :**

તેમનામાં પાણીજન્ય રોગ જોવા મળે છે. ઘણાને ચામડીના રોગ હોય છે.

**ઉપાય :** તો તે માટે નજીકમાં આરોગ્ય સેવા માટે ફરતી મોબાઈલ કરી ગોઠવણી કરવી જોઈએ. બાળકોની આરોગ્ય તપાસ વર્ષે એકવાર ગોઠવવી જોઈએ.

**દેવું સમસ્યા :**

બોરપીઓની આર્થિક સ્થિતિ પરાપૂર્વથી સારી નથી. તેઓ અનેક વ્યવસાયો કરવા છતાં પોતાની અર્થરચના ખર્ચ વધુ હોવાથી અને આવક ઓછી હોવાથી ગોઠવી શકતા નથી. તેથી જ થોડું દેવુ મળે તે શાહુકાર, વેપારી પાસેથી મેળવે છે. અને દેવું ચૂકવી શકતા નથી. ઘણાને દેવુ કરવા પોતાની પાસે અસ્કયામતો ન હોવાથી કરી શકતા નથી. એવી કંગાળ હાલતમાં દેવાના વિષચક્રમાંથી તેઓ નીકળી શકતા નથી. જયારે ઘાસ કાપવા કે સ્થળાંતરી મજૂરી કરવા જાય ત્યારે પાછા દેવું એડવાન્સ તેઓ મેળવી શકે છે. જે કામમાંથી પૈસા મળે વસૂલ આપે છે.

**ઉપાય :** દેવામાંથી મૂક્ત કરવા સરકારે ધિરાણ વ્યાજમુક્ત કરી, તેને પગભર કરી બહાર કાઢવા જોઈએ. કારણ તેઓ તેમની પોતાની રીતે તેમાંથી નીકળી શકે તેમ નથી.

# આદિવાસીઓની ભૂકંપ પછીની સ્થિતિ (કચ્છ જિલ્લો)

## ટૂંકસાર

શ્રી બચુભાઈ બરંડા

**પ્રાસ્તાવિક :**

પ્રકૃતિનો પ્રચંડ પ્રકોપ- ભૂકંપ ગુજરાત પર ત્રાટક્યો. તા.૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ પ્રજાસત્તાકના દિવસે સવારના ૮:૪૬:૪૨:૦૯ કલાકે ૬.૯ રીક્ટર સ્કેલ અને ફોકલ ઉંડાઈ ૨૫ કિ.મી. અને બિંદુ ૨૩.૪° ઉત્તર અક્ષાંશ અને ૭૦.૨૮° પૂર્વ રેખાંશ પર આની ભયંકર અસર જોવા મળી. છેલ્લા ૧૮૦ વર્ષમાં દેશે અનુભવ્યો ન હોય એવા તીવ્ર ભૂકંપના આંચકાથી સમગ્ર ગુજરાત આંચકા સાથે હચમચી ઉઠયું. આ ભૂકંપગ્રસ્ત કચ્છની પરિસ્થિતિને વડાપ્રધાનશ્રીએ ખુલ્લા દિલથી ફાળો આપવા ટેલીવીઝન અને રેડિયો પર રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય દેશો સાથે સંબોધતાં વડાપ્રધાનશ્રી અટલબિહારી વાજપાઈએ કહ્યું હતું કે ગુજરાતના કચ્છમાં ૬.૯ રીક્ટર સ્કેલથી ભૂકંપ થયો અને તેના લીધે કચ્છ જિલ્લામાં ૧૨,૨૨૧ તથા અન્ય વિસ્તારોમાં ૧,૫૮૪ અને રાજયમાં કુલ માનવમૃત્યુ ૧૩,૮૦૫ ઈજાગ્રસ્તો ૧,૬૬,૦૩૬ પૈકી ૧૯,૭૨૬ ગંભીર હતા.

| | | |
|---|---|---|
| મેક્સીકો સીટી | ૧૯૮૫માં | ૫,૦૦૦ મૃત્યુ |
| લાતુર | ૧૯૯૩માં | ૮,૦૦૦ મૃત્યુ |
| કોબે | ૧૯૯૫માં | ૫,૪૦૦ મૃત્યુ (ભૂકંપ-૨૦૦૧ મહેસુલ વિભાગ) |

આ બધા દેશો કરતાં આ ભૂકંપ વધુ ભયંકર હતો. દુનિયાના ૫૦ દેશો કરતાં વધારે લોકોએ કચ્છના લોકોના પુનઃસ્થાપન માટે આરોગ્ય, શિક્ષણ, આર્થિક વિકાસ, રસ્તા, રેલ્વે વ્યવહાર, વિજળી-પાણી પૂરવઠો અને જીવન જરૂરિયાતોનો પૂરવઠો પૂરો પાડ્યો. નદી-ડેમ અને જળસંશોધન સ્ત્રોતો બિલકુલ ભૂગર્ભ રચનાથી સુકાઈ ગયા છે. પશુઓ માટે ઘાસચારો નથી. ગામોમાં શરૂઆતમાં પુરૂષો અને મહિલાઓ તથા બાળકો ભૂખ્યા રહ્યા. તેઓએ કબૂલાત કરી હતી કે ભૂકંપની પરિસ્થિતિ અત્યંત વિકટ હતી અને મોટી સંખ્યામાં લોકો અને પશુઓને તાત્કાલીક સહાયની જરૂર છે.

પાણી-ઘાસચારો અને રોજીરોટીના અભાવે તથા ફરીવાર ભૂકંપ થશે તેવુ વાતાવરણ સર્જાતાં હિજરત શરૂ થઈ ત્યારબાદ રોજીરોટી માટે રાહતકેમ્પો શરૂ કરવામાં આવ્યાં. વર્તમાનપત્રોમાં આવ્યા મુજબ ભૂકંપગ્રસ્તની ભયંકર પરિસ્થિતિના કારણે અંજાર-ભચાઉ વિસ્તારમાં કેટલાકનાં મૃત્યુ થયા ત્યારે આ વિસ્તારના ગામોમાં લોકો ક્ષુબ્ધ થઈ ગયા અને આખુ રાજ્ય ખળભળી ઉઠયું. ત્યાર પછીના રોજબરોજના દુરસંચારના માધ્યમો, જાહેર સમાચારપત્રોના રિપોર્ટરો, ટેલીવીઝનની

ચેનલો, વિવિધ પક્ષોના નેતાઓ, સામાજીક કાર્યકરો, સ્વૈચ્છિક સંગઠનના કાર્યકરો, દેશવિદેશના નિષ્ણાતો આ કારમા ભૂકંપની સ્થિતિથી લોકોને વાકેફ કરવા લાગ્યા. આવા સંજોગોમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર આદિવાસીઓની સમસ્યાઓ અને તેના વિકાસ પર કામ કરતુ હોઈ "ભૂકંપગ્રસ્ત કચ્છના અંજાર-ભચાઉના" ગામોના વિસ્તારને કેન્દ્રમાં રાખીને નિયામકશ્રીએ ભૂકંપગ્રસ્ત ગામોમાં આદિવાસીઓની પરિસ્થિતિના ચિત્રનો અભ્યાસ કરવા માટે સૂચન કર્યું.

**અભ્યાસના હેતુઓ :**

(૧) આદિવાસી કુટુંબો કે જેઓ સામાજિક-આર્થિક સમસ્યાઓથી પીડાય છે તેઓ ભૂકંપની વિશિષ્ટ સ્થિતિમાં શું કરે છે, શું ગુમાવે છે, અને શું મેળવે છે તે જાણવું.

(૨) ભૂકંપગ્રસ્ત પરિસ્થિતિમાં અછત બધાજ પ્રકારની ઉદ્ભવે છે  પરંતુ પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ખોરાક, પાણી, રહેઠાણ, પશુ માટે ઘાસ વગેરેની અછતની સ્થિતિમાં શુ સ્થિતિ છે તે તપાસવી.

(૩) ભૂકંપની સ્થિતિને પહોંચી વળવા સરકારી સ્વૈચ્છિક સંગઠનો તથા આંતરરાષ્ટ્રીય દેશો દ્વારા અન્ય પ્રયાસો થઈ રહ્યા છે તેનું સ્થિતિગત મૂલ્યાંકન કરવું.

(૪) આદિવાસી ઈજાગ્રસ્તો તથા અપંગોનું પુનઃસ્થાપન-વળતર મળ્યું છે કે નહીં તે જાણવું

(૫) આદિવાસીઓને મૃત્યુ સહાય મળી છે કે કેમ તેની વિગતો જાણવી.

(૬) આદિવાસી વિધવા-ભાડુઆત સંબંધીત લાભાર્થીઓને અન્યાય થયો છે કે કેમ તે અંગે જાણવું.

(૭) આ પરિસ્થિતિની સમગ્ર માનવજીવન ઉપર કેવી અસર પડે છે, તેનાથી કેવા કેવા ફેરફારો નોંધાય છે તે જાણવા.

(૮) ભૂકંપગ્રસ્ત વિસ્તારના લોકોમાં મનોસામાજીક પરિસ્થિતિ કેવી  છે તે અંગેની જાણકારી માટે.

(૯) ભૂકંપગ્રસ્ત સ્થિતિને પહોંચી વળવા તાત્કાલિક શું થઈ શકે તથા કાયમી ઉકેલ શું હોઈ હશે તે માટેનાં કટોકટી વ્યવસ્થાપન કરવા માટેનું સંસ્થાગત માળખું તૈયાર કરવું.

**અભ્યાસનું વિશ્વ :**

**અભ્યાસ માટે પસંદ કરેલ ગામોમાં આદિવાસી કુટુંબોની વિગત દર્શાવતો કોઠો**

| અ.નં. | ગામનું નામ | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | | લીધેલ મુલકાત કુટુંબ |
|---|---|---|---|---|---|
| | | | પુ. | સ્ત્રી | |
| ૧. | અંજાર તાલુકો : | | | | |
| | ૧. કોટડા | ૧,૧૫૫ | ૩૩ | ૩૩ | ૮ |
| | ૨. ટપ્પર | ૧,૮૯૫ | ૧૯ | ૧૪ | ૮ |
| | ૩. રત્નાલ | ૩,૭૧૨ | ૧૨૫ | ૧૦૮ | ૬ |
| | ૪. ખેડોઈ | ૫,૧૨૮ | ૧૯૧ | ૧૭૮ | ૮ |
| ૨ | ભચાઉ તાલુકો : | | | | |
| | ૧. અધોઈ | ૬,૭૭૬ | ૫૫૩ | ૪૯૯ | ૩ |
| | ૨. જંગી | ૩,૭૦૦ | ૩૭૪ | ૩૪૪ | ૪ |
| | ૩. વાંઢ | ૫,૫૦૮ | ૨૩૯ | ૨૨૨ | ૩ |

**સંશોધન પદ્ધતિ :**

કોઈપણ વિષયનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા સંશોધનની વિવિધ પ્રવિધિઓનો ઉપિયોગ કરવો જોઈએ અને એ રીતે આ અભ્યાસમાં વિવિધ સંશોધન પ્રવિધિઓનો ઉપિયોગ કરવામાં આવેલ છે. કચ્છ વિસ્તારના ક્ષેત્રકાર્યમાં જતાં પહેલાં વિષય અનુસંધાને અંકો, પુસ્તકો, અખબારો, રિપોર્ટ વગેરે મારફતે જરૂરી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

પ્રસ્તૂત અભ્યાસ માટે એક સાદુ કુટુંબપત્રક બનાવવામાં આવ્યુ હતું જેમાં વિષય સંબંધી પાયાની માહિતી અંજાર અને ભચાઉના ગામોમાં આદિવાસી કુટુંબો પાસેથી મેળવવામાં આવી હતી. મુખ્યતઃ નિરીક્ષણ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. તે માટે એક મુલાકાત માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવી હતી. ભૂકંપથી કુટુંબને નુકસાન, પુનઃસ્થાપન અને તત્કાલીન રાહત પહોંચાડવાનું આયોજન, વાતાવરણ, સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓની સેવા, તેની અનુકુળતા, પ્રતિકૂળતા, બચેલાઓની પ્રતિક્રિયાઓ, તેઓની વિવિધ સમસ્યાઓ સામે બાથ ભીડવાની માનસિક તૈયારીઓનું બારીકાઈથી નિરીક્ષણ કરેલ હતું. તે માટે શક્ય એટલુ સહભાગી નિરીક્ષણ કરાયુ

હતું. અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલા પાયાની સુવિધા અંગે તથા ભૂકંપની અસરો સંબંધી વિગતો મેળવવા માટે ગ્રામપત્રક પણ તૈયાર કરવામાં આવ્યું હતું.

**નિરીક્ષણ :**

ભૂકંપગ્રસ્ત વિસ્તારનું નિરીક્ષણ એ આપણા રોજીંદા જીવનની એક સાહજીક બાબત તો છે જ ઉપરાંત વૈજ્ઞાનિક માહિતી મેળવવા માટે પણ નિરીક્ષણ એ પ્રાથમિક સ્ત્રોત છે. આ અભ્યાસમાં નિરીક્ષણ તથા સહભાગી નિરીક્ષણ પ્રક્રિયા ઉપર વિશેષભાર મૂક્યો છે. કેટલીક વિગતો જાહેરમાં નોંધ ન કરતાં આનો ઉપયોગ કરીને પાછળથી નોંધ તૈયાર કરી. ભૂકંપગ્રસ્ત ગામોનો વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આ પ્રવિધિઓ ખૂબ જ સારી રીતે ઉપયોગ કર્યો હતો.

**મુલાકાત :**

મુલાકાત એ અગત્યની પ્રવિધિ છે. આ 'ભૂકંપ' તપાસ વિષયના સંદર્ભમાં માહિતી એકત્ર કરવા માટે ગ્રામપત્રક તથા અનુસૂચિના માધ્યમથી જુદા જુદા મુલાકાતીઓ સાથે પ્રત્યક્ષ રીતે રાહતકામના સ્થળે તથા તેઓના ઘરે મળીને માહિતી મેળવીછે. શિક્ષકો, ગ્રામ આગેવાનો, સરપંચ, સમાજકાર્યકરો, સરકારી અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના દેશમાંથી આવેલા અનેક કાર્યકરો સાથે બેઠક કરીને ત્યાંની સ્થાનિક બોલીનો તથા ત્યાંના કાર્યકરોનો ઉપિયોગ કરીને માહિતી લેવામાં આવી છે. આ તપાસ અહેવાલ તૈયાર કરવા માટે અભ્યાસના હેતુઓ સમજાવીને ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવા માટે પ્રયત્ન કર્યો હતો.

**ક્ષેત્રકાર્ય માટે પસંદ કરેલ ગામો :**

અંજાર તાલુકાના કોટડા, ટપ્પર, રત્નાલ, ખેડોઈ તથા ભચાઉ તાલુકાના અધોઈ, જંગી, વાંઢ ગામોને પસંદ કરેલ છે.

**કચ્છના ભૂકંપ વખતે થયેલ નુકશાનની વિગતો**

| | | |
|---|---|---|
| ધરતીકંપની તારીખ | : | ૨૬-૧-૨૦૦૧ |
| સમય | : | ૮.૪૬ કલાક |
| રીચર સ્કેલ | : | ૬.૯ |
| ભૂકંપનું કેન્દ્ર બિંદુ | : | ભૂથી ૨૦ કિ.મી. દુર ઉત્તર પૂર્વ દિશામાં |
| અસરગ્રસ્ત તાલુકાની સંખ્યા | : | ૧૮૧ |
| અતિશય અસરગ્રસ્ત તાલુકાની સંખ્યા | : | ૧૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ● માનવમૃત્યુ | : | કચ્છ | ૧૮,૩૧૫ | |
| | | અન્ય જિલ્લા | ૧,૫૮૯ | |
| | | કુલ | ૧૯,૯૦૪ | |
| ●ઈજાગ્રસ્ત | : | કચ્છ | ૧,૩૬,૦૪૮ | |
| | | અન્ય જિલ્લા | ૩૦,૦૧૩ | |
| | | કુલ | ૧,૬૬,૦૬૧ | |
| ● ઈન્ડોર પેશન્ટ | : | કચ્છ | ૧૩,૪૪૧ | |
| | | અન્ય જિલ્લા | ૭,૨૭૬ | |
| | | કુલ | ૨૦,૭૧૭ | |
| ● કાર્યરત હોસ્પીટલ | : | | **હોસ્પીટલ** | **પી.એચ.સી.** |
| | | કચ્છ | ૪૯ | ૩૭ |
| | | અન્ય જિલ્લા | ૩૬૧ | ૯૫૪ |
| | | કુલ | ૪૧૦ | ૯૯૧ |
| ● પશુ મૃત્યુ | : | કચ્છ | ૨૦,૧૦૦ | |
| | | અન્ય જિલ્લા | ૧,૧૫૮ | |
| | | કુલ | ૨૧,૨૫૮ | |

**પ્રાથમિક અંદાજ પ્રમાણે નુકશાનની વિગત (સર્વેની કામગીરી ચાલુ છે)**

| | | | |
|---|---|---|---|
| ● સંપૂર્ણ નાશ પામેલ મકાનો | : | કચ્છ ગ્રામ્ય | ૧,૦૬,૯૮૬ |
| | | અન્ય જિલ્લા | ૬૪,૬૩૬ |
| | | કુલ | ૧,૭૧,૬૨૨ |
| ● સંપૂર્ણ નાશ પામેલ કાચાં મકાન | : | કચ્છ | ૧,૦૭,૧૦૯ |
| | | અન્ય જિલ્લા | ૫૦,૯૨૬ |
| | | કુલ | ૧,૬૭,૦૩૫ |
| ● અંશતઃ નાશ પામેલ પાકાં મકાન | : | કચ્છ | ૧,૦૧,૯૦૨ |
| | | અન્ય જિલ્લા | ૩,૮૬,૩૮૬ |
| | | કુલ | ૪,૮૮,૨૮૮ |
| ● અંશતઃ નાશ પામેલ કાચાં મકાન | : | કચ્છ | ૫૮,૫૮૧ |
| | | અન્ય જિલ્લા | ૨,૮૭,૧૫૧ |
| | | કુલ | ૩,૪૫,૭૩૨ |

- સંપૂર્ણ નાશ પામેલ ઝૂંપડાં : અન્ય જિલ્લા ૧૬,૨૬૬
- અંશતઃ નાશ પામેલ ઝૂંપડાં : અન્ય જિલ્લા ૩૪,૦૦૬

ગામમાં અન્ય સમાજોની સાથેજ મકાન સહાય, નવુ મકાન તથા જે કંઈ સુવિધા છે તે મળે છે. મૃત્યુ થયેલાને સરકારે ઠરાવેલ રકમ મળે છે. ખાસ આ સમાજે જણાવેલ છે કે અમે લોકો સવારે વહેલા કામ ધંધો પતાવીને છૂટક મજૂરીકામે બહાર જવાના કારણે આ ગંભીર ભૂકંપમાંથી બચી ગયેલ છીએ. આ સમય દરમ્યાન ખેતરમાં, વગડામાં પશુ-બકરાં ચરાવતા હતા. કેટલાકે પૂરાવા મોડા રજુ કરતાં આર્થિક સહાય થોડી મોડી મળી હતી પરંતુ સહાય દરેકને મળી છે અને આ સહાય સ્વૈચ્છિક સંસ્થા અને સરકારે પહોંચાડી છે. આમ જે સ્થળોની રૂબરૂ મુલાકાત લીધેલ તેની વિગતો અહીં રજુ કરી છે.

**ભૂકંપસ્થિતિ આદિવાસીઓની પ્રતિક્રિયા :**

● હોનારત સમયે તત્કાલીન પગલાં ● આઘાત ● ગભરામણ ● હોનારત પછી ગભરામણ-આઘાત ● સાવચેતી ● લાચારી ● ઉત્સાહ ● ગુનાઈત હોવાની લાગણી ● વિનાશક હોનારતની યાદો ● જુદી જુદી રીતના પ્રત્યાઘાતો ● નબળુ શારિરીક સ્વાસ્થ્ય ● ભવિષ્ય ● ભૂકંપ પછીની પ્રતિક્રિયા ● પુર્નવસનની રીતો

**તમે કંઈ રીતે નવુ જીવન શરૂ કરી શકો છો :**

● વ્યક્તિગત ધોરણે ● સામૂહીક ધોરણે ● ભવિષ્યમાં ● કુદરતી આફતોને ભૂલવાના પ્રયાસો ● વૃદ્ધોને કેવી રીતે મદદરૂપ થવું ● મહિલાઓને પૂર્વવત સ્થિતિમાં કેવી રીતે લાવવી ● વિકલાંગ વ્યક્તિઓને કેવી રીતે મદદ કરવી ● કુદરતી આફત સમયે કોણ મદદરૂપ બની શકે.

માનવીની પ્રાથમિક જરૂરીયાત હોય છે, તે ભૂકંપગ્રસ્ત લોકોને પૂરી પાડવી, એટલે રોટી-કપડા-મકાન અને આરોગ્યની જરૂરીયાત હોય છે. તે સંસ્થાઓ દ્વારા દાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવી છે. આમ તે પ્રવાહ ૧ માસ સુધી બહુ સહાય મળી પણ ધીમે ધીમે સહાય ઓછી થઈ અને બંધ થઈ ગઈ. આ અંગે સૂચનો નીચે મુજબ છે.

**પ્રાથમિક સૂચનો :**

- ભૂકંપગ્રસ્તોને આહાર માટે સરકાર સરળ અને પોષણક્ષમ અનાજ પુરુ પાડવું જોઈએ.
- ભૂકંપગ્રસ્ત લોકોને મકાન વખતે ત્યાં સુધી રહેવાની હંગામી વ્યવસ્થા કરી આપવી.
- ભૂકંપગ્રસ્ત લોકોને માનસિક સારવાર આપવી.

- ભૂકંપગ્રસ્ત લોકોને શારિરીક ઈજાઓની સારવાર આપવી, તેની વ્યવસ્થા કરવી તેમજ સમય-અંતરે મેડીકલ ચેકઅપના કેસ ગોઠવવા.
- ભૂકંપગ્રસ્ત મનોરંજન માટેની વ્યવસ્થા કરવી.

**શૈક્ષણિક સૂચનો :**

- શાળાના ઓરડા તૂટી ગયા છે તે માટે તેમને હંગામી રૂમ બનાવી આપવા.
- ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં શિક્ષણનું કાર્ય ઠપ થઈ ગયેલ છે તેને પુનઃ ચાલુ કરાવવું.
- ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં બાળકો નિશાળમાં આવતા નથી તેમને આવે તે રીતે તૈયાર કરવા જોઈએ.

**ખેતી વિષયક સૂચનો :**

- ખેતીમાં પાકને પાણી આપવાના સ્ત્રોત નાશ પામ્યો છે, તે સ્ત્રોતો ફરીથી ચાલુ કરવા, પાઈપલાઈન રીપેર કરાવવી, વીજળીની વ્યવસ્થા કરાવવી.
- સુધારેલ બિયારણ-જંતુનાશક દવા-ખાતર, લોનની વ્યવસ્થા કરાવવી.
- પશુ માટે ચારાની વ્યવસ્થા ન હોવાથી ચારાની વ્યવસ્થા કરાવી આપવી.

**લાંબાગાળાનાં સૂચનો :**

- લાંબાગાળાના આયોજનમાં ભૂકંપગ્રસ્ત લોકો સમાજમાં પુનઃસ્થાપન કરી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- ભૂકંપગ્રસ્ત લોકોની પહેલી જરૂરીયાત મકાનની છે, તેમને મકાન માટેની સહાય તેમજ લોનની વ્યવસ્થા કરી આપવી.
- વ્યવસાય, ધંધા, પુનઃ ચાલુ કરવા માટે લોનની વ્યવસ્થા કરવી.
- જયાં સુધી ભૂકંપગ્રસ્ત લોકો પગભર ન થાય ત્યાં સુધી તેમને કામ તેમજ જરૂરીયાતો પૂર્ણ કરવી.
- ભૂકંપગ્રસ્ત લોકોને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવાની વ્યવસ્થા કરવી.
- ભૂકંપગ્રસ્ત લોકોને પાણીના સ્ત્રોતો નાશ પામ્યા છે, તે ઉભા કરવા માટે લોનની વ્યવસ્થા કરવી જોઈએ. તેમાં ખેતી માટેના ટ્યૂબવેલ માટે લોન આપવી.

- ભૂકંપગ્રસ્ત લોકોને આવી કુદરતી આપત્તિમાંથી બચવા અને તેની સામે રક્ષણ મેળવવા માટે સમય અંતરે વૈજ્ઞાનિક ટ્રેનીંગ આપવી જોઈએ.
- ભૂકંપગ્રસ્ત લોકોને સરકાર દ્વારા જે નિતિવિષયક બાબતો હોય તેનું માર્ગદર્શન પુરૂ પાડવું જોઈએ.
- ભૂકંપગ્રસ્ત લોકોને આવી કુદરતી આપત્તિમાંથી બચવા માટે ભૂકંપપ્રતિરોધક મકાન બનાવવાં જોઈએ જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપિયોગ કરવો જોઈએ કે જેના કારણે મકાન આવા ધરતીકંપ કે અતિવૃષ્ટિર કે વાવાઝોડુ આવે તો પણ તે મકાન તૂટે નહિં.

# CENSUS STUDY OF PRIMITIVE TRIBAL GROUPS OF GUJARAT STATE

## SYNOPSIS

**INTRODUCTION**

There are about 450 tirbal groups in India. Of all the States in India, Madhyapradesh has the largest tribal population of the country while Goa has the lowest. Gujarat State ranks fifth in terms of tribal population in India. The total population of Gujarat State was 413.10 lakhs (1991 census), out of which tribal population accounted 61.62 lakhs, 14.92 percent, of the total population. Mostly tribals in Gujarat reside in remote hilly and forest areas. The tribals are generally economically backward compared to non-tribal communities. Even amongst tribal communities there exists wide gap in the economic and social conditions. Of the 61.62 lakhs scheduled tribe population in Gujarat, different tribal groups are at different stages of development.

Realising the glaring disparities among the tribal communities and the need for the development of a class of tribal groups who were in an extremely under developed stage, at the lowest layer of develpment, the government decided to pay special attention to the varying needs of such groups identified as primitive tribal groups. Altogether seventy five primitive tribal communities were identified in India and among them five were in Gujarat. Of the 28 scheduled tribes listed in Gujarat State, 5 were identified as Primitive Tribes Groups.

For identification of the such most underdeveloped tribes as Primitive Tribal Groups, the Government of India had laid down the following criteria.

(1) Pre-agricultural level of technology;
(2) Extremely low level of literacy;
(3) Stagnant or diminishing population.

Most of such Primitive tribal groups were in a State of precarious existence. A vast majority of them lived below poverty line of

subsistance. Many of the habitations the premitive tribal communities were located in remote far flung forest areas. Although in contact with advanced agricultural communities, they almost lived in isolation.

While idenifying such primitive tribal groups these aspects were also taken into consideration.

**NAME AND AREA COVERED BY PTG.**

Based on the above mentioned criteria the five scheduled tribes which were identified as Primitive Tribes Groups in Gujarat were (1) Kathodi, (2) Kotwalia, (3) Padhar, (4) Siddi, and (5) Kolgha. The population of these primitive tribal groups is spread over seven districts which are declared a Scheduled Areas (Surat, Valsad, Narmada, Navsari, Dang, Bharuch and Sabarkantha) as well as over six such districts which are outside Tribal sub plan area (Ahmedabad, Surendranagar, Junagadh, Bhavnagar, Amreli and Porbandar)

In the beginning the first two were identified in the year 1978. In 1982 Padhar and Siddi were also added to the list while the fifth Kolgha, was included in 1983-84.

The population and the names of districts where they are mainly concentrated are as follows :

| Sr. No. | Name of PTG | Population | Area |
|---|---|---|---|
| 1. | Kotwalia | 21,374 | Surat, Valsad, Dang, Bharuch, Navsari |
| 2. | Kathodi | 10,546 | Surat, Dang, Narmada, Sabarkantha |
| 3. | Kolgha | 40,998 | Surat, Valsad |
| 4. | Padhar | 21,180 | Ahmedabad, Surendranagar |
| 5. | Siddi | 6,541 | Junagadh, Porbandar Bhavnagar, Amreli |
| | **Total** | **1,00,639** | |

**Socio-economic status of Primitive Tribal Groups :**

One of the important aspects of the study conducted on these Primitive Tribes Groups was regarding their soicio-economic status. Report of the study has been submitted to the Tribal Development Department. Main findings are given below.

**Kotwalias**

The study revealed that Kotwalia's total population was 21,374 persons in the State. They inhabit the rural areas of Surat, Valsad, Dang, Bharuch and Navsari districts. Their literacy rate was about 17.08 per cent. They have been always landless subsisting on food gathering, hunting and purshing the occupation of making baskets etc. Their main occupation was to prepare articles from bamboo such as basket, winnowing fan, fishing trays, brooms and bamboo carpet etc. They also collected minor forest produce such as Temru leaves, Mahuda flowers, doli, edible roots etc. To supplement their income as well as to get food supply. They are generally living in rural area, nearby forest in one or two room's house. They are supplied bamboos by the Forest department on subsidized rates, from which they make different types of products and earn their livelihood.

**Kathodis.**

Kathodi's tribal population was 10,546 persons at the time of Survey. They inhabit the forest areas of Surat, Dang, Sabarkantha and Narmada districts. Their litracy rate was only 11.12 per cent. In the past, Kathodis were premarily engaged in traditional occupation of making "Kattha" from the barks of Khair trees. Now, they rarely pursue this traditional occupation, on account of (1) dwindling of the forest in recent years and (2) non-tribals traders have now switched over to manufacture "Katha" through machines in the factories. Their settlements were generally located either on the outskirts or in one corner of the main village. They lived mainly on roots, and edible leaves besides porridge and "rotla" prepared from the flour of coarse grains. Now, they are being encouraged to take up agricultural activities, rearing of goats, raising

cattle and poultry. They work as labourers in agricultural and forest department activities, and also include in fishing, cattle grazing and collecting minor forest produces to supplement, their income. They were fond of drinking liquor. Due to prohibition, the incidence of drinking liquor has come down, the Kathodis that "they are the progeny of Lord Hanuman."

**Kolghas**

At the time of the survey, the population of Kolgha tribe was 40,998 persons. They are found only in two districts - Surat and Valsad. The literacy rate of Kolgha was 10.38 per cent. Kolghas mainly lived in hills and forests but they also reside in the plains Surat district. Looking to the life of these people, one finds them to be a small group caught in whirlpool of deep poverty, unemployment, poor health and sub-human living conditions. They were mainly working as agricultural labour. There is hardly any traditional skill which can be attributed to them except brick making, well-digging and frog catching which they have taken up in recent years. Their children get engaged in cattle grazing of other advanced tribals from which they little earn some sort of livelihood in kind (mainly grain).

**Padhars**

At the time of the survey Padhar's population was 21,180 persons. They were mostly living in the villages lying around "Nal Sarovar" in the "Bhal" area, (the arid regions of Surendranagar and Ahmedabad district). The literacy rate of Padhar was only 16.57 per cent. Literacy rate among Padhar women was extremely low only 10.66 per cent. Generally they lived in small circular houses locally known as "Kubas" made of earthen walls and covered with grass on the roof. Struggling for existence keeps them totally presecupied. The main occupation of Padhar is fishing. When the monsoon fails, the Padhars get engaged in digging a special root, which is used as food. This root is collected from the bed of the "Nal Sarovar" when partially it drys. Many Padhars

are also engaged in labour work. They have to migrate seasonally in search of labour work to far off area. Their seasonal migration creates problems for their socio-economic development. Efforts are being made to provide manual labour work near their villages and they are being persuaded to take up agricultural and animal husbandry.

In order to promote educational activities among their children, various incentives are being given to the parents.

**Siddis**

The population of Siddis was 6,541 at the time of Survey. The literacy rate among Siddis was 23.04 per cent. Siddi is the only Scheduled Tribe in the State which are found to have negroid racial traits in their physical appearance. The 'African' elements in their physical feature are very much distinct are still persisting. They are strongly built, tall, black, curly haired and have thick lips. They are also known as Siddi Badshah. They are mainly concentrated in Talala taluka of Junagadh district. They are also found in Bhavnagar, Amreli and Porbandar (in Saurashtra area) but they are scattered. The main occupation of Siddis is labour work. Many Siddis are also engaged as a coolie, Guard, farm worker and in other jobs also. Generally they supplement their source of food supply by way of hunting, fishing and collecting forest produces. They are now being induced to take up cottage industries, self employment activities, and other occupation relevant in the local areas, so that they may have opportunities to raise the level of their income.

## The Study Find out :

The study revealed that 84.96 percent of their population was living below poverty line of subsistance 73.91 percent population was illiterate. Sexwise was 78.04 percent female and 69.97 percent male. The 94.95 percent of the families were without basic amenities like bathroom and latrine. 78.65 famiies were without electric power supply. Due to facility of health being extremely poor and inadequate, a large

number of persons were found to be suffering from various serious diseases like cancer, T.B., bronchitis, paralysis, etc.

**POPULATION :**

Community-wise inquiry of Primitive Groups showed that their population was among 12 districts of the State. Number of families district-wise were: Kolgha community 8,807 (42.43%), Kotvaliya community 4,897 (23.57%), Padhar 3,358 (16.18%), Kathodi 2,417 (11.69%), and Sidi community 1,272 (6.13%). Their total population was 1,00,639, wherein their were males 51,462 and females 49,177.

With respect to Age-Group, in 0-14 39.79%, in 15-25 18.68%, in 26-50 32.84% and in above 50 only 8.69% of the total population. This meant that life-span in this society is low.

**EDUCATION :**

Totally 73.91% illiteracy was found in Primitive Groups. Education of 10.28% people has been completed. 15.80% people of the total population are receiving education at present. Therein greater number was found in the education upto primary level. Even 1% is not there to receive higher or technical education beyond secondary. Among the main reasons why the children are not going in school, monetary difficulty, reluctance of the parents to get them educated, reluctance of the children to learn etc. were known.

**RESIDENCE :**

Out of the 20,758 families covered under survey, 20,656 (99.51%) families have the building of their own. 74 (0.36%) families are staying in the buildings on rent, whereas the number of families not having their own building was found to be 28 (0.13%). Only 14.71% buildings that were seen were concrete buildings, and 85.29% people were found to be residing in raw buildings, huts or koobas. 16,264 (78.46%) families had one-room

buildings, whereas 4,062 (19.59%) families had two-rooms buildings and only 404 (1.95%) families were found to be having more than two-rooms buildings.

**HEALTH :**

Out of the 1,00,639 persons of totally 20,758 surveyed families, 448 persons were found to be suffering from various sicknesses, wherein 148 persons had been victims of T.B., 24 Cancer, 69 Asthma, 36 Paralysis, 1 anaemia, 14 Leprosy, 41 Cataract-Glaucoma, 45 skin diseases and 68 other diseases. Out of these patients only 104 persons had received Government aid for health.

In respect of Nutritious Food Schemes Programme, totally 4,821 families with mother and children below six years had taken advantage of this scheme.

Among Primitive Groups, totally 306 persons were having physical handicaps. Looking to type-wise, 203 persons were found to be lame, 47 blind, 20 deaf & dumb and 36 polio. Looking to the method of treatment 9,145 families were found to be receiving treatment in Government dispensaries, 6,213 families in private dispensaries, whereas 5,400 families to be going to exorcists (Bhagat-Bhoova).

**OCCUPATION :**

In respect of occupation of totally 20,758 families of Primitive Groups, 16,978 (81.80%) families were found to be doing labour work (farm-labour, forest-labour, labour), whereas in agriculture 2,174 (10.47%) families, in fishery 111 (0.54%), in trade and occupation 276 (1.33%), in service 140 (0.67%) and in other various works 1,078 (5.19%) families had joined. Thus the main source of monetary earning is being found as labour work (forest-labour, farm-labour, labour).

**LAND :**

Out of the 20,758 Primitive families, only 17.44% (3,611) families had agricultural land of their own, wherein 1,042 (28.78%) families were holding irrigation (piyat) land and 2,432 (67,16%) families were holding non-irrigation (bin-piyat) land, whereas 147 (4.05%) families had unculturable barren land.

The families who do farming, have inadequate and absolutely of primary category agricultural equipments.

**INCOME & EXPENSES :**

Out of total Primitive families already surveyed, the annual income of 540 (2.60%) families was found to be upto Rs.2,000, whereas in the income group of Rs.2001-4000 2,643 (12.73%) families, Rs.4001-6000 4,990 (24.64%) families, Rs.6001-8000 4,949 (23.84%) families, Rs.8001-10,000. 3,636 (17.52%) were found, whereas there were only 4,000 (19.27%) families getting annual income of more than Rs.10,000.

Out of total 20,758 families, 17,653 (84.96%) families were found to be living under the line of poverty. (Those whose individual monthly expense is Rs.254/- or even less are to be considered below poverty-line. Taking this basis into consideration, this calculation has been made. Taking into consideration the individual monthly expense of Rs.254/-, it comes to Rs.8.14 per day. It should be thought how they might be maintaining themselves with this amount.

**DEBT :**

Out of the total Primitive Groups families, 3,627 (17.14%) families have been found to be as debtors. With the main reasons of the debts as erection of building, social and religious occasions and livelihood expense, 58.12% people had made debts, whereas behind farming, trade, education and purchase of cattle 11.88% people had undergone debts.

## GOVERNMENT ASSISTANCE :

Out of the total 20,758 Primitive families only 5,932 (28.58%) families had received Government aid. Out of the families who received aid 55.16% families had received aid for residence, 16.84% for farming, 7.18% for cattle-breeding, 6.09% for poultry-breeding, 3.88% for new occupation and 2.71% people for the purchase of medical aid, service or education.

Out of the families which received this aid, 1,808 (40.48%) families accept that there has been an increase in their income by Government aid.

Out of the total 20,758 Primitive families, 16,957 (81.69%) families had expressed their desire to do another occupation. Over and above traditional occupation, these occupations include occupations also which are new and modern works which are being done by making use of their intelligence.

## GIST :

(1) Among the total population 1,00,639 of Primitive Groups, 73.91% illiteracy has been found.

(2) Out of the total surveyed families, 99.51% families have their own building. 90.36% families reside in the buildings on rent, whereas the number of families not having their own building was found to be 28 (0.13%).

(3) Out of the total population of Primitive Groups, 448 persons had been found suffering from various sickness. Out of them, only 104 persons had got aid for health from the Government.

(4) Out of the 20,758 families of Primitive Groups, 17,653 (84.96%) families had been found to be living under poverty-line.

(5) Out of the total Primitive families, 16,978 (81.80%) families were dependent only on labour (farm-labour, forest-labour, labour).

(6) Out of the total families, only 3,621 (17.44%) families had their own land. Among owned land, 1,042 (28.78%) families holding irrigation land were found.

(7) Out of the total land, 16,957 (81.69%) families had expressed their desire to do new occupation. Over and above the traditional occupation, they had expressed their desire to do new and modern occupation also.

**SUGGESTIONS :**

(1) In Ashramshala, children of Primitive Groups should be given priority in admission.

(2) As these people go out of their villages for labour, they are unable to educate their children. In these areas, separate Ashramshala should be opened in Primitive Groups.

(3) The residences that are being prepared by the Government for Primitive Groups should be suitable for their tradition. For this, by contacting Aboriginal Groups, their suggestions about the erection of the building and occupation should be taken.

(4) On Primitive Groups area, after taking into consideration distance along with the population, primary health centres, sub-centres should be raised. Along with this, peripatetic dispensaries should be raised or voluntary service organisations should be encouraged to organize such dispensaries by monetary aid.

(5) The rates of wages that have been fixed by the Government should be got executed strictly. Besides this,

(6) Over and above the traditional occupation, if view and modern occupations are taught to them, they will undoubtedly be able to become monetarily self-supporting.

(7) If the necessary means along with subsidy and training for the new occupation that they have desired to start are given to them, their progress will be able to take place.

# 'સાત ફેરા સમૂહ લગ્ન' યોજના મૂલ્યાંકન અભ્યાસ

નિરંજના એન. પટેલ

કમિશનરશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા અનુસૂચિત જનજાતિના સમાજમાં 'સાત ફેરા સમૂહ લગ્ન' યોજનાનું અમલીકરણ અને તેનો મૂલ્યાંકન અભ્યાસ તૈયાર કરવાનું આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સૂચવ્યું હતું.

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના સર્વાંગીણ વિકાસ માટે અનેકવધ યોજનાઓ ચાલી રહી છે. જેમાં અનુસૂચિત જનજાતિઓનો સર્વાંગધિક વિકાસ વેગીલો થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ આદિવાસી વિસ્તારના મોટાભાગનાં આદિવાસી કુટુંબો ગરીબીરેખા હેઠળ જીવન જીવે છે. તેઓનાં સમાજમાં લગ્નપ્રસંગે બિનજરૂરી ખર્ચ કરવામાં આવતો હોય છે. આવા પ્રસંગે દેવુ કરીને ખર્ચ કરે છે અને પછી આર્થિક મુશ્કેલી અનુભવતા હોય છે. જો આદિવાસી સમાજનાં લોકો 'સમૂહ લગ્ન'ની પ્રથા અપનાવે તો વ્યક્તિગત લગ્નપ્રસંગે થતાં બિનજરૂરી ખર્ચ નિવારી શકાય.

રાજયમાં આ યોજનાનો અમલ તા.૧૪-૪-૧૯૯૮થી કરવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૦ નવયુગલો સમૂહલગ્ન યોજનામાં જોડાય તેવું ઠરાવ્યું છે. 'સમૂહ લગ્ન'માં ભાગ લેનાર યુગલોને પ્રોત્સાહક પુરસ્કાર તથા સન્માનપત્ર આપવાની જોગવાઈ છે.

**વિસ્તાર પસંદગી :**

'સાત ફેરા સમૂહ લગ્ન' યોજના (મૂલ્યાંકન અભ્યાસ માટે) અંતર્ગત આદિવાસી વસતિ ધરાવતા કાર્યક્ષેત્રનાં અમદાવાદ, રાજકોટ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, વડોદરા, ભરૂચ, નર્મદા, વલસાડ, નવસારી, ડાંગ-આહવા, પંચમહાલ, દાહોદ, ગોધરા વગેરે જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવી હતી. જેમાં આ યોજનાનું અમલીકરણ થયું હતું. તેવા વલસાડ, નવસારી અને ડાંગ-આહવા વગેરે જિલ્લાઓમાં આદિવાસી સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

'સાત ફેરા સમૂહ લગ્ન' યોજના હેઠળ ૨૦૦૧-૦૨ વર્ષ દરમ્યાન વલસાડ જિલ્લામાં ૮૭, ૨૦૦૧-૦૨ નવસારી જિલ્લામાં ૯૮ લાભાર્થી તેમજ ૨૦૦૧-૦૨ના વર્ષ દરમ્યાન ડાંગ-આહવા જિલ્લાના ૧૦૧ લાભાર્થીઓ 'સમૂહ લગ્ન'નુ આ યોજનામાં જોડાયા હતા. યોજનાના અમલીકરણ અને લાભાર્થીઓને ધ્યાનમાં લઈ વલસાડ, નવસારી, ડાંગ એમ ત્રણ જિલ્લાના અનુક્રમે ધરમપુર (જિ.વલસાડ), ગણદેવી (જિ.નવસારી) તેમજ આહવા (જિ.ડાંગ) તાલુકાની અભ્યાસ માટે પસંદગી

કરી હતી. દરેક તાલુકામાંથી ૨૦ લાભાર્થી કુટુંબો અભ્યાસમાં આવરી લઈ, ત્રણ જિલ્લાના ત્રણ તાલુકાના પાંચ ગામો ખાંડા, ગણદેવી, અજરાઈ, પાથરી અને ધવલીદોડ વગેરે ગામો પસંદ કરવામાં આવ્યા હતા.

યોજનાના મૂલ્યાંકન અભ્યાસ માટે ઉપરોક્ત ગામો પસંદ એ રીતે કર્યા કે જ્યાં 'સહૂમ લગ્નો' યોજવામાં આવ્યા હતા. તેમજ દર્શાવેલ ગામોમાં યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓની સંખ્યા વધુ હતી. દરેક તાલુકામાંથી ૨૦ લાભાર્થી એમ ત્રણ તાલુકાના મળી કુલ ૬૦ લાભાર્થીઓનાં કુટુંબોની પ્રત્યક્ષ મુલાકાત લઈને યોજનાકીય દરેક બાબતોમાં અભ્યાસમાં આવરી લેવામાં આવી હતી.

**અભ્યાસની પ્રવિધિઓ :**

અભ્યાસ માટે ઉપરોક્ત જિલ્લા, તાલુકા તેમજ ગામોની મુલાકાત ગોઠવી અભ્યાસ સંબંધીત વિગતો મેળવવા સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરી 'સમૂહ લગ્ન યોજના' અંગેની માહિતી એકત્ર કરી હતી.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રત્યક્ષ કાર્યથી તૈયાર કરવામાં આવેલ અનુસૂચિના ઉપયોગથી રૂબરૂ મુલાકાત ગોઠવી વિગતો મેળવી. તેમજ નિરીક્ષણ દ્વારા 'સમૂહ લગ્ન'ની યોજનાકીય માહિતી મેળવી હતી. યોજના અંગેના લાભાર્થીઓનાં મંતવ્યો તેમનાં અભ્યાસના આધારે જે તારણો તેમજ સૂચનો જાણ્યા તે અહી બતાવ્યા છે.

**અભ્યાસનો ઉદ્દેશ :**

અનુસૂચિત જનજાતિનાં સમાજમાં લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં દેવુ કરીને ખર્ચ કરે છે અને પછી આર્થિક મુશ્કેલી અનુભવે છે. જો આ સમાજમાં 'સમૂહ લગ્ન'ની પ્રથા અપનાવાય તો વ્યક્તિગત લગ્ન પ્રસંગે થતો બિન જરૂરી ખર્ચ નિવારી શકાય અને તેઓનો આર્થિક તેમજ સામાજિક વિકાસ થઈ શકે. તે હેતુસર 'સાત ફેરા સમૂહ લગ્ન' યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજના આગળ જણાવ્યા મુજબ તા.૧૪-૪-૧૯૯૮થી અમલમાં મુકવામાં આવી હતી. યોજનાનો લાભ લેનાર આદિવાસી સમાજના લાભાર્થીઓનાં કુટુંબોની સામાજિક તેમજ આર્થિક સ્થિતિમાં કેવા પ્રકારનાં પરિવર્તનો આવ્યા છે અને સમગ્ર સમાજમાં શા ફેરફાર થયા છે તે જાણવાનો ઉદેશ હતો.

આ યોજના ચાલુ થયાને ત્રણ-ચાર વર્ષનો સમય થયો છે. ત્યારે આદિવાસી સમાજમાં આ યોજના અંગેની પ્રતિક્રિયા, લાભાર્થીઓના મંતવ્યો તેમજ પ્રશાસનમાં કામ કરતાં અધિકારીઓની અમલીકરણ માટેની મુશ્કેલીઓ જાણવી ખૂબ જ ઉપયોગી નીવડશે. તેને ધ્યાનમાં રાખી કેટલાંક ખાસ ઉદેશો પણ રાખ્યા હતા.

(૧) આદિવાસી લગ્ન પ્રસંગે થતાં ખર્ચને પહોંચી વળવા જે આર્થિક સહાય આપવામાં આવે છે તે પૂરતી છે કે કેમ ? ને તપાસવું.

(૨) યોજનાનો લાભ લેનાર લાભાર્થી તેમજ તેનાં કુટુંબોની વ્યક્તિનાં જીવનસ્તરમાં કોઈ ફેરફાર જણાય છે તે જાણવું.

(૩) યોજના દરમ્યાન અમલીકરણમાં કેવા પ્રકારની મુશ્કુલીઓ ઉભી થાય છે અને તેના નિરાકરણ માટે શું કરવું તે જોવું.

(૪) યોજનાના આયોજકો તેઓના સંગઠનો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તેમજ અન્ય સામાજિક સંસ્થાઓના પ્રતિભાવો જાણવા.

(૫) યોજનામાં જોડાનાર નવયુગલોની સામાજિક, આર્થિક વિગતો જાણવી.

(૬) યોજનામાં નિદિર્ષ નિયમો પ્રમાણે કાર્યવાહી થઈ છે તે તપાસવું.

(૭) લાભાર્થીઓનાં કુટુંબો તેમજ સમાજના આગેવાનોના પ્રતિભાવો જાણવા.

(૮) લાભાર્થીઓનો સામાજિક રૂઢિગત રિવાજોમાંથી બહાર નીકળી સામાજિક વિકાસ થાય છે કે કેમ ? તે જોવું.

૬૦ આદિવાસી લાભાર્થીઓમાંથી લાભ લેનાર લાભાર્થીઓમાં કુંકણા, હળપતિ, વારલી, ગામીત, દૂબળા તેમજ ભીલ આદિવાસી કુટુંબો હતા. જેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું અને આવક સામાન્ય હતી.

અભ્યાસ માટે પસંદ કરેલ લાભાર્થીઓની મુલાકાત દરમ્યાન તેમના કેટલાંક મંતવ્યો પણ જાણ્યા હતા.

(૧) 'સમૂહ લગ્ન' યોજનાનો લાભ લેવા માટેની અરજીમાં જરૂરી દસ્તાવેજોમાં મુખ્યત્વે ઉંમરના પુરાવા રજૂ કરવાનાં હોય છે.જે પુરાવાઓ મેળવવામાં તેમને (લાભાર્થીને) ઘણા ધક્કા ખાવા પડતા હોય છે. જેને કારણે તેમનાં કામના દિવસો અને મજૂરીનો રોજ પડે છે. આ બાબતે લાભાર્થીઓને ઘણુ શોષવુ પડતુ હોય છે.

(૨) યોજનાનો લાભ લેનાર નવયુગલ પાસેથી અરજી ફી નક્કી કરેલઅરજીની ફીની રકમ રૂ.૨૦/- કરતાં વધુ લેવામાં આવી હોઈ તેવું કેટલેક સ્થળેથી જાણ્યું.

(૩) અભ્યાસમાં આવરેલ કચેરી હસ્તકનાં કેટલાંક આદિવાસી જિલ્લાઓમાં આદિજાતિની છૂટીછવાઈ

વસતિ રહેતી હોવાને કારણે સમૂહ લગ્નના આયોજન માટે નક્કી કરેલ આછોમાં ઓછા ૧૦ નવયુગલોની સંખ્યા થવી અશક્ય હોવાને કારણે યોજના માટે અમલમાં મૂકેલ જિલ્લાઓનાં મોટાભાગનાં યુગલો લાભથી વંચિત રહી જતા હોય છે.

(૪) સમૂહ લગ્ન યોજનામાં જોડાનાર નવયુગલ નિયત કરેલ વયનું (કન્યાની ૧૮ વર્ષ થતા વરની ૨૧ વર્ષ) હોવું જોઈએ. કેટલાંક જિલ્લાઓમાં યુગલની ઉંમર ઘટતી હોવાને લગ્ન રજિસ્ટ્રેશન કરવાનું ટાળે છે.

**અભ્યાસનાં તારણો :**

'સાત ફેરા સમૂહ લગ્ન' યોજના (આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં) અમદાવાદ, રાજકોટ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, વડોદરા, ભરૂચ, નર્મદા, વલસાડ, નવસારી, ડાંગ-આહવા, પંચમહાલ, દાહોદ, ગોધરા વગેરે જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવી હતી. જેમાં હાલ આ યોજનાનું અમલીકરણ થયુ છે. તે પૈકીના વલસાડ, નવસારી, ડાંગ-આહવા જિલ્લાઓમાં આદિવાસી 'સમૂહ લગ્ન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

અભ્યાસ માટે વલસાડ, નવસારી અને ડાંગ-આહવા જિલ્લાના અનુક્રમે ધરમપુર, ગણદેવી તેમજ આહવા તાલુકાને આવરી લીધા હતા. અભ્યાસમાં મહત્વનાં તારણો નીચે મુજબ છે.

(૧) અભ્યાસમાં આવરેલ કુલ ૬૦ લાભાર્થીઓ પૈકી સૌથી વધુ ૨૬ (૪૪.૩૩ ટકા), કુંકણા જાતિ, ૧૮ (૩૦.૦૦ ટકા), હળપતિ, ૮ (૧૩.૩૩ ટકા) વારલી, ૫ (૮.૩૩ ટકા) ગામીત, ૨ (૩.૩૩ ટકા) દૂબળા તેમજ ૧ (૧.૬૭ ટકા) ભીલ જાતિનાં લાભાર્થીઓએ 'સમૂહ લગ્ન' યોજનાનો લાભ લીધો હતો.

(૨) અભ્યાસમાં આવરેલ કુલ લાભાર્થીઓ પૈકી ૪૪ (૭૩.૩૩ ટકા) સ્ત્રીઓ અને ૧૬ (૨૬.૬૭ ટકા) પુરુષો હતા.

(૩) યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓની વયજૂથ જોતા ૩૦ (૫૦.૦૦ ટકા) લાભાર્થી ૧૮ થી ૨૨ની વયજૂથ, ૨૩ (૩૮.૩૩ ટકા) ૨૩ થી ૨૭વર્ષની વય તેમજ ૨૮ થી ૩૨ની વયજૂથ ધરાવતા ૭ (૧૧.૬૭ ટકા) લાભાર્થીઓ હતા.

(૪) અભ્યાસમાં આવરેલ લાભાર્થીઓની કુલ કુટુંબ સંખ્યા ૨૧૬ હતી. જેમાં ૧૨૧ (૫૬.૦૨ ટકા) પુરુષો અને ૯૫ (૪.૯૮ ટકા) સ્ત્રીઓ હતી. જિલ્લાવાર સંખ્યા જોતા વલસાડમાં ૬૭ (૩૧.૦૨ ટકા) નવસારી ૭૪ (૩૪.૨૬ ટકા) તેમજ ડાંગ-આહવામાં ૭૫ (૩૪.૭૨ ટકા)ની સંખ્યા હતી.

(૫) પસંદ કરેલ લાભાર્થીઓનાં કુલ કુટુંબોમાંથી ૨૧ પુરુષો અને ૩૯ સ્ત્રીઓ અભણ હતી. જ્યારે ૯૩ પુરુષો અને ૭૯ સ્ત્રીઓએ શિક્ષણ પૂરૂ કરી દીધુ હતું. અથવા અધવચ્ચે છોડી દીધુ હતું. બાકી રહેલ ૨૮ પુરુષ અને ૧૬ સ્ત્રીઓ અત્યારે ભણી રહી છે.

(૬) લાભાર્થીઓનાં કુટુંબોનો મોટો વર્ગ એટલે કે ૨૬ પુરુષો અને ૧૫ સ્ત્રીઓએ માત્ર પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતુ. માત્ર ૨ (૩.૩૩ ટકા) એ માધ્યમિક શિક્ષણ અને ફક્ત ૧ (૧.૬૬ ટકા) એ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

(૭) અભ્યાસમાં આવરેલ લાભાર્થીઓનાં કુટુંબોમાં એ પણ જોવા જોવા મળ્યું છે કે તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે ચાલુ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું છે.

(૮) લાભાર્થીઓનાં કુટુંબોનો મુખ્ય વ્યવસાય જોતાં સૌથીવધુ ૨૯ (૪૮.૩૩ ટકા) ખેતી, ૨૫ (૪૧.૬૯ ટકા) ખેતમજૂરી, ૫ (૮.૩૩ ટકા) અન્ય મજૂરી જેવી કે હસ્તોદ્યોગ (વણાટકામ) જંગલમજૂરી, (લાકડા કાપવા) તેમજ સુગર ફેટકરીમાં કામ કરતા હતા. માત્ર ૧(૧.૬૬ ટકા) સરકારી નોકરી ધરાવતા હતા.

(૭) ગૌણ વ્યવસાયમાં ૩૨ (૫૩.૩૩ ટકા) છૂટકમજૂરી જેવી કે સુગર ફેકટરી તેમજ વણાટકામમાં જોડાયા હતા. જ્યારે ૧૫ (૨૫.૦૦ ટકા) ખેતમજૂરી અને ૧૩ (૨૧.૬૭ ટકા) જંગલમજૂરીમાં રોકાયેલા હતા.

(૮) અભ્યાસમાં આવરેલ લાભાર્થીઓનાં કુટુંબના જુદા જુદા વ્યવસાયોમાંથી પ્રાપ્ત થતી વાર્ષિક આવક પૈકી ૧ થી ૫ હજાર સુધીની આવક ધરાવતા ૨૨ કુટુંબો, ૬ થી ૧૦ હજાર સુધીની આવક ધરવાતા ૩૬ કુટુંબો અને ૧૧ થી ૨૦ હજાર સુધીની આવક ધરાવતા જ કુટુંબો હતા.

(૯) લાભાર્થીઓનાં કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ જોતાં ૫૨ (૮૬.૬૭ ટકા) કુટુંબો ૬ થી ૧૦ હજાર અને ૮ (૧૩.૩૩ ટકા) કુટુંબો ૧૧ થી ૧૫ હજાર સુધીનો ખર્ચ કરતા હતા. આ કુટુંબોનો ખર્ચ મોટાભાગે ખાદ્યાખોરાકી પાછળ, જયારેશિક્ષણ અને આરોગ્ય પાછળ ખર્ચ ઘણો ઓછો હતો.

(૧૦) 'સમૂહ લગ્ન યોજના' નો લાભ લેનાર તમામ લાભાર્થીઓએ ઉંમર તેમજ જાતિ અંગેના પુરાવા રજૂ કર્યા હતા.

(૧૧) યોજનાનો લાભ મેળવવા માટે અરજી સાથે ઉંમરના પુરાવા રજૂ કરવામાં વલસાડ જિલ્લાનાં ૯ લાભાર્થીઓને, નવસારીનાં ૫ અને ડાંગ-આહવામાં ૧૦ લાભાર્થીઓને મુશ્કેલી પડી હતી.

(૧૨) 'સમૂહ લગ્ન' યોજનનો લાભ લેનાર તમામ લાભાર્થી યોજનામાં જોડાવવાથી વ્યક્તિગત લગ્ન ખર્ચ પરવડે નહીં તેમજ દેવાની પરિસ્થિતિમાં મુકાવવુ ન પડે તેમ જણાવતા હતા.

**અભ્યાસ આધારિત સૂચનો :**

(૧) સમૂહ લગનનું આયોજન તેમના કામના દિવસોમાં ન ગોઠવતા તેઓ જયારે ફ્રી (નવરાશના દિવસો) હોય ત્યારે ગોઠવાય તો મુક્ત મને તેમાં ભાગ લઈ શકે.

(૨) યોજનાનાં લાભાર્થી યુગલને પ્રોત્સાહ પુરસ્કાર માટે રૂા.૧,૦૦૦/-નો નર્મદા બોન્ડ આપવામાં આવે છે. તો તેની રકમ વધારવી જોઈએ.

(૩) યુગલને જે રૂા.૧,૦૦૦/-નો નર્મદા બોન્ડ આપવામાં આવે છે. તેનાં બદલ રોકડ રકમ આપવી અને વધારીને આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૪) અભ્યાસમાં આવરેલ લાભાર્થીઓનાં જણાવ્યા મુજબ અન્ય લગ્ન સંસ્થાઓમાં કન્યાદાનમાં પાનેતર, મંગળસૂત્ર, દાગીના, સ્ટીલના વાસણો, ખુરશી વગેરે જરૂરી વસ્તુઓ આપવી જોઈએ. જેથી સમૂહ લગ્નમાં જોડાવવા તેમનો ઉત્સાહ વધે.

(૫) 'સમૂહ લગ્ન'માં લાભાર્થી યુગલને લગ્ન મંડળમાં પ્રોત્સાહક પુરસ્કાર તેમજ સન્માનપત્ર આપવાનું હોય છે. તે અમુક જિલ્લાઓમાં લગ્ન મંડપમાં નહીં આપતા ફક્ત તેમનો નોંધણી નંબર નોંધી ક્રમ મુજબ બોલાવી આપવામાં આવશે તેમ જણાવવામાં આવે છે. પરંતુ લગ્નમંડપમાં જ અપાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૬) અભ્યાસમાં આવરેલ કચેરી હસ્તકનાં કેટલાંક જિલ્લાઓમાં અરજદાર યુગલને રોકડ સહાય મળતી ન હોવાને કારણે તેમજ રજીસ્ટ્રેશનનો ખર્ચ કરવામાં, પુરાવા રજુ કરવામાં મજૂરીનાં દિવસો પડતા હોવાને કારણે યોજનામાં ભાગ લેતા નથી. તો તેના યોગ્ય અમલીકરણ માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

# આદિવાસી વિસ્તારમાં નિરાધાર વિધવા સહાય યોજના તથા વૃદ્ધ પેન્શન યોજનાનો યથાસ્થિતિ અભ્યાસ

- ડૉ. રેખા કે.મહેતા

**પ્રસ્તાવના :**

સ્વાતંત્ર્યની પ્રાપ્તિ બાદ સ્વરાજ સાથે સુરાજના લક્ષ માટે કલ્યાણ રાજયના આદર્શને વરેલી સરકાર તેના પ્રત્યેક નાગરિકની સુખાકારી અંગે સતત ચિંતિત રહી છે. રાષ્ટ્રની પ્રગતિની મજલમાં છેવાડે બેઠેલો આમ નાગરિક આજીવિકા માટે અસહાયતા ન અનુભવે તે અનિવાર્ય છે. આ જ કારણે કેન્દ્ર સરકારની મદદ વડે ચલાવવામાં આવતો રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ પ્રધાનમંત્રીએ જાહેર કર્યો હતો. જેનો રાજ્ય સરકારે અમલ ચાલુ કર્યો છે. રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ હેઠળ આમ જનતાની સુખાકારી માટે સરકાર દ્વારા વિવિધ કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવે છે. જેનો રાજ્ય સરકારે અમલ ચાલુ કર્યો છે. સરકારશ્રીના કાર્યક્રમો ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો અગત્યનો રહ્યો છે. ખાસ કરીને યોજનાના અમલમાં મહત્વનો અને ઉપયોગી ફાળો આપે છે.

ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષા ખાતા દ્વારા સમાજ કલ્યાણને લગતી જુદી જુદી યોજનાઓ દ્વારા સમાજના નબળા વર્ગો, અનાથ, નિરાધાર તેમજ સામાજિક રીતે મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ વિગેરેના કલ્યાણ માટે વિવિધ પ્રકારની કામગીરી થઈ રહેલ છે. આવી પ્રવૃત્તિમાં દેશભરમાં ગુજરાત રાજ્ય આગવું અને મોખરાનું સ્થાન ધરાવે છે.

સમાજ સુરક્ષા ખાતાની આવી કેટલીક યોજનાઓમાંથી આદિવાસી વિસ્તારમાં ચાલતી નિરાધાર વિધવા સહાય યોજના તથા નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાનો યથાસ્થિતિ અભ્યાસ કરવાનું ગૂજરાત વિદ્યાપીઠની સલાહકાર સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું. પરિણામે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આ અંગે સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો.

**(૧) નિરાધાર વિધવા, ત્યકતા અને છૂટાછેડા લીધેલ મહિલાઓને પુનઃસ્થાપન માટે આર્થિક સહાય યોજના :**

૧૮ થી ૬૦ વર્ષ સુધીની નિરાધાર વિધવા, ત્યકતા કે છૂટાછેડા લીધેલ મહિલાઓને પુનઃસ્થાપન માટે આર્થિક સહાયની યોજના જુન, ૧૯૭૯થી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંગેના નિયમો સકારશ્રીના સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક એસ.ડી.ડબલ્યુ-૧૦૭૯-૪૭૫૩૮-છ-૮૦-તા.૮-૯-૧૯૮૦થી મંજુર થયેલ છે.

નિરાધાર વિધવા ૧૮ થી ૬૦ વર્ષ સુધીની મહિલા કે જેની વ્યક્તિગત વાર્ષિક આવક

રૂ.૧૨૦૦ થી વધુ નથી. (આમાં ઘરકામની આવક ગણવામાં આવતી નથી) અને કૌટુંબિક આવક રૂ.૩,૬૦૦ થી વધુ નથી તેમજ જેને ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર નથી તેમજ તે ગુજરાત રાજ્યના વતની હોય તેને આ સહાય મળવાપાત્ર છે. લાભાર્થીને દર માસે રૂ.૫૦૦/- સહાય મળે છે. સગીરવયના બાળકોને બે બાળકો સુધી બાળકદીઠ રૂ.૮૦ મળે છે.

આ યોજનાનો હેતુ નિરાધાર વિધવા, ત્યક્તા કે છૂટછેડા લીધેલ મહિલાઓને આર્થિક રીતે પગભર કરવાનો છે.

અરજદારની ઉંમર ૬૦ વર્ષની થતાં, પુત્રની 'ઉંમર ૨૧ વર્ષની થતાં અને કુટુંબની આવક નિયત આવક કરતાં વધુ થતાં આ સહાય બંધ કરવામાં આવે છે.

સમાજસુરક્ષા ખાતા દ્વારા મળેલ માહિતી અનુસાર ડિસેમ્બર ૨૦૦૨ના વર્ષમાં ગુજરાત રાજ્યમાં કુલ ૧,૩૧,૭૪૦ જેટલા નિરાધાર વિધવા લાભાર્થીઓ નોંધાયેલા છે.

(૨) **નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના :**

નિરાધાર વૃદ્ધોના નિભાવ માટે નાણાંકીય સહાય યોજના હેઠળના સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫-૯-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક બી.એમ.એ.-૧૦૭૮-મ-૫૮૮૨-છ દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.

આ નિયમો ગુજરાત રાજ્યના નિરાધાર વૃદ્ધોના નિભાવ માટેની નાણાંકીય સહાય હેઠળના નિયમો કહેવામાં આવશે. આ નિયમો સમગ્ર ગુજરાત રાજ્યમાં તા.૧લી જુલાઈ ૧૯૭૮થી અમલમાં આવ્યા.

૬૦ કે તેથી વધુ ઉંમરની નિરાધાર સ્ત્રી કે પુરુષ જેને ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર ન હોય, જેની વાર્ષિક વ્યક્તિગત આવક રૂ.૨,૪૦૦/- અથવા કુટુંબની વાર્ષિક આવક રૂ.૪,૫૦૦/-થી વધુ ન હોય તેમજ તેઓ ઓછામાં ઓછા દશ વર્ષથી ગુજરાત રાજ્યના વતની હોય તેમને આ યોજનાનો લાભ મળે છે. નિરાધાર વૃદ્ધને માસિક પેન્શન રૂ.૨૦૦/- મનીઓર્ડર દ્વારા આપવામાં આવે છે. ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના વૃદ્ધોને ભારત સરકાર તરફથી રૂ.૭૫/- માસિક મળવાપાત્ર થાય છે. (૨૦૦ + ૭૫ = ૨૭૫)

સમાજસુરક્ષા ખાતા દ્વારા મળેલ માહિતી મુજબ ડિસેમ્બર ૨૦૦૨ વર્ષમાં ગુજરાત રાજ્યમાં વૃદ્ધ લાભાર્થીઓની કુલ સંખ્યા ૯૨ હજાર ૬૩૫ જેટલી છે.

આદિવાસી વિસ્તારમાં ઉપરોક્ત બંને યોજનાઓ અમલમાં આવી છે. સરકારશ્રીનું આ

એક પ્રસંશનીય પગલું છે. ગરીબ અને પછાત આદિવાસી વિસ્તારમાં આ યોજનાનું ઘણું મહત્વ છે.

**અભ્યાસના હેતુઓ :**

આ બંને યોજનાનો અભ્યાસ કરવા માટે કેટલાક હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

(૧) આ યોજનાઓ ક્યારથી શરૂ થઈ અનેતેની પાછળ કેટલું ખર્ચ કરવામાં આવે છે ?

(૨) લક્ષ્યાંક કેટલું હતું અને તેમાંથી કેટલું સિદ્ધ થઈ શક્યુ છે?

(૩) દર વર્ષે કેટલા લાભાર્થીઓ નક્કી કરવામાં આવે છે.

(૪) લાભાર્થીઓને સહાય બરાબર મળે છે કે કેમ ?

(૫) સહાય મેળવવામાં શું શું મુશ્કેલી છે ?

(૬) આ યોજનની જાણકારી ઊંડાણના આદિવાસી વિસ્તારોના લોકોને છે કે કેમ ?

(૭) આ યોજનાથી લોકોને જે સહાય મળે છે તેનાથી ફાયદો થયો છે કે કેમ ? આ સહાયના નાણા શેમાં ખર્ચે છે.

**અભ્યાસના વિસ્તારો :**

અભ્યાસ માટે સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ આવી જાય તેરીતે દક્ષિણ ગુજરાતમાંથી વલસાડ, મધ્ય ગુજરાતમાંથી વડોદરા અને ઉત્તર ગુજરાતમાંથી પંચમહાલ તથા સૌરાષ્ટ્રમાંથી જૂનાગઢ વગેરે વિસ્તારો પસંદ કરેલા છે. દરેક જિલ્લામાંથી ૨૦ વિધવા લાભાર્થીઓ તેમજ ૨૦ વૃદ્ધ લાભાર્થીઓને ઉત્તરદાતા તરીકે પસંદ કરેલા છે, કુલ ચાર જિલ્લાના ૮૦ વિધવા + ૮૦ વૃદ્ધો = ૧૬૦ લાભાર્થીઓને અભ્યાસમાં લીધેલા છે.

**અભ્યાસની પ્રવિધિઓ તેમજ પદ્ધતિઓ :**

ઉપરોક્ત લાભાર્થીઓના અભ્યાસ માટે ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે. લાભાર્થીઓની રૂબરૂ મુલાકાત તેમજ નિરિક્ષણ દ્વારા પણ કેટલીક માહિતી એકઠી કરવામાં આવી છે. આ રીતે પ્રાથમિક માહિતી મેળવવામાં આવી છે. દ્વૈતિક માહિતી ગ્રંથાલયના જુદા જુદા પુસ્તકો દ્વારા મેળવવામાં આવી.

આમ, જુદી જુદી પ્રવિધિઓ અને પદ્ધતિઓનો ઉપયોગ સંશોધન અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

ફેબ્રુઆરી માસમાં આ અભ્યાસને લગતું ક્ષેત્રકાર્ય પુરૂં થયેલ છે. ક્ષેત્રકાર્યમાં વલસાડ જિલ્લાના ધરમપુર અને પારડી, વડોદરાના છોટાઉદેપુર, જૂનાગઢના તલાલા તેમજ પંચમહાલના દાહોદ તાલુકાના કુલ ૮૦ વિધવા લાભાર્થીઓ તેમજ ૮૦ વૃદ્ધ લાભાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ માહિતી મેળવવામાં આવી છે.

અહેવાલ લેખનની શરૂઆત કરેલી છે. માર્ચના અંત સુધીમાં પૂર્ણ કરવાની ધારણા છે. હજુ વર્ગીકરણ અને કોષ્ટીકરણ પણ કરવાના છે. વિધવા સહાય તેમજ વૃદ્ધ પેન્શન યોજનાના સમગ્ર અભ્યાસ દરમ્યાન નીચે મુજબના તારણો તેમજ સૂચનો જણાયા છે.

**તારણો :**

**વિધવા સહાય યોજના :**

કોઈપણ સમાજ તે આદિવાસી સમાજ હોય કે બિનઆદિવાસી સમાજ હોય પણ તેમાં વિધવા સ્ત્રીનું સ્થાન અત્યંત કરૂણા ઉપજાવે તેવું છે. તેનો પતિ મૃત્યુ પામે એટલે તે સાવ એકલી અટૂલી બની જાય છે. તેના પર દુઃખનો ડુંગર તૂટી પડે છે. સમાજમાં કોઈનો સાથ મળતો નથી. એકલા હાથે તેણે મહેનત કરીને પોતાનો તેમજ પોતાના બાળકોનો રોટલો રળવો પડે છે. તેમાંય આદિવાસી સ્ત્રીઓ તો ખૂબ ગરીબ પરિસ્થિતિમાં જીવન ગુજારે છે. વિધવા લાભાર્થીઓના અભ્યાસ અંગે નીચે મુજબ તારણો જણાયા.

(૧) મોટાભાગની સ્ત્રીઓ સાસરીયા કે પિયરયાથી અલગ સ્વતંત્ર રહી મજુરી કરી પોતાના બાળકોને ઉછેરે છે.

(૨) આ સમાજમાં પુનઃલગ્નની છૂટ હોવા છતાં એકપણ વિધવા સ્ત્રીએ પુનર્લગ્ન કર્યાનો દાખલો જોવા મળ્યો નથી.

(૩) મોટાભાગની બહેનો અભણ છે. શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે, તેથી મજુરી કે કામવાળી તરીકે કામ કરી જીવન નિભાવે છે.

(૪) મોટાભાગની વિધવા બહેનો પાસે જમીન નથી અને જેમને છે તે જમીનમાં સિંચાઈની વ્યવસ્થા પૂરતી નથી. વરસાદ વખતે જે કંઈ પાણી મળે તેમાં જે પાકે તે જ. બાકી કશું કરી શકતા નથી. પોતાના કુટુંબ પૂરતું થોડુંઘણું પાકે છે.

(૫) કોઈનું બેંકમાં ખાતુ કે કંઈ બચત નથી. કારણ આટલી મોંઘવારીમાં માંડ માંડ ઘર ચલાવે છે.

(૬) આ સહાયથી બહેનોને ઘણો ટેકો મળે છે તેથી બધી બહેનો કહે છે આ સરકારે સારું કામ કર્યું છે.

આટલા પૈસાથી ઘર ન ચાલે પણ આટલો ટેકો મળે છે તેથી અમે ચૂલો તો પેટાવી શકીએ છીએ અને બાળકોને થોડુંઘણું શિક્ષણ પણ આપી શકીએ છીએ.

(૭) દરેકને પોતાની માલિકીનું મકાન છે તેથી રાહત છે. ભાડું ભરવું પડતું નથી.

(૮) મોટાભાગની બહેનોના પતિ કોઈને કોઈ બિમારીથી મૃત્યુ પામેલા છે. ગરીબીને કારણે પૌષ્ટિક કે પૂરતા ખોરાક ન મળવાથી તેમજ મહેનતું કામ વધારે કરવાનું હોવાથી સ્વાસ્થ્ય નબળું હોય છે. તેમાં વળી દારૂ પીવાની ટેવ ને લીધે ઘણા મૃત્યુ પામ્યા છે.

(૯) સહાય દર માસે નિયમિત ન મળવાથી, બે-ત્રણ માસની સાથે મળતી હોવાથી બહેનોએ કોઈને કોઈ પાસેથી ઉછીના પૈસા લેવા પડતા હોય છે. ક્યારેક દુકાનદારના પૈસા બાકી રાખે છે, ક્યારે આડોશપાડોશ કે સગાને ત્યાંથી ઉછીના લે છે. તો ક્યારેક પોતે કામ કરતા હોય ત્યાંથી ઉછીના લે છે. વળી સામાજિક પ્રસંગે (દીકરા-દીકરીના લગ્ન માટે) અથવા બિમારી સમયે પણ મોટી રકમનું દેવું કરવું પડે છે.

(૧૦) મોટાભાગની બહેનો ૨૫ થી ૩૫ વર્ષના ગાળામાં વિધવા થયેલી છે.

(૧૧) મોટાભાગની વિધવા બહેનોના પતિ મિલકતમાં માત્ર ઘર મૂકી ગયા છે. કેટલાકને પાછળથી અલગ સાસરીયાની બાજુમાં તો કેટલાકને પિયરયાની બાજુમાં નવું ઝુપડું બનાવીને રહેવું પડે છે.

(૧૨) બહુ જ ઓછી વિધવા બહેનોને સાસરીપક્ષના લોકો સારી રીતે સાચવેછે, મોટાભાગના દુઃખ જ દે છે. મહેણાં-ટોણાં મારે છે.

(૧૩) બધી જ વિધવા બહેનોએ ક્ષેત્રકાર્ય દરમ્યાન જણાવેલ કે અમારામં કોઈ કોઈનું ના કરે, સૌએ પોતાની જાતે જ પોતાનો રોટલો રળવાનો, કોઈ કોઈને મદદ પણ ન કરે. કારણ બધાની પરિસ્થિતિ એવી જ. તેથી પોતાનું જ માંડ પુરુ કરતા હોય ત્યાં બીજાને શું મદદ કરે !

(૧૪) આદિવાસી સમાજમાં આમ તો વિધવા સ્ત્રીનું સ્થાન સારું છે. પણ લગ્નપ્રસંગે એક બાજુ બેસી રહેવું પડે. વર કે કન્યાના કપડાં ને અડાય નહિ. તેમજ આગળ પડતો ભાગ ન લેવાય.

(૧૫) બધા જ લાભાર્થીઓને સહાયના રૂ.૫૦૦/- બરાબર મળે છે, તેમ જ બાળકદીઠ રૂ.૮૦ પણ બરાબર મળે છે. સહાય અંગે કશી મુશ્કેલી નથી. સરકારી સહાય ખૂબ જ સારી, ઉપયોગી અને આશીર્વાદરૂપ છે એમ બધા લાભાર્થીઓનું કહેવું છે.

(૧૬) હજુ પણ કેટલાક ગામોમાં વિધવા બહેનોને આ યોજના અંગે જાણકારી નથી. તેથી લાભ નથી લઈ શકતા.

**સૂચનો :**

**વિધવા સહાય યોજના :**

(૧) સહાય બે-ત્રણ માસની ભેગી મળે છે તેના બદલે દર માસે મળી શકે તો સારૂં.

(૨) વિધવા સ્ત્રીને પુત્ર હોય તો પણ સહાય અપાવી જોઈએ. કારણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે કેટલીક વિધવા બહેનો દીકરી સાથે રહેતી હતી. દીકરાઓ માતાને રાખતા નથી. એટલે ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરનો દીકરો હોય તો પણ એક વખત વિધવા થઈ કે તરત જ તેને સહાય મળવી જોઈએ એમ તેઓનું સૂચન છે.

(૩) વિધવા અંગેના દસ્તાવેજો સ્થાનિક એટલે કે પોતાના જ ગામમાં સરપંચ ને આપીને વિધવાનું સર્ટી. મળી શકે તો વધારે સરળતા રહે. કારણ ઊંડાણના ગામોની અભણ અને ગરીબ બહેનોને વારંવાર તાલુકા સ્થળે ધક્કા ખાવાનું ફાવતું નથી અને પોસાતુ પણ નથી.

(૪) આદિવાસી વિસ્તારની ગરીબ અને અભણ બહેનોનું સૂચન છે કે અમારા વિસ્તારમાં પાપડ ઉદ્યોગ, મસાલા ખાંડવાનું, પડિયા-પતરાળા બનાવવાનું વગેરે કાર્યો સરકાર શરૂ કરે તો અમે કામ કરવા તૈયાર છીએ.

(૫) મોંઘવારી દિવસે દિવસે વધતી જાય છે. તેથી રૂ.૫૦૦/- ઓછા પડે છે. આ રકમ વધારી શકાય તો અમને થોડી રાહત મળે તેવું લાભાર્થી બહેનોનું કહેવું છે. કારણ શહેરોમાં રહેતી બહેનો કામવાળી તરીકે કામ કરી પૂરક આવક મેળવી શકે છે. પણ ગામડામાં તો ખેતીકામ ચોમાસા દરમ્યાન ચાલે ત્યારે જ મજુરી મળી શકે છે.પછી ખાલી કામ વગર બેસવું પડે છે. તો રકમ વધે તો સારું એમ ઈચ્છે છે.

**તારણો :**

**વૃદ્ધ પેન્શન યોજના :**

(૧) ઉંમરલાયક હોવાથી વૃદ્ધ લાભાર્થીઓ પૂરક આવક મેળવી શકતા ન હોવાથી રૂ.૨૦૦/- ઘણા ઓછા પડે છે. એક લાભાર્થી ૮૨ વર્ષના મળ્યા જે ચાને રોટલો ખાઈને જીવે છે. દાળ, શાક નથી ખાઈ શકતા. કેટલાક એક ટાઈમ ખાય ને જીવે છે.હોય તો ચૂલો પેટાળે. ન હોય તો ભૂખ્યા બેઠા રહે.

(૨) બહુ ઓછા પાસે પોતાની જમીન છે તે ભાગે ખેડાવી પોતાનું અનાજ મેળવી લે છે.

(૩) આદિવાસી વિસ્તારમાં કેટલાક પતિ-પત્ની વાંઝિયા પણ જોવા મળ્યા. તેમને સંતાન નથી. તેથી મોટી ઉંમરે બધુ જાતે કરવું પડે છે. ક્યારેક સાજા-માંદા થાય ત્યારે પાડોશીની મદદ લે છે.

(૪) કેટલાક વૃદ્ધ લાભાર્થી મોટી ઉંમરે પણ આનંદથી રહે છે. દા.ત. દાહોદ તાલુકાના એક ગામમાં

પતિ-પત્નીહાટ બજારમાં ફરવા પણ જાય પોતાની મનગમતી વસ્તુ ખરીદે છે અને નાસતો કરી પાન ખાઈને મસ્ત રીતે આનંદથી જીવે છે.

(૫) દૂધ ખરીદી શકતા ન હોવાથી મોટાભાગે બધા કાળી ચા પીવે છે.

(૬) પૈસાના અભાવે મોટાભાગના પુરુષ લાભાર્થીઓનું બીડીનું વ્યસન છૂટી ગયું છે.

(૭) આરોગ્યની દૃષ્ટિએ આમ તો વૃદ્ધ લાભાર્થીઓ સ્વાસ્થ્ય પ્રમાણમાં સારું છે.ખાસ ગંભીર બિમારી નથી જોવા મળી. કેટલાકના દાંત પડી ગયા છે. કોઈને ઓછુ સંભળાય છે. બાકી અંકદરે સારું છે. અપવાદરૂપે એક વૃદ્ધ રક્તપિત્તના દર્દી મળ્યા. તેમજ બીજા એક વૃદ્ધ માહિલા ધરમપુરમાં મળ્યા. જેને ધનુર થતાં બચી ગયેલા તેમાંથી પથારીવશ થઈ ગયેલા. તેને પોતાની દીકરી તથા જમાઈ મારે છે. રૂ.૨૦૦/- હોય ત્યાં સુધી સાચવે. પૈસા ખૂટે એટલે મારે અને ખાવાનું ન આપે.

(૮) ખોરાકમાં મોટાભાગના વૃદ્ધ લાભાર્થીઓ દાળરોટલો કે શાક અને રોટલો ખાય છે. અને સવારે ચા પીવે છે.

(૯) આમ તો આદિવાસીઓમાં દારૂ પીવાની આદત જોવા મળે છે. તેની સંસ્કૃતિ સાથે સંકળાયેલી બાબત છે. પરંતુ વૃદ્ધ લાભાર્થીઓમાં આર્થિક મુશ્કેલીને કારણે તેમજ કેટલાક હિન્દુ ધર્મની અસરને કારણે દારૂ છોડી દીધેલ છે.

(૧૦) ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું પણ જાણવા મળ્યું કે વૃદ્ધ લાભાર્થી એકલા જ છે છતાં તેમને જીવનમાં એકલવાયુ લાગતું નથી કારણ બધાના ઘરબાજુમાં જ હોવાથી આડોશીપાડોશી સાથે ઓટલે બેસી વાતો કરે છે. એકબીજાના કાર્યમાં મદદ કરે છે. તેથી પોતે એકલા પડી ગયા તેવું લાગતું નથી. દા.ત. વૃદ્ધો પાડોશીના નાના બાળકોને સાચવે છે. પડોશી સ્ત્રી કામેથી આવીને વૃદ્ધોને રોટલો કરી આપે છે. આમ પરસ્પર હળીમળીને રહે છે.

(૧૧) બધા લાભાર્થીઓને નિયમિત વૃદ્ધ-પેન્શન મળે છે. જો કે દર માસે નથી મળતું તેથી થોડી મુશ્કેલી પડે છે.

(૧૨) આ રકમ તેઓ ઘર ખર્ચમાં જ વાપરે છે. કશી બચત ન થઈ શકે તેવી પરિસ્થિતિ હોવાથી કોઈને બેન્કમાં ખાતુ નથી તેમ જ કશી બચત કરી શકતા નથી.

(૧૩) યોજનાનો લાભ લેવા માટે બધાએ બીજાના જેવી કે સરપંચ, તલાટી, પોતાના સગા, મિત્રો કે પાડોશીની મદદ લીધી છે.

(૧૪) કેટલાકની ફરિયાદ છે કે યોજનાના ફોર્મ ભરવામાં બહુ ધક્કા ખાવા પડે છે. પણ પછી સારો લાભ મળે છે. જો કે અભણ હોવાથી ક્યારેક પૂરતા દસ્તાવેજો આપવામાં ભૂલ થઈ હોય તો એવું બને છે.

(૧૫) એકંદરે બધા જ લાભાર્થીઓને સરકાર તરફથી જે કંઈ મળે છે (રૂ.૨૦૦ દર માસે) તેમાં સંતોષ છે. મોંઘવારીમાં સરકાર થોડી રકમ વધારે તેવી તેમની ઈચ્છા છે.

(૧૬) એક લાભાર્થી બે જગ્યાએથી લાભ લેતા જોવા મળ્યા જેની જાણ પ્રાંત ઓફીસને કરેલ છે.

**સૂચનો :**

(૧) દરેક વૃદ્ધ લાભાર્થીનું સૂચન છે કે રકમ દર માસ મળવી જોઈએ. બે-ત્રણ માસની ભેગી મળે છે. તેમાં મુશ્કેલી છે. ખાસ કરીને જે એકલા જ છે જેના કોઈ સગાવહાલા પણ નથી. તેમને બહુ મુશ્કેલી પડે છે.

(૨) અત્યારે રૂ.૨૦૦/- દર માસે પેન્શન મળે છે. પરંતુ આટલી રકમ આજની મોંઘવારીમાં ઘણી ઓછી પડે છે. તેથી રકમ વધારવા અંગે પણ લાભાર્થીઓએ જણાવેલ છે.

(૩) સ્થાનિક સ્થળે એટલે કે બને તો ગામમાં જ વૃદ્ધ પેન્શનની ઓફીસ રાખવી જેથી તેમને બીજા પર આધારિત ન રહેવું પડે. હજુ કેટલાય વૃદ્ધો પોતાની જાતે જઈને કાર્યવાહી ન કરી શકતા હોવાથી લાભથી વંચિત છે.

(૪) કેટલાક વૃદ્ધોને આ યોજના અંગે જાણકારી જ નથી.

(૫) આદિવાસી વિસ્તારોમાં વૃદ્ધોનું આમ તો આરોગ્ય સારું છે. પણ નાની-મોટી બિમારી હોય તેને માટે આરોગ્યને લગતી તેમજ દવાઓ માટે થોડી સગવડો આપવી જોઈએ.

એકંદરે સમગ્ર અહેવાલનું સમાપન કરતાં કહી શકાય કે આદિવાસી વિસ્તારમાં ચાલતી નિરાધાર વિધવા સહાય યોજના તથા નિરાધાર વૃદ્ધપેન્શન યોજના ગરીબ અને પછાત આદિવાસી માટે ખૂબ જ ઉપયોગી અને આશીર્વાદરૂપ છે. બધા લાભાર્થીઓને બરાબર તેની રકમ મળે છે. જો કે કેટલાકની ફરિયાદ છે કે થોડી રકમ વધારવામાં આવે તો મોંઘવારીમાં રાહત મળે. આ ઉપરાંત દર માસે મળે તો સારું. બે ત્રણ માસની ભેગી મળે તેથી મુશ્કેલી પડે છે. બાકી સરકારે તેમના માટે જે કંઈ કર્યું છે તે માટે તેમને સંતોષ છે. આ યોજનાને કારણે તેમનું ઘર ચાલે છે. ચૂલો પેટાવી શકે છે. કોઈને ભૂખ્યા રહેવું પડતું નથી એટલી રાહત છે.

# બરોડીયા જાતિ તપાસ
## (અમદાવાદના સંદર્ભમાં)

રવિન્દ્ર પંચોલી

આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા અમદાવાદમાં વસતા વાંસફોડિઓ મૂળ બરોડીયા અનુ.જનજાતિના જ છે કે નહીં તે તપાસનું કામ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યું હતું. આદિવાસી સંધોશન અને તાલીમ કેન્દ્ર દ્વારા અમદાવાદમાં વસતા બરોડીયા સમાજનું અને તેઓ સાથેના સામાજિક સંબંધો તપાસવા સુરત શહેર અને વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું છે. કેન્દ્ર દ્વારા બરોડીયા જાતિનો અગાઉ બનાવવામાં આવેલ અહેવાલને પાયાનો ગણી અને આજની સાંપ્રત પરિસ્થિતિ જોઈને અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

**અમદાવાદમાં બરોડીયાઓના વિસ્તાર અને વસતિ :**

અમદાવાદ શહેરમાં છુટાછવાયા બરોડીયા કુટુંબો વસે છે. નદીના કાંઠે ઝુપડપટ્ટીમાં, શાહપુર, હાટકેશ્વર, લુનસાવાડ (દિલ્હી ચકલા), રાયપુર દરવાજા પાસે, પાનકોરનાકા આમ અલગઅલગ શ્રમીક વસાહતોમાં તેઓવસે છે. જ્ઞાતિના આગેવાનોની મદદથી ગેરતપુર, હાથીજણ પાસે સદ્ભાવના નગર નામે સરકારશ્રીની સહાયથી આ જાતિના લોકો માટે ૧૬૬ મકાનની વસાહત ઉભી કરવામાં આવી છે. જ્યાં આજે ઘણી મોટી સંખ્યામાં બરોડીઓ વસી રહ્યા છે. જ્ઞાતિ આગેવાનોના મતે ૧૫૦૦ થી ૧૮૦૦ની વસતિ માત્ર અમદાવાદમાં જ વસે છે.

**આર્થિક સંરચના :**

બરોડીયાનો વંશપરંપરાગત ધંધો વાંસકામ હતો. વાંસમાંથી ટોપલા, ટોપલીઓ, સુપડા વગેરે વસ્તુઓ તેઓ બનાવતા હતા. સમય સાથે વાંસની ઉપલબ્ધતા ઓછી થઈ અને વસતિ વધતા છૂટકમજૂરી તરફ તેઓ વળ્યા છે. પ્રિટીંગ પ્રેસમાં મજૂરી, શાકભાજીની લારી, ફેકટરી કે બજારમાં છૂટક મજૂરી, છૂટક નાના ધંધાઓ પુરુષો કરે છે. સ્ત્રીઓના થોડા વર્ગ હજુ ઘરે વાંસ કામ કરે છે. મોટાભાગે વાંસ લાટીમાંથી લાવીને ઉપયોગ કરે છે. જેમાંથી ફુલોના બુકે રાખવાના સ્ટેન્ડ, હોટેલોમાં પીરસવાની નાની વાંસની ટોપલીઓ, મોટા નાના ટોપલા-ટોપલી જેવી વસ્તુઓ બનાવે છે. પાનકોરનાકા પાસે આજે પણ બે-ત્રણ કુટુંબોને વાંસની વસ્તુઓ વેચવાની દુકાનો પણ છે. આમ બરોડીયા સમાજને આમ મજૂરવર્ગની જેમજ કોઈ ચોક્કસ આર્થિક ઉત્પાદનના સાધનો સાથે જોડાયેલો જોઈ શકાતો નથી.

**સામાજિક સંરચના અને રીતરિવાજો :**

બરોડીયાઓએ મૂળે મહારાષ્ટ્રીયન હિંદુ સમાજનો ભાગ છે. વાતચીત અને પહેરવેશમાં મરાઠી લઢણ સ્પષ્ટ દેખાય આવે છે. આંતરિક વાતચીતમાં મરાઠીનો ઉપયોગ કરે છે અને અન્ય વ્યવહારમાં ગુજરાતી બોલે છે. બરોડીયા જ્ઞાતિના ૧૩ ગોત્ર જણાવવામાં આવે છે આ તેર ગોત્રના બરોડીયા જ ગુજરાતમાં રહે છે.

**જન્મ સમયના રીતરિવાજો :**

શહેરીકરણની અસરના લીધે બધા જ બરોડીયા કટુંબો સગર્ભાઓને દાક્તરી સારવાર અપાવે છે. જરૂરી જણાયે દવાખાનામાં પ્રસુતિ કરાવે છે, અથવા પતિના ઘરે જ થાય છે. જન્મના પાંચમા દિવસે પાંચોડીથી વિધી અને અગિયારમાં દિવસે બરાબરીની વિધિ થાય છે તેજ દિવસે બાળકનું નામ પડાય છે.

**મુંડન અથવા બાબરી :**

બાળક ચારથી પાંચ વર્ષનું થાય ત્યારે સમગ્ર સગાસંબંધીઓન બોલાવી તેની મુંડનની વિધિ કરવામાં આવે છે. જેમાં ફોઈનું વિશેષ મહત્વ હોય છે.

**સગપણ અને લગ્ન :**

બરોડીયા સમાજમાં પહેલા બાળલગ્નની પ્રથા હતી. સમય જતાં તે પ્રથા બંધ થઈ ગઈ છે. આજે પુખ્ત ઉંમરે લગ્ન થતા જોવા મળે છે. તેઓમાં સગોત્ર લગ્ન થતા નથી. પુરુષનું વિશેષ મહત્વ હોય છે. સમય બદલાતા છોકરા-છોકરીની એકબીજાની પસંદગી મહત્વની ગણાય છે તેમ તેઓ જણાવે છે. લગ્નવિધિ સંપૂર્ણપણે મહારાષ્ટ્રીયન હિંદુઓની માફક થાય છે. પીઠી ચોળવી, ગોત્રજ દેવ-દેવીની પૂજા, મીંઢોળ બાંધવા, છોકરાની જાન જવી, વરઘોડો નીકળવો, મંગળફેરા જેવી વિધિઓ થાય છે. બ્રાહ્મણ લગ્નવિધિ કરાવે છે. સમગ્ર લગ્ન વિધિ હિંદુ સમાજ જેવી જ જણાય છે. વિધવા વિવાહ અને પુર્નઃલગ્ન આ સમાજમાં થઈ શકે છે. દિયરવટુ જેવી પ્રથા પણ જોવા મળે છે.

**અંતિમ સંસ્કાર :**

બરોડીયા સમાજમાં અગ્નિદાહ આપવાનો રિવાજ છે. પરંતુ નાનુ બાળક કે શિતળા જેવા રોગમાં મૃત્યુ પામેલ વ્યક્તિને જમીનમાં દાટવામાં આવે છે. અગ્નિદાહ મરનારનો પુત્ર અથવા તેના ગોત્રની અન્ય વ્યક્તિ આપે છે. મરણબાદ ૧૨મા દિવસે બ્રાહ્મણ પાસે શ્રાદ્ધની

વિધિ કરાવાય છે, સંબંધીઓ મુંડન કરાવે છે. બેસણાની પ્રથા પણ આ સમાજમાં ચાલુ થઈ ચુકેલ છે.

**તહેવારોની ઉજવણી :**

હિંદુ સમાજ દ્વારા ઉજવાતા બધા જ તહેવારો હોળી, ધુળેટી, ગુડી પડવો, દિવાળી ઉજવે છે. તેમાં મહારાષ્ટ્રીયન સંસ્કૃતિની મોટી અસર જોવા મળે છે. ચૈત્ર માસના નોરતા પછીના મંગળવારે સમગ્ર અમદાવાદના બરોડીયાઓ ઉજાણી કરવા કાંકરીયા બગીચામાં એકઠા થાય છે. મંગળવાર માતાજીનો વાર હોઈ અને બધા જ એક સાથે મળે તે હેતુથી આ ઉત્સવ ઉજવાય છે.

**ધર્મ અને દેવી-દેવતાઓ :**

સમગ્ર બરોડીયાઓ હિંદુ ધર્મના અનુયાયીઓ છે. 'ખંડોબો' અને 'બૈરોબા' તેમના મુખ્ય દેવ છે. પુના પાસે ઝાજુરી તેમનું કુળ દેવીદેવતાનું સ્થાનક ગણાય છે. ઘરમાં પણ વાંસની ટોપલીમાં ભગવાનની મૂર્તિ-ફોટા રાખે છે અને પૂજે છે. પૂજા, અર્ચના, ઉપવાસ, એકટાણાં કરતા જોવા મળે છે.

**તારણો અને સૂચનો :**

- ગુજરાતમાં વસતો સમગ્ર બરોડીયા સમાજ આંતરિક સંબંધોથી વણાયેલો છે.
- આદિવાસી સમાજના લક્ષણો જેવાકે આગવી બોલી, અન્ય સમાજો સાથેના વ્યવહારમાં શરમાળતા, અલગ અને દુર્ગમ ભૌગોલિક પ્રદેશ, વિનિમય પ્રથાનું વિશેષ મહત્વ અહીં જોવા મળતું નથી. પરંતુ તેઓને રાજ્યમાં આદિજાતિમાં ગણવામાં આવેલા છે, જેના પુરાવારૂપે તેઓ પાસે સક્ષમ અધિકારીશ્રીઓના આદિજાતિના પ્રમાણપત્રો પણ છે. જેથી તેઓને આદિજાતિમાં ગણવા યોગ્ય લેખાશે.
- અમદાવાદમાં વસતા બરોડીયા જાતિના પ્રમાણપત્રો વિષયક ઉભા થયેલ પ્રશ્નને તપાસતા જાણવા મળ્યુ કે, બરોડીયા સમાજમાંથી ઉંચા સામાજિક દરજ્જાના મોહ અને અજ્ઞાનતાને કારણે શાળામાં વાંસફોડા જાતિ લખાવતા આ પ્રશ્ન ઉભો થયેલ છે. અમુક કેસોમાં મા-બાપ પાસે આદિજાતિના પ્રમાણપત્રો છે. જયારે સંતાનો પાસે નથી. નવા પ્રમાણપત્રો આપતી વખતે ગુજરાતમાં રહેઠાણનો સમય અને વડિલો પાસે આદિજાતિ પ્રમાણપત્ર ઉપલબ્ધ છે કે નહીં તે બાબત ધ્યાનમાં લેવી જોઈએ.

# EVALUATION STUDY OF MODEL RESIDENTIAL SCHOOLS

- BHIKHABHAI S. PATEL

The major base of the uplift of tribal and non-tribal communities is education. On account of the lack of education, the tribal community has been roaming in the darkness of ignorance uptil now even at the end of 50 years after independence. They have been being exploited economically. Even today, they are being crushed in various ways. As they have lagged behind than other societies economically, socially and materially, education has been proved to be the best means for revitalising these communities which have become crippled in many ways. For the economic rise of tribal community, to raise them from the base and to bring them forward socially, education is the only best remedy. The model residential schools established today everywhere are being helpful in vitalizing education among children of tribal community.

Very few tribal students in Gujarat used to go in particularly for the field of science in higher education. Therein too their capacity to obtain admission in medical and technical colleges was negligible. So in its root were the weakness in the study in science field and the less opportunity for the study of English. At that time, most of the students used to study in higher-basic (Uttar-Buniyadi) only and hence used to get more entrance in Arts and Commerce faculties. There too majority of the students took shelter of Gram Vidyapiths only. As a result, with a view to bring change in them and to explore their abilities which they had in the faculty of science, after services consideration, model residential schools were started since 1986. The main object behind starting residential schools was to enable them to get admission easily in medical and engineering colleges by

providing them opportunities in the field of science. At the same time it becomes necessary to see as to how many students who received benefit of the residential schools working for so many years, took advantages of the higher education by entering the stream of science in Std. 12, and that what sort of facilities and system in the bright opportunities being given to the tribal students in model residential schools are there, and to what extent they have been successful in getting bright careers to them. How far this object has been realized and, if not, whether reconsideration for the same is necessary? Also effort should be made to make it more organised by removing the drawbacks found therein.

**AIMS OF THE STUDY :**

As in a small banyan seed, the potentiality of a wide banyan tree is hidden, in the same way also unlimited energies can be seen as lying as a seed in the tribal children. They can be developed only by education. Education is an extremely important organ to bring out the essence of unlimited vitalities inborn in man. The aim of education is to private an easy way to prepare the child and the whole society for a future life. Briefing its main aim is to make all-sides development of the body, mind and heart of the child from the very beginning, to build up her character, and to impart such education as to cultivate her intelligence and mind, to make her sentiments high and noble and to make her useful to the society and nation.

Invention of 'Basic Education' has been called by Gandhiji as his invaluable and best gift. It is solid programme for the construction of new culture in India. It really consists in itself the revolutionary vitality for reconstruction. By co-relating the education around the Productive labour useful to the child, the industry becomes useful to the child as well as to the society. There too 'Nayi Talim' (Basic education) is in a position to

play a great role in this field. As a part of it, model residential schools working in Gujarat today are in a position to become useful and amicable in many ways in the progress of Adivasi community and their children. Then -

(1) To examine the students admitted in the residential schools working since 1986, and to see how many of them get admission at the prescribed standard and how many of them become successful as per their object.

(2) To inquire that to what an extent the system of education, the facilities for residence to the children and additional opportunities provided to them in the model residential schools have been helpful in making them successful.

(3) To see whether expectations according as the fundamental objects of the residential schools have been fulfilled.

(4) To inquire that to what an extent the administration, efficiency of the teachers and other scientific instruments for them have been raised.

(5) To check the results of Std. 10 and Std. 12 of the Adivasi children with the procedure of their admission.

(6) To examine the efficiency of the students after their entry in the model residential schools, appointment of teachers and the students who have left out.

(7) To examine the disparity of the level of education in tribal schools working in tribal areas and in the private secondary and higher-secondary schools situated in the same area.

(8) To scrutinize as to what is necessary to improve the quality of education in model residential schools and what are the additional

activities by co-relation of which the talent of the students can be cultivated.

(9) To see what is necessary to be done to make the students participate in touring mountaineering, sports and other competitions.

(10) To make suggestions about the teaching of teaching staff.

(11) To know which additional facilities are required for the convenience of residence, meals and teaching of the students.

(12) To indicate what changes should be effected in the norms of admission by obtaining information about the same.

(13) To indicate which of the model residential schools working in the State should be given facilities of higher-secondary and in which area new model residential schools are necessary.

(14) To show whether it is necessary to call special teachers for the purpose of imparting additional knowledge in the subjects of Mathematics, English and Science. After knowing this, to show what changes can be effected in their remuneration and rules and regulations.

(15) By making improvement on the educational level of the tribal students keeping in view the above-mentioned objects, to impart knowledge about preparing a list of past students who are in a position to stand in competition with other students and who have gone forward for higher studies in college education, or who have done I.T.I. or Diploma Courses.

In the present inquiry, after taking personal interviews of the Principals, teachers and the guardians of the students studying in each of the model residential schools, covering all the 29 model residential schools in the

State, all the details have been pointed out in the original report pertaining to the view of the guardians and the students about the model residential schools, interest of the guardians and the students from the point of view of the teachers, and what is still necessary to be done by the Acharyas in model residential schools.

Thus keeping various objects in view, the present inquiry was undertaken, on the basis of which effort has been made to see in detail as to how far the children reach the expected target after obtaining admission in the model residential schools, and to what an extent the object of raising the residential schools has been fulfilled.

**AREA OF INQUIRY :**

For the purpose of inquiry of the model residential schools, all the residential schools working in the State were selected.

In the present inquiry, each residential school is being selected and its deep study is being made. Facilities available in them, number of students, system of education and fundamental matters for them in the administrative field have been inquired and from them the actual situation has been estimated.

**RESEARCH METHODS :**

For the present inquiry, mainly method of inquiry, schedule, observation and case study have been employed in collecting the information, in context of which, students were contacted, information was gathered and administrative information was also obtained by checking them for the school records. Besides this, all-sided inquiry was made after obtaining norms of admission presence, food, means pertaining to facilities of residence, facilities available in the field of education, their results etc., for which matters separate research method was utilized.

With a view that more interest by the students in the subjects of Science, Mathematics and English in the model residential schools may be cultivated -

- The teachers of Science, Mathematics and English in tribal areas should be recruited. And teacher who has knee interest in tribal student should give preferance in this recruitment.
- Good and experienced teachers only in the above-mentioned three subjects should be employed.
- Immediate steps should be taken to fill up the vacant posts.
- At present, the posts of Principals in most of the model residential schools are vacant. Hence by giving importance to this post as a responsible person, this post should be filled up by local trained teachers so that the load on the other teachers may reduce.
- In place of teachers on daily wages, permanent teachers should be appointed.
- Even at present, in model residential schools, proportion of the number of children leaving the school upto Std. 8-10 is too much, i.e. more than 40%. Hence needful should be done for this.
- Close attention should be kept on the study of the students by appointing responsible warden in the hostel.
- Emphasis should be laid on the facility of additional coaching class by encouraging the teachers of Mathematics and Science in this type of schools.
- When at present the interest of the students has been increasing towards Science, arrangement should be made such that the teachers

of Mathematics and Science would stay and would attract more and more Adivasi children towards Science.

- Admission should be granted to the student of the village in which the model residential school is there.

- Sufficient attention should be paid also towards the presence of the children of the residential schools. Importance should be given to his presence in each period.

- In each school it is necessary that a systematic Laboratory should be there so that enough understanding about the scientific instruments may be cultivated among the students, and they can get complete information about the subject of Science upto Std. 8, 9 and 10. This will enable them to cultivate interest in the subject of Science in Std. 11 and 12, and the student will take more interest.

- The environment of the school also should be raised, by keeping in view the purposes, to such type as the child may not go away leaving the residential school.

- In some of the residential schools, only the common space is utilized for teaching, residence and meals. So separate facility for each of these is necessary,

- It is necessary that Principal and other teachers also should be provided with the accommodation for residence with the conveniences, so that they can avail good education to their children also.

# આદિવાસી વિસ્તારમાં એક્સાઈઝ પોલીસીની અસરકારકતા

- અરૂણભાઈ ભા. પટેલ

ભારત સરકારના સૂચનથી આપણા રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં એકસાઈઝ પોલીસીની અસરકારકતા પર સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આદિવાસી વિસ્તારને તથા અનુસૂચિત જનજાતિના લોકોને ધ્યાનમાં રાખીને એકસાઈઝ પોલીસીની અસરકારકતાના સંદર્ભે લેવામાં આવતાં પગલાં, કાર્યક્રમો અભ્યાસ સંબંધમાં જાણવા જરૂરી છે. તે રીતે.ક્યા પ્રકારના કાર્યક્રમો ક્યા સ્થળે થાય છે, કેવી રીતે થાય છે, કોના દ્વારા કરવામાં આવે છે વગેરે જાણી આદિવાસી વિસ્તાર માટે કેવા કાર્યક્રમોને વધુ ઉપયોગી બનાવવા તથા શું કરી શકાય તે જાણવું જરૂરી છે.

નશાબંધી પ્રચાર અને શિક્ષણના કાર્યમાં દ્રશ્ય, શ્રાવ્ય તેમજ અન્ય માધ્યમો દ્વારા નશાબંધી પ્રચારલક્ષી ઝુંબેશની સુંદર અસર જોવા મળે છે. નશાબંધીના સામાજિક સુધારણાના કાર્યને સફળતા માટે પ્રજાનો સક્રિય અને આમ પ્રજા નશાથી થતા નુકશાન વિશેની માહિતી મેળવે તે માટે જુદા જુદા માધ્યમોનો અસરકારક ઉપયોગ કરવો ખૂબ આવશ્યક છે અને તે માટેના માધ્યમોનો ઉપયોગ મહત્તમ રીતે થઈ શકે તે માટે પુરતાં નાણાં ઉપલબ્ધ થાય તે જરૂરી છે. આદિવાસી વિસ્તારના એસ.ટી. સ્ટેન્ડો, રેલ્વે સ્ટેશનો, ઓલ ઈન્ડિયા રેડિયો, ટેલિવિઝન, વર્તમાનપત્રો વગેરે મારફતે નશાબંધી પ્રચાર અને શિક્ષણનું કામ ખૂબ અસરકારક રીતે થઈ શકે તેમ છે. એસ.ટી.સ્ટેન્ડ અને રેલ્વેસ્ટેશનોમાં પ્રચારલક્ષી બોર્ડ, સૂત્રો અને સુંદર ચિત્રોથી પ્રચારનું કામ આજે પણ થઈ રહ્યું છે. સમગ્ર દેશમાં અને ગુજરાત રાજ્યમાં પણ ટી.વી.નો પ્રચાર ખૂબ જ વ્યાપક બનેલ છે અને જાહેરાત માટે અસરકારક અને મહત્વનું સાધન સાબિત થયેલ છે. આ તમામ પ્રકારના માધ્યમોનો અસરકારક રીતે ઉપયોગ થઈ શકે. આવી જાહેરાતો ઉપરાંત જુદા જુદા કિર્તનકારો, ભવાઈ મંડળીઓ, ભજન મંડળીઓ, કઠપૂતળીના કાર્યક્રમો, નાટકો વગેરે મનોરંજન દ્વારા લોકશિક્ષણનું કામ કરતા આવા અનેક કાર્યક્રમોને પ્રોત્સાહન આપી નશાબંધી પ્રચાર વ્યાપક અને લોકભોગ્ય બનાવી શકાય. આના માટે આવા કાર્યક્રમો સાથે સંકળાયેલી સંસ્થાઓને મદદ આપી તેના કાર્યક્રમો રજૂ કરાવી, પ્રચારના કાર્યને વૈવિધ્યપૂર્ણ બનાવવાનો પણ આ યોજનાનો ઉદ્દેશ છે. મિયાંભાઈ પંચ તરફથી પણ લેખકો, કવિ, કલાકાર અને આવી અન્ય વ્યક્તિઓને આ કામમાં સાંકળી તેનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવેલ છે અને સરકારશ્રીએ પણ તે સ્વીકારેલ છે.

આદિવાસી વિસ્તારનાં નશાબંધીની સઘન ઝુંબેશ માટે ૯મી પંચવર્ષીય યોજનામાં રૂ.૨૧૨.૦૦ લાખ ફાળવવામાં આવેલ, જે પૈકી થયેલ ફાળવણી તથા થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | નવમી પંચવર્ષીય યોજના પ્રમાણે કુલ જોગવાઈ | સરકારશ્રી તરફથી ફાળવેલ રકમ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧૯૯૭-૯૮ | ૩૪.૦૦ | ૩૩.૫૦ | ૩૧.૫૦ |
| ૧૯૯૮-૯૯ | ૩૮.૦૦ | ૩૨.૦૦ | ૩૨.૦૦ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૪૪.૦૦ | ૩૨.૦૦ | ૩૨.૦૦ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૪૬.૦૦ | ૩૨.૦૦ | ૩૨.૦૦ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૫૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ |
| | **૨૧૨.૦૦** | **૧૪૯.૫૦** | **૧૪૭.૫૦** |

આદિવાસી વિસ્તારમાં આવેલ જિલ્લા અધિકારીઓને વર્ષવાર નીચેની વિગતે ૯મી પંચવર્ષીય યોજનામાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ હતી.

| | વડોદરા | વલસાડ | ભરૂચ | સાબરકાંઠા | બનાસકાંઠા | ગોધરા | સુરત |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯૭-૯૮ | ૧.૪૫ | ૧.૦૫ | ૧.૧૦ | ૦.૮૦ | ૦.૭૦ | ૦.૯૦ | ૧.૦૦ |
| ૧૯૯૮-૯૯ | ૧.૬૫ | ૨.૧૦ | ૧.૩૫ | ૧.૦૦ | ૧.૧૫ | ૧.૧૦ | ૧.૩૦ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૧.૭૦ | ૧.૧૫ | ૧.૦૦ | ૦.૭૫ | ૦.૬૦ | ૦.૮૦ | ૨.૧૫ |
| ૨૦૦૦-૦૧ | ૧.૫૫ | ૦.૮૦ | ૦.૬૦ | ૦.૪૫ | ૦.૪૫ | ૦.૩૫ | ૧.૨૦ |

રાજ્ય કણાએ સને ૧૯૯૭-૯૮ના વર્ષ દરમ્યાન નશાબંધીના ઘનિષ્ટ પ્રચાર અર્થે એડ કેમ્પેઈન કરવામાં આવેલ જેઅન્વયે રાજયના તમામ દૈનિકપત્રોમાં ૬૯ પ્રોહીબીશન સ્ટેશનોની આજુબાજુના વિસ્તારમાં ૪૦ x ૧૫, ૪૦ x ૨૦, ૨૦ x ૧૫ ની સાઈઝના હાઈવે હોર્ડીગો તથા અમદાવાદ દૂરદર્શન ઉપરથી સાંજના સમાચાર અગાઉ, મધ્યમાં નશાબંધી પ્રચારની જાહેરાતો પ્રસારિત કરવામાં આવેલ.

સને ૧૯૯૮-૯૯ના વર્ષમાં વિશ્વ આરોગ્યદિન નિમિત્તે દૈનિકપત્રોમાં જાહેરાતો આપવામાં આવેલ તેમજ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની ૨૦૦ બસોમાં, રાજ્યના આદિવાસી વિસ્તરમાં ૪૦, ૨૦, ૧૦ ની સાઈઝના હાઈવે હોર્ડીગો દર્શાવવામાં આવેલ તેમજ અમદાવાદ દૂરદર્શન ઉપરથી પ્રસારિત થતી લોકભોગ્ય તથા સામાજિક શ્રેણીમાં નશાબંધી પ્રચાર અંગેની ૩૦ સેકન્ડની ટી.વી. જાહેરાત પ્રસારિત કરવામાં આવેલ.

સને ૧૯૯૦-૨૦૦૦ના વર્ષ દરમ્યાન પણ ઉપર મુજબ ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની ૨૦૦ બસોમાં, ૪૦ ૨૦ x ૧૦ની સાઈઝના હાઈવે હોડીંગો ઉપરાંત નશાબંધી પખવાડિયા દરમ્યાન દૈનિક પત્રોમાં જાહેરાતો આપીને તથા !! દારૂ દુ:ખનું મૂળ છે !! ૫૦૦૦ સ્કૂટર સ્પેર વ્હીલ કવરો બનાવવામાં આવેલ તેમજ સુરત, વલસાડ, વાંસદા, વઘઈ, આહવા, ગોધરા, શહેરમાં કાર્યરત સ્થાનિક કેબલો ઉપરથી ૨૦ થી ૬૦ મિનિટની ટેલીફિલ્મ તથા ૨૦-થી ૩૦ સેકન્ડની ટી.વી. એડ પણ વારંવાર પ્રસારિત કરવામાં આવેલ, ઉપરાંત વલસાડ, વડોદરા, પ્રચાર અધિકારીઓના પગાર-ભથ્થાનો ખર્ચ પણ કરવામાં આવેલ હતો. ઓલ ઈન્ડિયા રેડિયોના સુરત, આહવા તથા ડાંગના રીલે કેન્દ્રો ઉપરથી નશાબંધી પ્રચારની પ્રચારાત્મક જાહેરાતો પ્રસારિત કરવામાં આવેલ હતી. અમદાવાદ દૂરદર્શન ઉપરથી પ્રસારિત થતી સીરીયલ રેલમછેલ, મહાશક્તિમાં નશાબંધી પ્રચારની જાહેરાતો દર્શાવવામાં આવેલ. ૨૦૦૦-૨૦૦૧ના વર્ષ દરમ્યાન રાજયકક્ષાએ ગુજરાત રાજયમાર્ગ વાહનવ્યવહાર નિગમની ૨૦૦ બસોમાં તથા રાજયના આદિવાસી વિસ્તારના ૪૭ હાઈવે હોડીંગો તથા પથિક થિયેટરોને નાટકના પ્રોગ્રામો તથા નશાબંધી પ્રચારના કુલ ૩૦,૦૦૦ પોસ્ટરો પ્રિન્ટીંગ (અલગ અલગ ડિઝાઈન) વલસાડ, આહવા, વાંસદા-વઘઈ, નવસારી, દાહોદ, ગોધરા, અંકલેશ્વર, ભરૂચ, વડોદરામાં સ્થાનિક કેબલ ચેનલો દ્વારા ૨૦ થી ૬૦ મિનિટની ટેલીફિલ્મો તથા ૨૦ થી ૪૦ સેકન્ડની ટી.વી. એડ ફિલ્મો વારંવાર પ્રસારિત કરી નશાબંધીનો ધનિષ્ટ પ્રચાર કરવામાં આવેલ. આ ઉપરાંત દૂરદર્શન અમદાવાદ ઉપરથી પ્રસારિત થતી સીરીયલ !! સમાંતર !! માં નશાબંધી પ્રચાર અંગેની ૩૦ સેકન્ડની જાહેરાત દર્શાવવામાં આવેલ. તદ્ઉપરાંત દૈનિકપત્રોમાં પણ નશાબંધી પ્રચારની જાહેરાતો આપવામાં આવેલ છે.

૨૦૦૧-૨૦૦૨ના વર્ષ દરમ્યાન ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહારની બસોમાં ૪ x ૩ની સાઈઝની જાહેરાતો, ગુજરાત રાજયના હાઈવે માર્ગો ઉપર ૪૭ બોર્ડો દર્શાવીને વલસાડ, વાંસદા, નવસારી, સુરત, દાહોદ, ગોધરા શહેરમાં કેબલચેનલો દ્વારા જાહેરાતો તથા ટેલીફિલ્મો દર્શાવીને નશાબંધી ખાતા દ્વારા બનાવવામાં આવેલ! ઓગળતા અંધારા !! સિરિયલ અમદાવાદ દૂરદર્શન ઉપરથી પ્રસારિત કરીને રાજયમાં નશાબંધીનો ધનિષ્ટ પ્રચાર કરવામાં આવેલ છે.

**સૂચનો :**

(૧) રાજયમાં સંપૂર્ણ નશાબંધી અમલમાં છે. પરંતુ નશાબંધી નીતિને કારણે થયેલ જુદા જુદા કાયદાઓ. તેમજ તેની રચનાત્મક અસરો તેમજ નશાની બદીથી થતા નુકશાન અંગેની પુરી લંબાઈની દસ્તાવેજી અથવા ટી.વી. સીરીયલો આજ સુધી બનાવવામાં આવેલ નથી. જો આવા ચિત્રો બનાવવામાં આવે અને દૂરદર્શન પરથી પ્રસારિત કરવામાં આવે તો નશાબંધી પ્રચારના કાર્યમાં

સુંદર વેગ મળી શકે તેમ છે. ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા કુટુંબ કલ્યાણ અને નાની બચત વગેરે માટે અસરકારક ફિલ્મો બનાવે છે અને તેનો ઉપયોગ પણ વ્યાપક પ્રમાણમાં થાય છે. પરંતુ નશાબંધીના પ્રચારને ઉપયોગી થાય તેવી કોઈ ફિલ્મો કે સીરીયલો આજ સુધી બનાવવામાં આવેલ ન હોવાને કારણે જે તે ખાતા પાસે પ્રચાર એકમો હોવા છતાં આવી ફિલ્મો/ સિરીયલોના અભાવે અસરકારક રીતે પ્રચાર કરી શકાતો નથી.

(૨) અંગ્રેજી તેમજ હિન્દી ભાષામાં દારૂ તેમજ અન્ય નશાકારક પદાર્થોના ઉપયોગથી થતી વિપરિત અસરો અંગેની ટૂંકી ફિલ્મો ઉપલબ્ધ છે. પરંતુ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં, આદિવાસી વિસ્તારોમાં તેમજ શહેરોના કામદારો અને શ્રમજીવી વિસ્તારોમાં અંગ્રેજી અને હિન્દી ભાષાની પૂરતી સમજ ન હોવાના કારણે આ ફિલ્મોનો જોઈએ તેટલો અસરકારક ઉપયોગ થઈ શકતો નથી તે કારણે પણ પ્રાદેશિક ભાષામાં આવી ફિલ્મ બનાવવા માટેની આવશ્યકતા છે.

(૩) કાયદા અને કાનૂનની જે અસરકારકતા હોવી જોઈએ તે પ્રમાણમાં ઘણી ઓછી છે. તેને કારણે લોકો ગુનો કરતાં કે નશો કરતાં ખચકાતા નથી. માટે કાયદા અને કાનૂનનું કામ કડક અને ત્વરીત થવું જોઈએ.

(૪) સંસદની, વિધાનસભાની કે પંચાયતોની ચૂંટણીઓના સમયગાળા દરમ્યાન સૌથી વધારે દારૂનો ઉપયોગ થાય છે. તો તેને ચૂંટણીની પ્રક્રિયાના એક ભાગ રૂપે ગણિ પ્રતિબંધ મૂકવો જોઈએ અને છતાં આવા વ્યસનો જોવા મળે તો નવો કોઈ ધારો દાખલ કરી જે તે વ્યક્તિઓ, પાર્ટીઓ કે ઉમેદવારો પર શિક્ષાત્મક પગલાં લેવાં જોઈએ.

(૫) દારુ કે બીજી કોઈ પણ નશો કરતી વસ્તુઓના કાચા માલના વેચાણ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. દા.ત. દારૂમાં વપરાતો કાળો ગોળ, નવાવસા વગેરે.

(૬) ધાર્મિક અને આધ્યાત્મિક અસર નશાબંધી ઉપર સહજ રીતે પડી શકે છે તે રીતે આવા માધ્યમોનો વધુમાં વધુ ઉપયોગ કરી શકાય.

(૭) નશાબંધીના કાર્યક્રમો એવી રીતે આપવા જોઈએ કે નશાબંધીના શિર્ષકથી નહી પણ બીજા શિર્ષકથી વાર્તાલાપ કે વાર્તા કે નાટકમાં થોડા અંશો નશાબંધીના આવે તે રીતે સહજ રીતે ગોઠવણી કરવી જોઈએ. તેનું મુળ કારણ નશાબંધી કાર્યક્રમમાં કોઈને ઝાઝો રસ હોતો નથી.

# ઓડ જાતિ તપાસ

- શ્રી જસવંતસિંહ રાઠોડ

**પ્રસ્તાવના :**

ઓડ જાતિ સમાજ કાનન વિભાગ (મધ્ય અને દક્ષિણ) દ્વારા ઓડ જાતિને અનુસૂચિત જનજાતિમાં સમાવી તેમને લાભો આપવામાં આવે તેવા મતલબનો પત્ર સંસદ સભ્ય શ્રી મણીલાલ ચૌધરીને લખવામાં આવ્યો..આ પત્રને આધારે ગુજરાત રાજ્ય આદિવાસી વિભાગ દ્વારા કેન્દ્રને ઓડ જાતિ તપાસ સોંપવામાં આવી. તેના ભાગરૂપે ઓડ જાતિના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પાસાઓને ધ્યાનમાં રાખી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. છૂટાછવાયા અને ગુજરાતભરમાં વત્તા ઓછા પ્રમાણમાં વસવાટ કરતી આ જાતિની તપાસ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતા ઓડ જાતિના કુટુંબોની મુલાકાત લઈ કરવામાં આવી છે.

**ઐતિહાસિક પૃષ્ટભૂમિ :**

ઓડ અર્ધ ભટકતી જાતિની યાદીમાં મૂકવામાં આવેલી જાતિ છે, મૂળે મારવાડમાંથી ગુજરાતમાં આવેલી છે. સમગ્ર ગુજરાતમાં તેમનો વસવાટ વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે. ઓડ લોકોમાં ચાર વિભાગ પાડ્યા છે તેમાં મુખ્યત્વે (૧) કાઠીયાવાડી ઓડ (૨) ગૂર્જરા ઓડ (૩) મારૂઓડ અને પંજાબી ઓડ. આ ઉપરાંત તેઓમાં ભરવાડની જેમ નાનાભાઈ અને મોટાભાઈ એવા બે પેટા વર્ગો પણ ખરા. આ બધા વચ્ચે બેટી વ્યવહારોના સંબંધો રહ્યા નથી. જો કે મૂળે તો તે બધા એક જ છે અને મારવાડમાંથી ગુજરાતમાં આવ્યા છે. આ બધા ઓડ મૂળે કુંભ રજપૂતોમાંથી ઉતરી આવ્યા મનાય છે. બીજી માન્યતા પ્રમાણે મારવાડમાં સેંસમલ ભાટડો અને નુરમલ ભાટડો બે ભાઈ હતા ને તેના વંશજોમાંથી આડોડીયા, ઓડ, વણજારા વગેરે કોમોની ઉત્પત્તિ થઈ મનાય છે.

રાજપૂતોની વીર ગાથાઓ અને વંશ ઈતિહાસ ડૉ. કંચનસિંહ સિસોદિયાના પુસ્તકમાં ઓડ જાતિ અન્ય ક્ષત્રિયોથી અલગ કેમ રહી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં સૂર્યવંશ સાથેના સંબંધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં સમ્રાટ સગરના સાઠ હજાર પુત્રોમાંથી કેવળ ચાર પુત્ર જે જીવિત બચ્યા. મહર્ષિ ઓર્વજીના મહાન ઉપકારના બદલામાં ઓર્વ શબ્દનો આધાર લઈ સમ્રાટ સગરે તેના બધા પુત્રોની શાખા અને તેના મોટા પુત્રનું નામ ઓડ રાખ્યું અને તેને દક્ષિણ ભારતનું રાજ્ય સોંપવામાં આવ્યું તે રાજકુમાર ઓડજીને તેના નામ પર ઉત્કલ (ઓડ દેશ) વસાવ્યો. એ ભારતના દક્ષિણ સમુદ્રના કિનારે ઋષિ કુલ્યાથી સ્વર્ણરેખા નદી સુધી પરમ પવિત્ર ઓડ દેશ વશેલો હતો. જેને વર્તમાનમાં ઓરિસ્સા

કહે છે. મહારાજા ઓડજીએ પોતાની પ્રાચીન અયોધ્યા રાજધાનીને બદલે "ભૂવનેશ્વર-જગન્નાથપુરી"ને મુખ્ય રાજધાની બનાવી.

ચર્કવર્તી સમ્રાટ સગરના પુત્રો અયોધ્યાની રાજધાનીના સિંહાસન પર પેઢી દર પેઢી રાજ્ય કરતા રહ્યા. આમ અયોધ્યાની રાજયગાદી પર રાજય કરવાને કારણે તેમનો વંશ-વૃક્ષ "સગરવંશી" ભગીરથવંશી, ઈક્ષિવાકુવંશી તથા રઘુવંશી શાખાના નામે આર્યવર્તમાં સર્વ માન્ય ક્ષત્રિય પ્રસિદ્ધ થયા. ત્યાં મહારાજા ઓડજીને તેમનું પ્રાચીન સ્થાન અયોધ્યા છોડીને ઓડ દેશમાં પોતાની રાજધાની ભુવનેશ્વર-જગન્નાથપુરીને બનાવી. ઓડ શાખાના વંશ-વૃક્ષનું આરોપણ કર્યું જે સૂર્યવંશી 'ઓડ' ક્ષત્રિય રાજપૂતના નામે ભારતમાં વિખ્યાત થયા.

ઓડ ક્ષત્રિય વંશનો ઈતિહાસ ન મળવાના કારણોમાં મુસલમાન બાદશાહ બખ્તિયાર ખિલજીને સન ૧૨૦૨માં ઓડ દેશ (ઉડીસા)ના ભૂવનેશ્વર જગન્નાથપુરી, ઓડનક્ષત્રમ્, ઓડન હાલી અને ઉદન્તાપુરીના વિશાળ પુસ્તકાલયો કે જેમાં અસંખ્ય ગ્રંથ હિન્દુ અને બૌદ્ધધર્મની સંસ્કૃતિ તથા સૂર્યવંશી ઓડ ક્ષત્રિય વંશનો ઈતિહાસ હતો તે બળીને ભષ્મ કરી નાખ્યો. જેનો અગ્નિ એક મહિના સુધી જલતો રહ્યો. છુટક છુટક કેટલાક ગ્રંથો મળ્યા જેમાં તે સમયના ચારણ-ભાટ, કવિ, લેખકોની લોકકથાનો તથા અમુક વંશ બોધક શબ્દના આધારિત કેટલાક પોતાની રીતે કાપકુપ કરી પૌરાણિક રીત રસમ પ્રમાણે વંશાવાલીનું વર્ણન મનમાની રીતે લખી નાખ્યા જેના કારણે એકબીજાની વંશાવલીમાં તે મેળ ખાતા ન હતા. તારથી ઓડ જાતિનો ક્ષત્રિય જાતિનો ઈતિહાસ તે સમયના લેખકોની કલ્પના પ્રમણે સીમિત રહી ગયો. જેના કારણે તેવંશનો ઈતિહાસ પૂરેપૂરો ન મળવાથી સમાજને તેના અભ્યાસનો લાભ મળી શક્યો નહી.

આ લોકોના મૂળ વંશ અંગે ગમે તે સત્ય હોય પણ એટલું નિશ્ચિત છે કે આજથી પાંચસો છસો વર્ષ પૂર્વે પણ આ લોકો મારવાડમાં મજૂરી કરતા હતા. ચોમાસાના ચાર માસ પોતાના ગામમાં વસતા અને પછી ટોળાબંધ રીતે તેઓ મજૂરીની શોધમાં દૂર દેશાવર પગપાળા કુટુંબ કબીલા સહીત ચાલી નીકળતા. રજપૂત યુગમાં શાંતિના સમયે રાજાઓ પોતાના રાજયમાં રસ્તા, ધર્મશાળાઓ, કૂવા, વાવ તથા તળાવો બંધાવતા. આ ઓડ લોકો ખોદકામમાં ઘણાં જ પાવરધા હતા અને દેશદેશાવરમાં તેમના ખોદકામકાર્યની કુશળતા અને ઝડપ અંગે ડંકો પણ વાગ્યો છે. ગુજરાતમાં આવેલા અનેક તળાવો આજે પણ તેની સાક્ષીરૂપે મોજૂદ છે. પંચમહાલ જિલ્લામાં આવેલ દાહોદ મુકામે છાબ તળાવ છે, તે આ ઓડ લોકોએ એકજ રાત્રે પૂરૂં કર્યું હતું. તેઓ એટલી બધી સંખ્યામાં હતાં કે દરેકને ભાગે માત્ર એક એક છાબડી જ માટી ખોદીને ફેંકવામાંઆવી હતી, એટલે એ તળાવનું નામ 'છાબ' તળાવ પડ્યું એમ

લોકોકિત છે. પાટણના સિદ્ધરાજે સહસ્ત્રલીગ તળાવ ખોદવા માટે આ ઓડ લોકોને જ બોલાવ્યા હતા. એ ઓડ કુટુંબોમાં જસમા નામે ખૂબ સુરત સ્ત્રી હતી અને તે ઉપર સિદ્ધરાજની કુદષ્ટિ પડી અને તેની સાથે પરણવાની માંગણી કરી પરંતુ જસમા એકની બે ન થઈ અને છેવટે તે સતી થઈ. સતી થતી વખતે તેણે શ્રાપ આપેલો 'જા તું નિરવંશ થઈશ' તેમજ આ તળાવમાં પાણી બિલકુલ નહી રહે. આજેય સિદ્ધપુરમાં જસમાનું સ્થાનક છે.

**ભૌતિક સંપત્તિઃ**

ઓડ જાતિ સમગ્ર ગુજરાતમાં વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે. જયાં ધંધારોજગાર મળે તેવા સ્થળોએ સ્થાઈ થઈ રહેવા લાગી છે. હાલ તેઓ વિચરતી જાતિ તરીકે રહેતા નથી પણ સ્થાઈ થવાનો પ્રયત્ન કરતા જોઈ શકાય છે. ખુલ્લી સરકારી કે બીન સરકારી જમીનમાં કાચા છાપરા બનાવી રહેવાની શરૂઆત કરતા હોય છે. ત્યારબાદ તેમાં ધીમે ધીમે માટી-ઈંટ પતરા કે નળિયા નાખી સામાન્ય કાચા પાકા ઘરો બનાવી રહે છે. જેમની આર્થિક સ્થિતિ સારી છે તેઓ એક ખંડ ઓસરીવાળા મકાનો બનાવી રહે છે. ઘણી જગ્યાએ વણઝારા જાતિ સાથે રહે છે પણ બન્ને અલગ જાતિ છે. બન્ને જાતિઓ વચ્ચે રોટી વ્યવહાર ઘણી જગ્યાએ છે પણ બેટી વ્યવહાર કોઈ જગ્યાએનથી. દરેક શહેરમાં કે તાલુકા મથક જેવા સ્થળોએ શહેરની બહાર કે જયાં ખુલ્લી જમીન મળે ત્યાં પોતાના ઘરો બનાવી રહે છે. મોટા શહેરોમાં ૨૦ થી ૩૫ ઘરો હોય છે. જયારે નાના શહેરમાં ૫ થી ૧૫ ઘરોનો વસવાટ જોવા મળે છે. જયાં કામધંધો વધારે મળે ત્યાં વધારે કુટુંબો વસવાટ કરતા જોઈ શકાય છે.

ઘરોની બાબતે ઓડ જાતિનાં બે વિભાગ પાડવા પડે તેમ છે. જેમાં શહેરી વસવાટ અને ગ્રામિણ વસવાટ. શહેરી વસવાટવાળા ઘરો સામાન્ય રીતે ચાલી ટાઈપ જોવા મળે છે. જયારે ગામડાઓના ઘરો કાચા અને માટીની દિવાલોવાળા ઘરની છત વિલાયતી નળિયા કે દેશી નળિયા અથવા સિમેન્ટસીટનો ઉપયોગ કરે છે. દરેક ઘર આગળ થોડી ખુલ્લી જમીન હોય છે ત્યાં હાલના વ્યવસાય પ્રમાણે પોતાના ગધેડા, બકરાં બાંધે છે. કેટલાક વિસ્તારમાં તેમને ગધેડાવાળા તરીકે પણ ઓળખે છે. વાસણોમાં પિત્તળ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને માટીના વાસણોનો ઉપયોગ કરે છે. તેમની મર્યાદા પ્રમાણે એકાદ બે ખાટલા અને ગોદડીઓનો ઉપયોગ કરે છે. શહેરી વસવાટ કરતા કુટુંબો પાસે જીવનજરૂરી ચીજોનો વપરાશ વધારો જોઈ શકાય છે. જેમાં પલંગ, પંખા, ખુરશી, ટી.વી., સ્કૂટર, સાયકલ વગેરેનો વપરાશ જોવા મળે છે.

**જમીન :**

ઓડ જાતિ વિચરતી જાતિ હોઈ જમીન ખૂબ ઓછા કુટુંબો પાસે જોવા મળે છે. તેમના જણાવ્યા

પ્રમાણે કેટલાક પાસે જમીનો રાજસ્થાનમાં હજુ પણ છે, ગુજરાતમાં નથી. હાલ જે વસવાટ કરે છે તે જમીનો ક્યાંક સરકારી પડતર કે ખરાબાની છે અને ત્યાં વર્ષોથી ઘરો બનાવી રહે છે. કેટલાક બીજાની જમીનમાં નાના ઘરો બનાવી રહે છે તેના જમીન માલિકને જમીનનું ભાડુ આપે છે. આમ તેમની પાસે ખેતી કે અન્ય આર્થિક ઉપાર્જન માટેની જમીનો જોવા મળી ન હતી.

**પહેરવેશ :**

પહેરવેશની રીતે ખાસ અલગ પડતા નથી. પુરુષો ધોતિ, ખમીશ અને પાઘડી પહેરે છે. ઘરેણામાં પુરૂષો કંદોરો પહેરે છે. હાથમાં ચાંદીનું કડું, સ્થિતિ સારી હોય તે ગળામાં સોનાની કંઠી, કાને કાનની બૂટી કે ફૂલ આંગળીએ સોનાની વીંટી અને કાંડે ઘડિયાળ પણ હવે જોવા મળે છે.

સ્ત્રીઓ ચણિયો, પોલકું અને સાડલો પહેરે છે. સ્ત્રીઓ ઘરેણાની શોખીન છે પણ વણઝાર જાતિની સ્ત્રીઓની માફક આખા હાથે ચુડલા પહેરે છે તેમ ઓડ જાતિની સ્ત્રીઓ પહેરતી નથી પણ હાથે પ્લાસ્ટીક કે કાચની બંગડીઓ પહેરે છે.

યુવાન છોકરાઓ પેન્ટ, શર્ટ પહેરે છે. નાની છોકરીઓ ડ્રેસ પહેરે છે.

**આર્થિક જીવન :**

ઓડ જાતિનો પરંપરાગત વ્યવસાય માટી સાથેનો રહેલો છે. તળાવો ખોદવા, ઘર બનાવવા, હાલ આ વ્યવસાય સદંતર બંધ જેવો છે. પણ તેના સ્વરૂપો બદલાયા છે. જેમાં વિસ્તાર પ્રમાણે કામગીરી જોઈ શકાય છે. દક્ષિણ ગુજરાતમાં ઈંટના ભઠ્ઠામાં, નદીના પટમાંથી રેતી ખેંચવાના, કેનાલ ખોદવાના, લેબર કોન્ટ્રાકટર, જુના કાટમાળનો સામાન ખેંચવાનો, ડેમપર માટીકામ, રોડ ઉપર માટીકામ, પથ્થર ખેંચવાના કામ, શહેરોમાં રીક્ષા ચલાવવી, કારખાનાઓમાં વગેરે વિવિધ મજૂરીવાળા કામો કરતા જોઈ શકાય છે.

ખાસ કરી ગધેડાથી કામ થઈ શકે તેવા કામોમાં માટી કે રેતી વહન કરવાનું કામ કે જ્યાં યાંત્રિક સાધનો જઈ શકે નહી તેવી ચાલી કે ગલીવાળા રસ્તાઓમાં કામગીરી કરવાની હોય ત્યાં ઓછા માલસામાનની જરૂરિયાતવાળા કામો જેમાં રેતી, માટી કે કપચી લઈ જવા લાવવાની હોય તેવા કામો આ લોકો દ્વારા થતા હોય છે. ગધેડાની મજૂરીમાં તેમના ભાવો અંતર ઉપર નક્કી કરવામાં આવે છે. આમ છતાં રૂા.૫-૪ મિનિમમ ભાવ રહેતો હોય છે. આમ આઠ દસ ગધેડા ધરાવનાર કુટુંબો દિવસના બે ત્રણ ફેરા કરે તો ૧૦૦ થી ૧૫૦ રૂપિયા જેટલી આવક મેળવે છે. મોટા શહેરોમાં ગધેડાની સંખ્યાઘટતી જોઈ શકાય છે કારણકે તેના ચરણનો પ્રશ્ન પણ મુખ્ય છે. આર્થિક રીતે સારા કુટુંબો હવે

યાંત્રિક સાધનો જેવા કે ટ્રેક્ટર, ટ્રક, જે.સી.બી.મશીન પણ વસાવવા માંડ્યા છે. પણ આવા કુટુંબોની સંખ્યા ખૂબ ઓછી એકલ દોકલ જેવી કહી શકાય.

કેટલાકે કન્સ્ટ્રકશન સાથે પણ નાતો બાંધ્યો છે જે તેમની આવડત આધારિત છે. કાયદેસર સીવીલ એન્જીનિયરની ડીપ્લોમા કે ડીગ્રી નહી પણ લેબર કોન્ટ્રાકટરના કામ જેવા નાના કામો રાખી કરતા જોવા મળે છે. ગધેડાની મજુરીમાં બહેનો અને કામ કરવા લાયક બાળકોનો ઉપયોગ પણ જોવા મળે છે. જેમાં રેતી ભરવી, ગધેડા દોરી જવા તથા રેતી ઠાલવવી વગેરે કામો બહેનો કરતી માલુમ પડે છે.

શિક્ષણનું પ્રમાણ નહીંવત હોવાથી નોકરી કે પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરતા કુટુંબો ખૂબ ઓછા જોવા મળે છે.

**સામાજિક :**

ઓડ જાતિની જે માહિતી ઉપલબ્ધ છે તે પ્રમાણે ભારતભરમાં ૧૪ જૂથોના ઓડ મળી કુલ ૯૦ ગોત્રોમાં વહેંચાયેલા છે. જેમાંથી ગુજરાતમાં વસવાટ કરતા ઓડ જાતિના કેટલાક ગોત્રો નીચે પ્રમાણે છે.

(૧) ગુંદલી (૨) ખરવડ (૩) કોટાવલા (૪) મુંડાઈ (૫) ભાવરું (૬)ગરગટ (૭) હડકર (૮) નોઈતા (૯) કનાવત (૧૦) બનાવત (૧૧) સરવણ (૧૨) ઢાગ (૧૩) મજોકા વગેરે ઘણા ગોત્રોમાં વહેંચાયેલા છે. એક જ ગોત્રમાં લગ્ન થઈ શકતા નથી.

**લગ્ન :** ઓડ જાતિમાં લગન વડીલો નક્કી કરે છે. પુક્તવયની ઉંમરેજ લગ્ન કરવા તેવું નથી. અનુકુળતા પ્રમાણે લગ્ન ગોઠવી દેવામાં આવે છે. પંચના બંધારણ પ્રમાણે દાપુ આપવાનું હોય છે. જાન એક દિવસ રોકાય છે. કેટલાક વિસ્તારમાં એક દિવસ કન્યાને વરના ઘરે મોકલે છે. બીજા દિવસે પાછી લઈ આવે છે. બીજા કેટલાક વિસ્તારમાં ૧૦ દિવસ સુધી પણ કન્યા પોતાને સાસરે રહે છે. ફરીવાર જયારે આણું કરવાનું હોય છે ત્યારે કન્યાને વાસણ-દાગીના-કપડાં વગેરે આપે છે. વરપક્ષ તરફથી ઘરેણાં કે વસ્તુ આપવી ફરજિયાત નથી. છોકરીનો બાપ કન્યાને પગના કડલા, નાકની વાળી આપે છે. તે પણ ન આપે તો ચાલે. આમ ઓડ જાતિમાં કન્યા વિક્રય કે વર વિક્રય કંઈ જોવામાં આવ્યું નથી.

**જન્મ :** જન્મમાં છોકરી કે છોકરાના અંગે કોઈ ભેદભાવ નથી. બન્નેના જન્મ વખતે જન્મનો આનંદ જ હોય છે. ખાસ કરી છોકરીનો જન્મ પણ આનંદ પમાડે છે કારણકે છોકરી જલ્દી કમાણી કરી આપતી ગણાય છે.

**મૃત્યુ :** ઓડ જાતિમાં મૃત્યુ થાય ત્યારે વિવિધ પ્રકારની વિધિ કરવામાં આવે છે. મૃત્યુ થાય ત્યારે પ્રથમ નજીકના સગાં કે કુટુંબીજનોને જાણ કરવામાં આવે છે. ત્યારબાદ મૃતદેહને સ્નાન કરાવી તેને

સ્મશાને લઈ જવામાં આવે છે. મોટી ઉંમરના વ્યક્તિનું મૃત્યુ થાય તો બાળવામાં આવે છે. નાની ઉંમરના બાળકોને દાટવાનો રિવાજ છે. સુહાગન સ્ત્રીનું મૃત્યુ થયું હોય તો તેને સ્નાન કરાવી તૈયાર કરવામાં આવે છે. લગ્ન સમયે જેમ તૈયાર કરે તેમ તેને ઘરેણાં, નવા કપડાં વગેરે પહેરાવવામાં આવે છે. અગ્નિદાહ આપતા પહેલાં તેના ઘરેણાં કાઢી લેવામાં આવે છે.

કેટલાક કુટુંબોમાં મૃત્યુ થાય ત્યારે ગંગાજી લાવવાનો રિવાજ છે. કેટલાક હરદ્વાર જઈને શ્રાધ વિધિ કરાવતા હોય છે. કેટલાક કુટુંબો મૃતકના અસ્તિ હરદ્વાર લઈ જાય છે અને ગંગાજીમાં પધરાવે છે. કેટલાક દાદા પાછળ હરદ્વાર જઈ છોકરી પણ પરણાવે છે. આમ મૃતક પાછળ વિવિધ પ્રકારની વિધિઓ કરવામાં આવે છે.

**ધાર્મિક જીવન :**

વર્તમાન પરિસ્થિતિમાં ઓડ જાતિ પરંપરાગત હિન્દુ દેવદેવીઓમાં શ્રદ્ધા-વિશ્વાસ ધરાવી તેની સેવાપૂજા કરે છે. સાથે સાથે જુદા જુદા ધાર્મિક સંપ્રદાયોમાં પણ માનતા થયા છે.

મૂળ મારવાડ-રાજસ્થાનના વતની હોવાના કારણે રામદેવપીરમાં ઘણી શ્રદ્ધા ધરાવે છે. નવરાત્રીના નવ દિવસ જુદી જુદી માતાઓની પૂજા કરે છે. ઘણા ઉપવાસ રાખે છે. આઠમને દિવસે નૈવેધ ધરાવે છે. જસમાને માતા ગણી તેની પૂજા કરે છે અને નૈવેધ ધરાવે છે. કેટલાક વિસ્તારોમાં દરેક ઘરમાં ગોત્ર દેવતાને ઘરમાં જ સ્થાનક બનાવી બેસાડે છે. જેને તેઓ મઢ કહે છે. કેટલાક ઘરોની આગળ કે જયાં જગ્યા હોય ત્યાં નાની દેરી બનાવી માતાજીનું સ્થાનક બનાવે છે અને વાર તહેવારે ત્યાં દિવો અગરબત્તી અને શ્રીફળ ધરાવે છે.

માતાજીનો ભૂવો પોતાની જાતિનો જ એક વ્યક્તિ હોય છે. નવરાત્રીના આઠમને દિવસે નૈવેધ ધરાવવામાં આવે છે. પૂર્વજ બેઠેલા હોય તો તેને મરઘાનો ભોગ આપે છે. સ્ત્રી પૂર્વજ હોય તો મરઘીનો ભોગ આપે છે. ગોત્ર દેવીને આઠમના દિવસે એક બકરો અને શ્રીફળ નૈવેધ તરીકે આપવામાં આવે છે. આ જાતિમાં કેટલાક વિસ્તારમાં માતાજીનો માંડવો અથવા પલ્લી ભરવાનો પણ રિવાજ છે. માંડવો કે પલ્લી ભરવાની હોય તો નવ દિવસ સુધી વિધિ કરવામાં આવે છે.

આ ઉપરાંત ભૂતપ્રેતમાં પણ માને છે. મરેલા વ્યક્તિ ભૂત બને અને કુટુંબના કોઈને નડે તો તેને ઘરમાં કે આજુબાજુની જગ્યાએ બેસાડવામાં આવેછે. તેના સ્થાનકે ચાંદીનું પતરું ચડાવી મૂકવામાં આવે છે. કેટલાક લોકો પોતાની ડોકે પણ પહેરી રાખે છે તે ચાંદી અથવા સોનાનું પણ હોઈ શકે.

**પંચ :** ઓડ જાતિમાં પંચપ્રથા છે. સમગ્ર ગુજરાત અને રાજસ્થાનનું મળી સમગ્ર જાતિ પંચ છે.

જેમાં દરેક જિલ્લાના એક એક પ્રતિનિધિ હોય છે. જયારે વિસ્તારવાર પણ પંચ ખરા જે સ્થાનિક લેવલના પ્રશ્નોનો નીકાલ કરે છે. પંચના બંધારણ પ્રમાણે દરેકે પાલન કરવાનું હોય છે. ઈન્દોરથી પ્રકાશીત સિદ્ધ કારિતા પત્રિકામાં ઓડ જાતિનો દસ વાતો દર્શાવવામાં આવી છે. તેમાં ઓડ જાતિ આદિકાળ (તરાપતી) ધરતીનું મૂળ છે. તેમનો ઈતિહાસ દર્શાવતા ઓડ-રાજપૂત ઓડ-ક્ષત્રિય અથવા ઓડ-ભગીરથ સુધી સીમિત રાખવા તે ઓડ જાતિની મહાનતામાં કમી કરવા બાબત છે તેમ લખે છે. 'ઓડ' શબ્દ એક ગહન મનોવૈજ્ઞાનિક શબ્દથી જોડાયેલો છે અને મહાબહાદુર - ઓડના ઈષ્ટદેવ નરીકાર છે તેની પૂજા કરવી જોઈએ. તે માટે 'ઓડ' મહામંત્ર પણ આપવામાં આવ્યો છે અને ઓડ જાતિએ તેમાં દર્શાવાયેલ દસ વાતો યાદ રાખવા જેવી છે. તેમની અલગ ભાષા પણ ઓડકી દર્શાવવામાં આવી છે. જો કે આ ભાષા હાલ પ્રચલીત નથી.

**તારણો :**

(૧) મૂળે આ જાતિ એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં ધંધા રોજગાર અર્થે સ્થળાંતર કરતી ખાસ કારીગર પ્રકારની જાતિ હતી. તેઓ જે તે સમાજના સ્વિકૃત વ્યક્તિ હતા જે તે સમાજ સાથે ભળી જઈ તેમની સાથેના ધંધાકીય વ્યવહારો ચલાવતા હતા. આમ તેમને અલગ રાખવામાં આવતા તેવું જોવા મળતું નથી.

(૨) તેમની શાખા પ્રશાખાઓ અને ઈતિહાસ જોતાં તેઓ એ રાજપૂતવંશમાંથી ઉતરી આવ્યાની જાણકારી વિવિધ ઉલ્લેખો ઉપરથી જાણી શકાય છે. કાળક્રમે તેમને ભટકતું જીવત જીવવું પડ્યું અને છુપાતા રહેવું પડ્યું તે સમયની તાસીર જ કહી શકાય. ઉડીયા રાજા સાથેનો જે ઉલ્લેખ મળે છે તે રઘુવંશના સગર અને દિલીપ સુધી દોરી જાય છે.

(૩) રાજ્યકાળ વખતે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જતા અને તેમને રાજ્યશ્રય પણ મળતો આવા શ્રમપ્રધાન જૂથો ગમે તે રાજાના રાજ્યમાં પોતાની આવડત અને કલાથી રાજાઓને પ્રાભાવિત કરતાં અને ઈનામો પણ મેળવતા અને તે રાજ્યમાં વસવાટ પણ કરી શકતા તેથી આવા જૂથો વિવિધ ગૃપોમાં જઈ ત્યાં વસવાટ કરતા એટલે આજે તેમનામાં રહેલ વિવિધ જૂથો છે તે જોઈ શકાય છે.

(૪) તેમનામાં રહેલું પછાતપણું એ કોઈ પરંપરાગત નથી પણ સમયની તાસીરના એક ભાગરૂપે છે. તેઓ દરેક હિન્દુ-દેવદેવીઓને માને છે. હિન્દુ રીતરિવાજ પ્રમણેના દરેક વ્યવહાર કરે છે.

(૫) હિન્દુ સમાજ વ્યવસ્થા પ્રમાણે જ્ઞાતિપંચ પ્રમાણિત જાતિ છે. પોતાની જ્ઞાતિમાં પ્રશ્નો કે અવ્યવસ્થા ઊભી ન થાય તે માટે જ્ઞાતિપંચના નિયમો બધાને કડકપણે માનવાના હોય છે. જ્ઞાતિપંચના

બંધારણ પ્રમાણે જ સામાજિક સંબંધો બંધાય છે. સામાજિક વિધિઓ લગ્ન, જન્મ, મરણ વગેરે હિન્દુ વિધિઓ પ્રમાણે જ થાય છે. આમ દરેક પાસાને ધ્યાનમાં લેતાં તેમને આદિવાસી તરીકે ગણી શકાય તેવા કોઈ સબળ લક્ષણો જોઈ શકાતા નથી.

(૬) તેમનામાં જે અટકો જોવા મળે છે તે પણ રાજપૂત શાખા પ્રમાણેની છે જેમ કે પવાર, જાદવ, ભાટી, સોલંકી, રાઠોડ એક વડીલના જણાવ્યા પ્રમાણે શરદ પવાર પણ ઓડ જાતિમાં આવે છે. તેમનામાં જે વિવિધ ૯૦ પ્રકારના ગોત્રો છે તે કોઈ પણ આદિવાસી જાતિ સાથે મળતા આવતા નથી સાથે સાથે કુળદેવીની અલગ પહેચાન પણ મળી શકી નથી. પણ હમણાં સમગ્ર ભારતભરના ઓડ જાતિ સંગઠન દ્વારા ઓડ જાતિનો જે ઈતિહાસ દર્શાવાય છે તેમાં તેઓ નિરાકાર બ્રમ માને છે અને તેમના સિદ્ધકારિતા મંત્રમાં તે વાત દર્શાવવામાં આવી છે અને નરીકાર સ્થાનનો ફોટો પણ દર્શાવવામાં આવ્યો છે. જેમાં નીચેથી પગથિયા ચડતા બતાવ્યા છે અને ઉપર જતાં શિખરબંધ આકાર છે. સૌથી ઉપર ધ્વજ ડંડ દર્શાવવામાં આવ્યો છે. આ મંત્રનો જાપ પણ એકાન્ત જગ્યાએ કરવાનું સૂચવ્યું છે.

**ઉપસંહાર :**

ઓડ જાતિના અભ્યાસ દ્વારા જોયું કે વિચરતી જાતિમાંથી સ્થાઈ થવાના પ્રયત્નો કરી રહેલી આ એવી જાતિ છે કે જેની પાસે સ્થાઈ કોઈ વ્યવસાય નથી. જે કંઈ વ્યવસાય છે તેપરંપરાગત મજૂરી આધારિત છે. વ્યવસાય સ્થાઈ નથી તેવા કુટુંબોને ઘણા બધા પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છે. વળી પરંપરાગત જીવન પદ્ધતિ, જાતિપંચોની પક્કડ, શિક્ષણનું પ્રમાણ નહીંવત આવા નાના ગૃપોવાળી જાતિઓના વિકાસ માટે સુયોગ્ય આયોજન દ્વારા ધ્યાન આપવું આવશ્યક થઈ પડે તેમ છે. આમ કરવામાં નહી આવે તો આવી પ્રજા ગરીબને ગરીબ જ રહેવાની અને ગરીબી શું ના કરાવે તે વિચારવા જેવા મુદા છે. અહેવાલમાં તે માટેના સુઝાવો પણ દર્શાવવામાં આવ્યા છે.